
Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

# મંગલ વધાઈ




કુંદકુંદપ્રભુ આશીષ આપે દેવો પુષ્પો વધાવે,
ઘનનન નાદે ઘંટ ગજાવી મંગલ ભેરી બજાવે...
જન્મવધાઈ સૂણતાં જાગે ભક્તો સૌ ભારતના,
હર્ષભર્યા હૈયાંથી બોલે ચિરંજીવો ગુરુદેવા... રે...


૨ ૫ ૯

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વૈશાખ સુદ બીજ

# મીઠાં લાગે છે ગુરુ–જન્મનાં વધામણાં



( વૈશાખ સુદ ૨, વીર સં. ૨૪૯૧ : ૭૬મો મંગલ જન્મોત્સવ )

હે ગુરુદેવ ! આજના મંગલ દિનના મંગલ પ્રભાતે લાખલાખ અભિનંદનપૂર્વક ભારતના ભક્તો આપને વંદન કરે છે. મુમુક્ષુઓના જીવનમાં આપનો પરમ ઉપકાર છે. જૈનજગતના આપ તેજસ્વી ભાનુ છો... જ્ઞાનકિરણોના પ્રકાશ વડે આપ મોક્ષમાર્ગને પ્રકાશિત કરી રહ્યા છો... જે માર્ગને જાણતાં અને આરાધતાં આત્મા ભવબંધનથી છૂટે ને મોક્ષસુખને પ્રાપ્ત કરે. – આવા માર્ગપ્રકાશક આપ જયવંત વર્તો.

# आत्मधर्म

વર્ષ ૨૨: અંક ૭: તંત્રી, જગજીવન બાઉચંદ દોશી: વૈશાખ, ૨૪૯૧: MAY 1965.

## * આનંદ -ઉર્મિના સાથિયા ને હર્ષાનંદના દીવડા *

અસલી સ્વરૂપનું જ્ઞાન આપનાર અપૂર્વ મહિમાના ધારક શ્રી ગુરુદેવના ચરણકમળની સેવા–ભક્તિ નિરંતર હૃદયમાં વસી રહો. આપે આ ભરતખંડમાં અવતાર લઈને અનેક જીવોને ઉગાર્યા છે, સમ્યક્ પંથે દોર્યા છે.

આપનું અદ્‌ભુત શ્રુતજ્ઞાન ચૈતન્યનો ચમત્કાર બતાવે છે. ચૈતન્યની વિભૂતિ બતાવે છે, ચૈતન્યમય જીવન બનાવે છે. આપના આત્મ–દ્રવ્યમાં શ્રુતસાગરની લહેરો ઊછળી રહી છે. આત્મ પર્યાયોમાં ઝગમગતા જ્ઞાનદીવડા પ્રગટી રહ્યા છે–જે આત્મદ્રવ્યને પ્રકાશી રહ્યા છે. આપનું આત્મદ્રવ્ય આશ્ચર્ય ઉપજાવે છે.

હે ગુરુદેવ! આપના મુખકમળમાંથી ઝરતી વાણીની શી વાત! તે એવી અનુપમ–રસભરી છે કે તે દિવ્ય અમૃતનું પાન કરતાં તૃપ્તિ થતી નથી. આપની સૂક્ષ્મ વાણી, ચમત્કાર ભરેલી વાણી ભવનો અંત લાવનારી છે, ચૈતન્યને ચૈતન્યના જ્ઞાન–મહિમામાં ડુબાડનારી છે. આપનાં કાર્યો અજોડ છે.

પંચપરમેષ્ઠી ભગવંતોને ઓળખાવનાર હે ગુરુદેવ! આપ જિનેન્દ્રદેવના પરમ ભક્ત છો, પંચ પરમેષ્ઠીના પરમ ભક્ત છો,

શ્રુતદેવી માતા આપના હૃદયમાં કોતરાઈ ગયાં છે. જિનેન્દ્રભગવંતો અને મુનિવરભગવંતોના દર્શન અને સ્મરણથી આપનું અંતઃકરણ ઉભરાઈ જાય છે.

હે ગુરુદેવ! આપે સમ્યક્ રત્નત્રયનો માર્ગ સ્વયં આરાધીને બીજાને તે માર્ગ ચારે બાજુથી સ્પષ્ટ કરીને બતાવ્યો છે. આપ નીડર નિર્ભય પરાક્રમધારી છો. વીરમાર્ગને પોતે સ્વયં નિઃશંકપણે પ્રકાશ્યો છે.

આત્મઅનુભવ વડે જ રત્નત્રયની પ્રાપ્તિ થાય અને તેનાથી જ મુક્તિની પ્રાપ્તિ થાય એવું અસલી મૂળભૂત સ્વરૂપ સમજાવીને, આપે જગત ઉપર ભારે ઉપકાર કર્યો છે.

આપ શ્રી જિનેન્દ્રદેવના પરમ ભક્ત છો. શ્રી જિનેન્દ્રદેવને આપે અંતરમાં વસાવ્યા છે. આપ શ્રી જિનેન્દ્રદેવની કૃપાના મહા પાત્ર છો.

નિતનિત આનંદમંગળની વૃદ્ધિના કારણભૂત મંગળમૂર્તિ
ગુરુદેવનો પુનિત પ્રતાપ જયવંત હો! ગુરુદેવના
પ્રભાવ અને ચૈતન્યઋદ્ધિની વૃદ્ધિ હો. માંગલિક
જન્મ-મહોત્સવ પ્રસંગે શ્રી ગુરુદેવને ભક્તિ
પુષ્પોથી વધાવીએ છીએ, આનંદ-
ઊર્મિના સાથિયા પૂરીએ છીએ
અને હર્ષાનંદના દીવડા
પ્રગટાવીએ છીએ.

卐 卐 卐

卐

卐




હે પંચપરમેષ્ઠી ભગવંતો! મારા આંગણે પધારો......મારા અંતરમાં બિરાજો....
મુક્તિમહોત્સવના મંગલ પ્રસંગે પરમ બહુમાનપૂર્વક આપશ્રીને મારા આત્મામાં
સ્થાપું છું.......આપને આત્મામાં સ્થાપીને આપના માર્ગે આવું છું.



પંચપરમેષ્ઠીના પરમભક્ત શ્રી કાનજીસ્વામી,
ભક્તિભાવપૂર્વક પંચપરમેષ્ઠીને વંદન–સ્તુતિ કરે છે.

## 卐 વીંછીયાના વડલાનીચે 卐



"મને લાગે સંસાર અસાર....એ રે
સંસારમાં નહીં જાઉં...નહીં જાઉં.....નહીં જાઉં રે.......
મને લાગે ચૈતન્યપદ સાર.....એ રે
ચૈતન્યમાં રમી જાઉં.....રમી જાઉં...રમી જાઉં રે.....

સં.૧૯૭૮ના વૈશાખ વદ ૮ના રોજ રાતના નવ
વાગતા વીંછીઆ મુકામે જુના ઉપાશ્રયમાં
આત્મા અર્થી મહાપુરૂષ કાનજી સ્વામી જેને તીર્થંકરો
ની આગમ ધ્વનીનો નાદ સમયસાર ગ્રંથના વાચણા
કરતા થયો હતો

( ગુરુદેવના વડીલ બંધુ શ્રી ખુશાલભાઈએ ૪૦ વર્ષ પહેલાં લખેલી
એક આનંદકારી નોંધઃ તેમના જ હસ્તાક્ષરમાં )

# ગુરુદેવના ૭૬માં જન્મોત્સવ પ્રસંગે સમર્પિત ૭૬ પુષ્પોની

સંપાદક:




બ્ર. હરિલાલ જૈન

૧. જે સંતગુરુએ આત્માનું સ્વરૂપ સમજાવીને ભવભ્રમણના દુઃખોથી છોડાવ્યા તે સંતગુરુને નમસ્કાર હો.

*

૨. આત્મસ્વરૂપ અંતરની વસ્તુ છે તેને જાણ્યા ને અનુભવ્યા વગર જગતના બધા જીવો દુઃખી છે.

*

૩. સુખ આત્માના સ્વાનુભવમાં છે; સ્વાનુભવ એ જ દુઃખ ટાળવાનો ને સુખ પ્રગટ કરવાનો માર્ગ છે.

*

૪. ધર્મીને શુભ–અશુભ વખતેય સમ્યક્ત્વની ધારા અત્રૂટપણે એવી ને એવી વર્તે છે.

*

૫. સ્વાનુભવમાં જે આનંદનો સ્વાદ ચાખ્યો છે તેમાં ફરી ફરીને ઉપયોગ જોડવાની ભાવના ધર્મીને વર્તે છે.

*

૬. સ્વાનુભવમાં ઉપયોગ વખતે નિર્વિકલ્પદશામાં અતીન્દ્રિયઆનંદનું જે વિશિષ્ટ વેદન છે તેવું સવિકલ્પદશામાં નથી હોતું.

*

૭. ધર્મી જીવને રાગરૂપ પરિણમન હોવા છતાં તેનું સમ્યક્ત્વ કાંઈ રાગરૂપ થઈ જતું નથી, તે તો રાગથી જાુદું જ રહે છે.

*

૮. અહા, ધન્ય છે તે સાધર્મીઓને કે જેઓ પ્રેમથી સ્વાનુભવની ચર્ચા કરે છે.

*

૯. પ્રસન્ન થઈને આત્માની પ્રીતિપૂર્વક તેના સ્વાનુભવની વાત ઉત્સાહથી સાંભળે તે પણ મહા ભાગ્યશાળી છે.

*

૧૦. મોક્ષમાર્ગનું પહેલું રત્ન સમ્યગ્દર્શન છે, તેના વડે જ મોક્ષમાર્ગનું ઉદ્ઘાટન થાય છે.

*

૧૧. સ્વપરના યથાર્થ ભેદજ્ઞાનપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન કરીને સ્વાનુભવ સહિત શુદ્ધાત્મશ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.

*

૧૨. જેમ સૂર્યના પ્રકાશમાં અંધકાર રહેતો નથી તેમ ચૈતન્યસૂર્યના સ્વાનુભવપ્રકાશમાં અજ્ઞાનના અંધારા રહેતા નથી.

*

૧૩. અપૂર્વ અંતરપ્રયત્નવડે જેણે નિજસ્વરૂપને સાધ્યું છે એવા સમ્યગ્દ્રષ્ટિની અંતરદશાની ઓળખાણ પણ જગતને દુર્લભ છે.

*

૧૪. આત્માસંબંધી જ્ઞાનમાં જ્યાં ભૂલ નથી ત્યાં બહારના જાણપણાની ભૂલ મોક્ષમાર્ગ સાધવામાં નડતી નથી.

*

૧૫. શુદ્ધાત્મારૂપ પ્રયોજન વગરનું બધુંય જાણપણું થોથાં છે, કેમકે તેના વડે મોક્ષમાર્ગ સધાતો નથી.

*

૧૬. સમ્યગ્જ્ઞાન તેને કહેવાય કે જે નિજસ્વરૂપને સાધે; નિજસ્વરૂપને ન સાધે તે અજ્ઞાન.

*

૧૭. સમ્યગ્જ્ઞાનનો અચિંત્ય મહિમા છે; તે જ્ઞાનના રસિલા જીવો હંમેશા વિરલા જ હોય છે.

*

૧૮. નિર્વિકલ્પ અનુભવ વર્તતો હોય ત્યારે જ સમ્યગ્દ્રષ્ટિ કહેવાય, ને સવિકલ્પ વખતે ન કહેવાય–એવા નિયમ નથી.

*

૧૯. એવો નિયમ છે કે સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળે તો નિર્વિકલ્પ–અનુભૂતિ હોય જ.

*

૨૦. સમ્યગ્દર્શન તે ઉપયોગ નથી, સમ્યગ્દર્શન તે તો આત્મપ્રતીતિ છે.

*

૨૧. બહારમાં ઉપયોગ વખતે પણ ધર્મીને શુદ્ધાત્મશ્રદ્ધાન એવું ને એવું વર્તતું હોય છે.

*

૨૨. સમકિતી–મહાત્માની સ્થિતિ એવી અલૌકિક છે કે રાગ વખતેય રાગથી પાર એવી દશા તેમને વર્તી રહી છે.

*

૨૩. શુભભાવ વખતે સમ્યક્ત્વ હોય છે પણ શુભભાવવડે સમ્યક્ત્વ થતું નથી.

*

૨૪. શુભ વખતે જેને શુભથી રહિત એવા શુદ્ધાત્માની પ્રતીત વર્તે છે તે જ સમ્યગ્દ્રષ્ટિ છે.

*

૨૫. ધર્માત્માની અંતરની ગુણદશાને જે ઓળખે છે તેને પોતામાં સ્વભાવ ને પરભાવના ભેદવિચારની સ્ફૂરણા જાગે છે.

*

૨૬. પોતાના દેવ–ગુરુ–ધર્મની ભક્તિ–પ્રભાવનાના પ્રસંગમાં ધર્મી ઉલ્લસી જાય, તેમાં લોભ કરે નહિ, પાછી પાની કરે નહિ.

*

૨૭. ધર્મીના ઉપયોગનું અનુસંધાન નિજસ્વરૂપ ઉપર છે, નિજસ્વરૂપના નિશાનને તે ચૂકતા નથી.

*

૨૮. સ્વરૂપના ચિંતનમાં આનંદતરંગ ઉલ્લસે છે, રોમાંચ થાય છે ને પછી તુરત જ વિકલ્પ તૂટીને સ્વાનુભવ થાય છે.

*

૨૯. નિર્વિકલ્પતાના કાળે સ્વાનુભવના પરમ આનંદનો ભોગવટો હોય છે પણ તેનો વિકલ્પ નથી.

*

૩૦. સ્વરૂપના તીવ્ર રસથી વારંવાર તેના ચિંતનમાં ઉપયોગ જોડવો તે સ્વાનુભવનો પ્રયત્ન છે.

૩૧. આત્મસ્વરૂપના નિર્ણયમાં જ જેની ભૂલ હોય તેને તેનું ખરૂં ચિંતન કે સ્વાનુભવ થાય નહિ.

*

૩૨. જેનું ધ્યાન કરવાનું છે તેને પ્રથમ બરાબર ઓળખવું જોઈએ; ઓળખ્યા વગર ધ્યાન કોનું ?

*

૩૩. અહા, નિરાલંબી ચૈતન્યવસ્તુ ! એનું માહાત્મ્ય આવ્યા વગર એ જાગે એવી નથી.

*

૩૪. નિજસ્વરૂપમાં અચિંત્ય મહિમા કરતાં બીજે ક્યાંય વધુ મહિમા હોય તેનો ઉપયોગ સ્વરૂપમાં લાગે નહિ.

*

૩૫. સહજ શુદ્ધાત્માની જેટલી અનુભૂતિ તેટલો જ હું, મારા સ્વસંવેદનમાં આવું છું, એ જ હું,– આત્મ ધર્મી અનુભવે છે.

*

૩૬. ચૈતન્યની અનુભૂતિનો ઉત્કૃષ્ટ રસ જ્યાં ઘૂંટાય ત્યાં વિકલ્પ તૂટે ને આનંદતરંગ ઉલ્લસે.

*

૩૭. ધર્મીને પરભાવો અનુભવથી બહાર રહી ગયા, ને નિર્મળ પર્યાય અનુભૂતિમાં ભેગી ભળી ગઈ.

*

૩૮. અહા, આ અનુભૂતિ ! !–જેના ફળમાં સંસારદુઃખનો નાશ, ને અપૂર્વ સિદ્ધસુખની પ્રાપ્તિ,–એના મહિમાની શી વાત !

*

૩૯. પરમ વીતરાગ જૈનધર્મના અનાદિ પ્રવાહમાં તીર્થંકરો અને સંતોએ આત્મહિતના હેતુભૂત અધ્યાત્મનો પ્રવાહ વહેતો રાખ્યો છે.

*

૪૦ .તીર્થંકરો અને સન્તોનો એ અધ્યાત્મસન્દેશ ઝીલીને અનેક મુમુક્ષુ જીવો પાવન થાય છે.

*

૪૧. વીતરાગી અધ્યાત્મરસના પાનથી સંસારના સંતપ્ત જીવો પરમ તૃપ્તિ અનુભવે છે.

*

૪૨. અહા! તીર્થંકરો અને મુનિઓનું જીવના તો સ્વાનુભવવડે અધ્યાત્મરસમાં ઓતપ્રોત બનેલું છે–એમની શી વાત!

*

૪૩. જૈનશાસનમાં અનેક શ્રાવકો પણ એવા ધર્મી પાકયા છે કે જેમનું અધ્યાત્મજીવન અનેક જિજ્ઞાસુઓને અધ્યાત્મની પ્રેરણા જગાડે છે.

*

૪૪. સમ્યક્ત્વની અને નિર્વિકલ્પ સ્વાનુભવની આત્મસ્પર્શી ચર્ચાઓ પણ સમ્યક્ત્વપિપાસુને અત્યંત અહ્લાદકારી છે.

*

૪૫. સ્વાનુભવી સંતની અદ્ભુત–અચિંત્ય પરિણતિનું ચિંતન કરતાં પરિણામમાં સ્વાનુભવનો ઉલ્લાસ જાગે છે.

*

૪૬. ભાઈ, સંતોએ પોતે આત્મામાં જે કર્યું તે જ તને બતાવે છે.

*

૪૭. અહા, આત્માના સ્વાનુભવથી મોક્ષને સાધવાનો આવો અવસર તને હાથમાં આવ્યો છે.....માટે હે જીવ! તું જાગ.

*

૪૮. सन्तोंके प्रतापसे सब अवसर आ चूका है....હવે શુભથી આગળ જઈને શુદ્ધતાની અપૂર્વ ધારા ઉલ્લસાવ.

*

૪૯. મોક્ષમાર્ગ શુદ્ધ આત્માને આશ્રિત છે, તેના વિના મોક્ષ સાધી શકતો નથી.

*

૫૦. વસ્તુ પોતાની સહજ શક્તિથી કાર્યરૂપ પરિણમે છે,–એમ જાણીને સ્વાશ્રય કરતાં મોક્ષમાર્ગ પ્રગટે છે.

*

૫૧. દરેક વસ્તુના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં જ તેની મર્યાદા છે; બીજાના દ્રવ્ય–ગુણ–પર્યાય તેની મર્યાદાથી બહાર છે.

*

૫૨. વસ્તુસ્વરૂપની વ્યવસ્થા જાણીને સંતોએ પોતાના શુદ્ધસ્વરૂપમાં મતિને વ્યવસ્થિત કરી છે.

૫૩. સ્વાનુભવ વડે સંતોએ મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે, અને તે માર્ગ સાધવાનું કાર્ય કરાય છે.

*

૫૪. ઊંધા ભાવથી તારા આત્માને સંસારમાં ડુબાડનાર શત્રુ પણ તું, ને સવળા ભાવથી તારા આત્માને તારનારો મિત્ર પણ તું.

*

૫૫. શ્રી વીરનાથની વાણીના પ્રવાહનો, તેમજ સીમંધરનાથની દિવ્ય વાણીનો પણ, આ ભરતક્ષેત્રના સંતો ઉપર મહાન ઉપકાર છે.

*

૫૬. વસ્તુસ્વરૂપની જે સ્વાધીનતા છે તે જ સર્વજ્ઞદેવે જાણીને પ્રસિદ્ધ કરી છે, તે જ સંતોએ સમજાવી છે.

*

૫૭. સ્વાધીન વસ્તુસ્વરૂપની અચલિત મર્યાદાને તોડવી અશક્ય છે, એ વસ્તુસ્વરૂપને જાણે તેને શાબાશી!

*

૫૮. સ્વાધીન પરિણમનની વાત જેને બેઠી તેનું પરિણમન અંતર્લક્ષ તરફ વળ્યું ને સ્વાશ્રયે અપૂર્વ મોક્ષમાર્ગ પ્રગટયો.

*

૫૯. પોતાની સ્વતંત્રતા પણ જેને ન ગમે તેની તો શી વાત!! સ્વાશ્રય વડે ભવબંધ તોડે તેની બલિહારી છે.

*

૬૦. ભાઈ, પરાધીનતાના ભાવમાં તો તેં અનંતકાળ દુઃખમાં ગુમાવ્યો, સ્વાધીનતાને તો એકવાર જો....એક ક્ષણ તો સ્વાધીનતાની હવા લે.

*

૬૧. નિજસ્વરૂપનો મહિમા જાણ્યા વગર જીવનો ઉપયોગ જ્યાં ત્યાં ભમ્યા કરે છે; તે ભ્રમણ ટાળવાની ને સ્વરૂપમાં ઉપયોગ સ્થિર થવાની રીત સન્તો બતાવે છે.

*

૬૨. પર નિમિત્તને સ્વમાં અકિંચિત્કર માનીને સ્વતત્ત્વનો આશ્રય કરવો તેમાં જ નિમિત્તનો નિમિત્ત તરીકે સાચો સ્વીકાર છે.

*

૬૩. નિમિત્તને અકિંચિત્કર ન માનતાં, તેને ઉપાદાનમાં કિંચિત્ પણ કાર્યકારી માને તેણે ખરેખર નિમિત્તને માન્યું નથી.

*

૬૪. કુગુરુઓને મુનિ તરીકે ન માનીએ ત્યાં કોઈ કહે કે તમે મુનિને માનતા નથી,–તો તેની વાત ખોટી છે.

*

૬૫. મુનિનું શુદ્ધનિર્ગ્રંથ રત્નત્રયમય સ્વરૂપ જેમ છે તેમ જાણવું, ને તેથી વિરુદ્ધ હોય તેને મુનિ ન માનવા–તે જ મુનિની સાચી માન્યતા છે.

*

૬૬. સાચા મુનિનું સ્વરૂપ જે જાણતો નથી અને કુલિંગીને પણ મુનિ તરીકે જે આદરે છે તે ખરેખર મુનિને માનતો નથી.

*

૬૭. જીવ જ્યારે સ્વાનુભવવડે ગ્રંથિભેદ કરે ત્યારે સમ્યગ્જ્ઞાનની કણિકા જાગે ને ત્યારે મોક્ષમાર્ગ શરૂ થાય.

*

૬૮. હે જીવ! તત્ત્વ વિચારની શક્તિ તને મળી છે તો હવે સ્વાનુભવના ઉદ્યમ વડે મોક્ષમાર્ગને સાધ.

*

૬૯. તારા આત્માના આશ્રયે જ તારો મોક્ષમાર્ગ છે; તું એકલો એકલો તારામાં ને તારામાં તારો મોક્ષમાર્ગ સાધી શકે છે.

*

૭૦. હે જીવ! ચૈતન્યની સંભાળ કરીને તું તારા પરિણામ સુધાર ત્યાં સામે કર્મનું જોર તૂટી જ જશે.

*

૭૧. જીવના પરિણામઅનુસાર જ જગતમાં સહજ પરિણમન હોય છે; આત્માને સાધવા જે જાગ્યો તેને માટે આખું જગત અનુકૂળ જ છે.

*

૭૨. રાગને મોક્ષમાર્ગ માનીને જે અટકી જાય છે, ને આગળની શુદ્ધ–ભૂમિકાનું જેને લક્ષ નથી તેને માર્ગાનુસારી કહેતા નથી.

૭૩. જેણે સમ્યગ્દર્શન કર્યું તેણે પોતાની પર્યાયમાં કેવળજ્ઞાનના ને વીતરાગતાના આંબા રોપ્યા....શાખા ફૂટી....અલ્પકાળમાં ફળ પાકશે.

*

૭૪. હે જીવ ! તું આટલે સુધી આવ્યો.....હવે સમ્યગ્દર્શન પ્રગટ કરીને મોક્ષમાર્ગી થા.


*


૭૫. હે જિનેન્દ્રદેવ ! આપે જાણેલી ને કહેલી વસ્તુવ્યવસ્થા અમારા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનું કારણ છે; તેથી આપ પૂજ્ય છો.

*

૭૬. હે ગુરુદેવ ! જિનમાર્ગનું સ્વરૂપ સાધીને અને પ્રકાશિત કરીને આપે અમને ભવબંધનથી છોડાવીને મોક્ષપુરીના પંથે જોડયાં છે, તે આપનો અપાર ઉપકાર છે.....આપનો અવતાર ધન્ય છે....આપની જયંતીના આ મંગલ પ્રસંગે અત્યંત ભક્તિભાવથી આ પુષ્પમાળા સમર્પણ કરીને આપને નમસ્કાર કરીએ છીએ.

*






સોનગઢના માનસ્તંભ–પ્રતિષ્ઠા
પ્રસંગનું ભવ્ય દૃશ્ય



સોનગઢનાં માનસ્તંભના
સ્વસ્તિકવાળા સૌથી મોટા
પાષાણનું ગુરુદેવ અવલોકન
કરી રહ્યા છે.



ઉજંબા ઝુલાવે કુંવર કહાનને રે, ઉજંબા કહે છે કુંવર કહાનને રે....
કુંવર કહાનને રે મોતી–નંદને રે, ઉજંબા ઝુલાવે....કુંવર કહાનને રે...
મારા હૈયાના હાર હે કાનુડા રે, તું શોભાવજે કૂંખ મુજ...ઉજંબા ઝુલાવે.
તું થાજે શાસનનો હીરલો રે, તું ફૂંકજે અધ્યાત્મના શંખ.....ઉજંબા કહે છે.
તારી મુદ્રા પર તેજ દેખું આત્મના રે, મારા હૃદયમાં હર્ષ ઉભરાય....ઉજંબા ઝુલાવે.
બચપણે ઝૂલો હીર–દોરિયો રે, પછી ઝૂલજો અધ્યાત્મરસ માંય....ઉજંબા ઝુલાવે.
હે કાનુ ! અવતાર તારો સફળ છે રે, ધન્ય થયા છે અમ કૂળ ગ્રામ...ઉજંબા ઝુલાવે.
ધર્મવૃદ્ધિ કરજે તું દેશમાં રે, થાશે સત્યના જયજયકાર....ઉજંબા કહે છે.
‘ચિરાયુ થજો ને આત્મવૃદ્ધિ હજો,’ આપે આપે આશીષ એ માત....ઉજંબા ઝુલાવે.



# જ્ઞા ન નો વિ શ્વા સ

*

**( મુંઝવણથી છૂટવા શું કરવું ? -જ્ઞાનનો વિશ્વાસ )**

એક ભાઈ પ્રતિકૂળતાથી મુંઝાઈને કહે કે સાહેબ, આ પ્રતિકૂળતા આવી તેનાથી મુંઝવણ થાય છે. આ મુંઝવણથી છૂટવા શું કરવું ?

ગુરુદેવ કહેઃ ભાઈ, જ્ઞાનનો વિશ્વાસ રાખવો. જ્ઞાન તો જાણે કે જ્ઞાન તે ખેદ કરે ?

આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેનો વિશ્વાસ કરવો કે હું તો જ્ઞાન છું; જ્ઞાનમાં

પ્રતિકૂળતા કેવી ? ને જ્ઞાનમાં ખેદ કેવો ? જ્ઞાનમાં તો જાણપણું હોય, આવા જ્ઞાનનો વિશ્વાસ રાખે તેને પ્રતિકૂળતામાંય મુંઝવણ થાય નહીં; કેમકે પ્રતિકૂળતા જ્ઞાનમાં પ્રવેશતી નથી, એ તો જ્ઞાનથી બહાર જ રહે છે. જ્ઞાનમાં ભવદુઃખને પણ મટાડવાની તાકાત છે. ત્યાં બીજા રોગની શી વાત ?

રોગ આવ્યો, તો શું તે જ્ઞાનમાં પ્રવેશી ગયો છે ?–ના; તે બહાર રહીને જ્ઞાનમાં જણાય છે; માટે પ્રતિકૂળતા જ્ઞાનમાં નથી. આવા જ્ઞાનનો વિશ્વાસ રાખવો; તે જ્ઞાન સ્વયં સમાધાનરૂપ–સુખરૂપ છે.

જ્ઞાનમાં પ્રતિકૂળતા ને દુઃખ નથી.

જ્ઞાનમાં સમાધાન ને શાંતિ છે.

આવા જ્ઞાનની ભાવના તે જ મુંઝવણ ટાળવાનો માર્ગ છે.

卐

આવી 'જ્ઞાનભાવના' બાબત અગાઉ આત્મધર્મ અંક ૨૫૫માં આવ્યું હતુંઃ

"જ્યારે સંસારમાં હજારો પ્રકારની પ્રતિકૂળતા ક્યારેક એક સામટી આવી પડે, ક્યાંય ઉપાય ન સૂઝે, તે પ્રસંગે માર્ગ શું ?

એક જ માર્ગ.............. **'જ્ઞાનભાવના'**

'જ્ઞાનભાવના' ક્ષણમાત્રમાં બધી મુંઝવણને ખંખેરી નાખીને હિતમાર્ગ સુઝાડે છે, ને કોઈ અલૌકિક ધૈર્ય તથા અચિંત્ય તાકાત આપે છે."

**જ્ઞાનભાવના એ સર્વ દુઃખોની પરમ ઔષધિ છે.**

# વક્તા અને શ્રોતાની ચૌભંગી

**જગતમાં વક્તા અને શ્રોતાનો યોગ કેવા કેવા પ્રકારનો હોય છે, અને તેમાં બંનેની કેવી સ્વતંત્રતા છે! તે આ ચૌભંગી ઉપરથી ખ્યાલમાં આવશે. ચાર ભંગ જાણીને તેમાં સૌથી ઉત્તમ જે ચોથો પ્રકાર તેમાં શુદ્ધઉપાદાનવડે પોતે ભળી જવું.**

卐

## ( ૧ ) બંને અજ્ઞાની

કોઈવાર વક્તા અને શ્રોતા બંને અજ્ઞાની હોય, ત્યાં નિમિત્ત–ઉપાદાન બંને અશુદ્ધ છે. જ્યાં અજ્ઞાનીનો વિપરીત ઉપદેશ ચાલતો હોય છતાં જેને તે રુચે તે શ્રોતા પણ અશુદ્ધ ઉપાદાનવાળો છે; શુદ્ધઉપાદાનવાળા જીવને એવો વિપરીત ઉપદેશ રુચે નહિ. શ્રોતા થઈને તે એવો ઉપદેશ સ્વીકારે નહિ. અજ્ઞાની વક્તાએ ખોટો ઉપદેશ આપ્યો માટે શ્રોતાને ખોટું જ્ઞાન થયું–એમ નથી. શ્રોતાનું ઉપાદાન એવું અશુદ્ધ હતું તેથી તેને એવો ઉપદેશ બેઠો. નિમિત્ત ને ઉપાદાન બંને સ્વતંત્ર, અસહાયી છે, કોઈ કોઈને આધીન નથી–એ સિદ્ધાંત પહેલેથી કહેતા આવ્યા છીએ તે સર્વત્ર લાગુ પાડવો. કોઈવાર અજ્ઞાની શાસ્ત્રઅનુસાર પણ ઉપદેશ આપતો હોય ને અજ્ઞાની સાંભળતો હોય, પણ સ્વાનુભવનું ખરું રહસ્ય તેમાં આવે નહિ, ને મોક્ષમાર્ગનો પ્રસંગ ત્યાં બને નહિ; કેમકે ઉપાદાન અને નિમિત્ત બંને અશુદ્ધ છે, બંને અજ્ઞાની છે.

## ( ૨ ) એક અજ્ઞાની, બીજો જ્ઞાની

હવે કોઈવાર એવું પણ બને કે વક્તા તો અજ્ઞાની હોય ને શ્રોતા જ્ઞાની હોય, ત્યાં નિમિત્ત અશુદ્ધ છે ને ઉપાદાન શુદ્ધ છે. જુઓ, નિમિત્ત અશુદ્ધ છે પણ તે કાંઈ ઉપાદાનને અશુદ્ધતા નથી કરતું. બંને સ્વતંત્રપણે પોતપોતાના ભાવમાં પરિણમતા હોય, જ્ઞાની કાંઈ જ્યાં ત્યાં અજ્ઞાનીના ઉપદેશ સાંભળવા જાય નહિ; પણ કોઈ મુનિ વગેરે હોય; બહારનો વ્યવહાર ચોખ્ખો હોય ને શાસ્ત્રઅનુસાર પ્રરુપણા કરતા હોય, અંદર કોઈ સૂક્ષ્મ મિથ્યાત્વનો પ્રકાર તેમને રહી ગયો હોય, કદાચ બીજાને તેનો ખ્યાલ ન પણ આવે; ને જ્ઞાની તે મુનિની સભામાં બેસીને સાંભળતા હોય, વંદનાદિ વ્યવહાર પણ કરતા હોય; ત્યાં વક્તા

અજ્ઞાની છે ને શ્રોતા જ્ઞાની છે. શાસ્ત્ર અનુસાર શુદ્ધાત્માના અનુભવ વગેરેનું કથન કરતાં હોય પણ પોતાને તેવો સ્વાનુભવ ન હોય, ને શ્રોતામાં કોઈ જ્ઞાની હોય તેને એવો સ્વાનુભવ થઈ ગયો હોય, શાસ્ત્રઅનુસાર પ્રરુપણા હોય તે જ્ઞાની સાંભળે, પણ શાસ્ત્રવિરુદ્ધ પ્રરુપણા હોય તે જ્ઞાની શ્રોતાપણે સાંભળે નહિ, તેનો નકાર કરે, રાગને જે મોક્ષમાર્ગ મનાવે, પરાશ્રયે ધર્મ મનાવે, આત્માનું પરમાં કર્તત્વ મનાવે, દેહની જડક્રિયાથી ધર્મ મનાવે–એવી સીધેસીધી વિપરીત પ્રરૂપણા કોઈ અજ્ઞાની કરતા હોય ને તે સાંભળવાનો કદાચ પ્રસંગ આવી જાય, તો જ્ઞાનીશ્રોતા તે વાત સ્વીકારે નહિ. આમાં ઉપાદાન શુદ્ધ છે ને નિમિત્ત અશુદ્ધ છે.

અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે જે શ્રોતા જ્ઞાની છે તે શ્રોતાને ધર્મ પામતી વખતે કોઈ જ્ઞાની બીજા પાસેથી દેશનાલબ્ધિ થઈ ગયેલી છે, એટલે જેમની પાસેથી દેશનાલબ્ધિ થઈ છે તે જ ધર્મનું નિમિત્ત છે. અજ્ઞાનીના ઉપદેશથી કોઈ જીવ દેશના લબ્ધિ પામી જાય એમ બનતું નથી. ધર્મ પામનારે એકવાર તો જ્ઞાની પાસેથી દેશના સાંભળી જ હોય–એવી અનાદિ પરંપરા છે. હા, એમ બને કે અજ્ઞાનીનો ઉપદેશ સાંભળતી વખતે પૂર્વે થયેલી દેશનાલબ્ધિના સંસ્કાર તાજા થઈ જાય ને તેના બળે જીવ ધર્મ પામે; ત્યાં તે ઉપાદાનની શુદ્ધતાના બળે જ ધર્મ પામે છે. આ રીતે ઉપાદાન શુદ્ધ ને નિમિત્ત અશુદ્ધ એવો પ્રકાર પણ કોઈવાર હોય છે.

આથી કોઈ એમ કહે કે નિમિત્ત ભલે ગમે તેવું હોય આપણે શું વાંધો છે? ગમે તેની પાસેથી સાંભળવું છે ને! માટે ગમે તેવા અજ્ઞાની–કુગુરુ–અન્યમતિનો પણ ઉપદેશ સાંભળવામાં વાંધો નથી,–તો તેની વાત સાચી નથી; તે મોટી ભ્રમણામાં છે. ભાઈ! તને એવા ખોટા તત્ત્વના શ્રવણનો ભાવ કેમ આવ્યો? કુસંગનો ભાવ તને કેમ ગોઠે છે?–માટે તારું ઉપાદાન પણ અશુદ્ધ છે. જેવા તારા વક્તા તેવો તું.–બંને સરખા; એટલે તારો કલાસ આ બીજા નંબરમાં ન આવે, પણ તારો કલાસ તો જે પહેલો નંબર કહ્યો તેમાં આવે.

## (૩) એક જ્ઞાની, બીજો અજ્ઞાની

વક્તા જ્ઞાની હોય ને શ્રોતા અજ્ઞાની હોય, ત્યાં નિમિત્ત શુદ્ધ, ને ઉપાદાન અશુદ્ધ છે; આ ત્રીજો પ્રકાર તો સામાન્યપણે જોવામાં આવે જ છે. તીર્થંકર ભગવાનની સભામાં તો

ઘણાય જીવો શ્રોતા હોય છે, પણ તે બધાય કાંઈ સમ્યગ્દર્શન પામી જતા નથી. તેથી ભૈયા ભગવતીદાસજી ઉપાદાન–નિમિત્તમાં સંવાદમાં કહે છે કેઃ–

**યહ નિમિત્ત ઈહ જીવકો, મિલ્યો અનંતી વાર;**
**ઉપાદાન પલટયો નહિ, તો ભટકત ફિર્યો સંસાર. ૯**
**કેવલી અરૂ મુનિરાજકે, પાસ રહે બહુ લોય;**
**પૈ જાકો સુલટયો ધની, સમ્યક્ તાકો હોય. ૧૧**

જુઓને, નિમિત્ત તરીકે સર્વજ્ઞ જેવા વક્તા મળ્યા, ને તેમની વાણી સમવસરણમાં બેઠા બેઠા સાંભળી, છતાં જેમનું ઉપાદાન અશુદ્ધ હતું તે જીવો અજ્ઞાની રહ્યા.–નિમિત્ત શું કરે? પોતાના ઉપાદાનની તૈયારી વિના ભગવાન પણ સમજાવી દ્યે તેમ નથી. શુદ્ધાત્માની એક જ વાત જ્ઞાની પાસેથી એક સાથે ઘણા જીવો સાંભળે, તેમાં કોઈ તે સમજીને તેવો અનુભવ કરી લ્યે છે, કોઈ જીવો તેવો અનુભવ નથી કરતા. નિમિત્તપણે એક જ વક્તા હોવા છતાં શ્રોતાના ઉપાદાન અનુસાર ઉપદેશ પરિણમે છે. આવી સ્વતંત્રતા છે. અહીં ઉત્કૃષ્ટ જ્ઞાનીવક્તા તરીકે તીર્થંકરદેવનો દાખલો લીધો તેમ ચોથા ગુણસ્થાનથી માંડીને બધાંય જ્ઞાની વક્તાનું સમજી લેવું.

## (૪) બંને જ્ઞાની

કોઈ વાર વક્તા જ્ઞાની હોય ને શ્રોતા પણ જ્ઞાની હોય, ત્યાં ઉપાદાન ને નિમિત્ત બંને શુદ્ધ છે;–આવો પ્રકાર પણ જોવામાં આવે છે. તીર્થંકરભગવાનની સભામાં ગણધરો જેવા શ્રોતા બિરાજતા હોય; જગતમાં સૌથી ઉત્તમ વક્તા તીર્થંકરદેવ, ને સૌથી ઉત્તમ શ્રોતા ગણધરદેવ, અહા! એ વીતરાગી વક્તા ને એ શ્રોતાની શી વાત! જ્યાં સર્વજ્ઞ જેવા વક્તા... ને ચાર જ્ઞાનધારી શ્રોતા....એ સભાના દિવ્ય દેદારની શી વાત!! ને ભગવાનની વાણી એક સમયમાં પૂરું રહસ્ય લેતી આવે, ગણધરદેવ એકાગ્રપણે તે ઝીલતાં ઝીલતાં સ્વરૂપમાં ઠરી જાય. ભગવાનની સભામાં બીજા પણ લાખો કરોડો જ્ઞાનીઓ હોય, તિર્યંચો પણ ત્યાં ધર્મ પામે. સામે ઉપાદાન જાગ્યું એની શી વાત! ઉત્કૃષ્ટ ઉપાદાન જાગે ત્યાં સામે નિમિત્ત પણ ઉત્કૃષ્ટ હોય.–છતાં બંને સ્વતંત્ર. વક્તાપણું તેરમા ગુણસ્થાને પણ હોય પરંતુ શ્રોતાપણું છઠ્ઠા ગુણસ્થાન સુધી જ છે. પછી ઉપરના ગુણસ્થાને તો ઉપયોગ નિર્વિકલ્પ થઈને સ્વરૂપમાં થંભી ગયો છે, ત્યાં વાણી તરફ લક્ષ નથી. તીર્થંકરદેવ સર્વત્ર–

પરમાત્માથી માંડીને ગણધરદેવ, મુનિવરો તથા ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દ્રષ્ટિ જીવોએ બધા વક્તા જ્ઞાની છે, તે શુદ્ધ નિમિત્ત છે, અને શ્રોતામાં પણ જ્ઞાની હોય છે, તેને શુદ્ધ ઉપાદાન છે. જ્ઞાની વક્તા હોય ને જ્ઞાની શ્રોતા હોય એવા પ્રસંગ વિરલપણે જોવામાં આવે છે.

આ રીતે વક્તા અને શ્રોતારૂપ નિમિત્તે–ઉપાદાનના કુલ ચાર પ્રકાર કહ્યા, તે દરેકમાં ઉપાદાન–નિમિત્ત બંનેની સ્વતંત્રતા સમજવી. અને આ દ્રષ્ટાંત અનુસાર ભિન્નભિન્ન દ્રવ્યોમાં સર્વત્ર ઉપાદાન–નિમિત્ત બંનેની સ્વતંત્રતા સમજી લેવી....ને પરાશ્રયબુદ્ધિ છોડીને સ્વાશ્રયવડે મોક્ષમાર્ગ સાધવો....તે તાત્પર્ય છે.

( શ્રી બનારસીદાસજીની ઉપાદાન–નિમિત્ત વચનિકા ઉપરના પ્રવચનમાંથી )

*******

# અંતર્મુહૂર્તમાં આત્માને સાધવાની વાત

પ્રશ્નઃ– ઘણા જીવોએ એક અંતર્મુહૂર્તમાં આત્માને સાધી લીધો છે, તો અમે પણ પછી એક અંતર્મુહૂર્તમાં આત્માને સાધી લેશું, અત્યારે તો બીજું કરી લઈએ!

ઉત્તરઃ– ભાઈ, એક અંતર્મુહૂર્તમાં આત્મા સાધી લેવાની જેની તૈયારી હોય તેને તેનો કેટલો પ્રેમ હોય?–“હમણાં બીજું કરી લઉં ને આત્માનું પછી કરીશ”–એવો ભાવ તેને આવે જ નહિ. ‘આત્માનું પછી કરશું ને હમણાં બીજું કરી લઉં’ એનો અર્થ એ થયો કે તેને આત્મા કરતાં બીજું વધારે વહાલું છે, સ્વભાવના કાર્ય કરતાં પરભાવના કાર્યનો પ્રેમ તેને વધુ છે. જેને જે કાર્યની અત્યંત આવશ્યકતા લાગે તેને તે પહેલાં કરે, તેમાં મુદત ન મારે; ને જેની આવશ્યકતા ન લાગે તે કાર્ય પછી કરે, તેમાં મુદત નાખે. આત્માની ઓળખાણનો જેને ખરેખરો ભાવ જાગે, તેનો ઉદ્યમ આત્મા તરફ તરત જ ઉપડયા વગર રહે નહિં. આચાર્યદેવ વારંવાર કહે છે કે આજે જ આત્માને અનુભવો...તત્કાલ આત્માનો અનુભવ કરો. કદી એમ નથી કહ્યું કે “આ પછી કરજો”. પછી કરીશું એમ કહે તો તેનો અર્થ એ છે કે વર્તમાનમાં તેને આત્માનો ખરો પ્રેમ કે રુચિ જાગી નથી–એવો જીવ અંતર્મુહૂર્તમાં આત્માને ક્યાંથી સાધી શકશે? હા, જેને આત્માની ખરેખરી ધગશ અને લગની અંતરમાં જાગી હોય તે અંતરના પ્રયત્ન વડે અંતર્મુહૂર્તમાં પણ આત્માનો અનુભવ કરી લ્યે છે. પણ એવા આત્માની અંતરની તૈયારી કોઈ જુદી જ હોય છે.

# સર્વજ્ઞસ્વરૂપને અનુસરનારી જિનવાણીને નમસ્કાર

**( કલશટીકા-પ્રવચનો )**

**પહેલા કળશમાં શુદ્ધાત્માને નમસ્કાર કર્યા; હવે બીજા કળશમાં તે શુદ્ધાત્માને દર્શાવનારી દિવ્યધ્વનિ -જિનવાણીને નમસ્કાર કરે છે; વાણી જડ હોવા છતાં તેને શા માટે નમસ્કાર કર્યા ? તેનું સમાધાન કરતાં કહે છે કે તે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે, તેથી તે પણ વંદનીય છે.**

अनंतधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यात्मनः।
अनेकान्तमयी मुर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।

જિનવાણીના નિમિત્તથી પ્રગટેલી શુદ્ધાત્માની અનુભૂતિ ત્રિકાળ જયવંત રહો, એવી ભાવના છે ત્યાં નિમિત્તરૂપ વાણી પણ જયવંત રહો–એમ કહીને જિનવાણીનું બહુમાન કર્યું છે.

જિનવાણી કેવી છે ? અનેકાન્તમયી છે; પદાર્થ જેવા અનેક ધર્મોસ્વરૂપ છે તેવા અનેક ધર્મોને કહેનારી અનેકાન્તમય જિનવાણી છે. એક વસ્તુના અનેક ધર્મોને કહેનારી જિનવાણી કાંઈ સંશયરૂપ નથી પણ વસ્તુસ્વરૂપનો નિર્ણય કરાવીને સંશયને છેદનારી છે.

આશંકાઃ– અનેકાન્ત તો સંશયરૂપ છે, વસ્તુને નિત્ય પણ કહે છે ને વળી અનિત્ય પણ કહે છે, ચોક્કસ કાંઈ કહેતો નથી માટે અનેકાન્ત તો સંશયરૂપ છે, તેથી તે મિથ્યા છે !

સમાધાનઃ નહીં; અનેકાન્ત તો સંશયને દૂર કરનાર છે, અને વસ્તુસ્વરૂપના સાધન– શીલ છે, અર્થાત્ અનેકાન્ત તો વસ્તુસ્વરૂપને જેમ છે તેમ સાધે છે, અનેકાન્તનો સ્વભાવ વસ્તુસ્વરૂપને સાધવાનો છે, ને વસ્તુસ્વરૂપનો નિર્ણય કરાવીને તે સંશયને છેદે છે.

જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય–ગુણસ્વરૂપ છે; અભેદરૂપથી સત્તાને જાુઓ તો તે દ્રવ્ય છે; અને જો ભેદરૂપથી જાુઓ તો તે સત્તા અનંત ગુણરૂપ છે. અભેદથી જાુઓ તો એક દ્રવ્ય, તેને જ ભેદથી જાુઓ તો અનંત ગુણો,–આમ સત્તા અનેકાન્તસ્વરૂપ છે. અનાદિ અનંત આવું જ વસ્તુસ્વરૂપ છે, તેને અનેકાન્ત પ્રસિદ્ધ કરે છે. વસ્તુ સ્વયમેવ અનેકાન્તસ્વરૂપ છે, તેને કોઈનો સહારો નથી. આવા અનેકાન્તસ્વરૂપને પ્રકાશનારી જિનવાણીને નમસ્કાર કર્યા છે. 'તે સદાય પ્રકાશમાન રહો' એમ કહીને તેનું બહુમાન કર્યું તેમાં નમસ્કાર આવી ગયા.

જે વાણીને નમસ્કાર ક્ર્યા તે વાણી કેવી છે? કે ભિન્ન આત્માને દેખનારી–અનુભવ–નારી છે; પ્રત્યક્ આત્મા એટલે ભિન્ન આત્મા; ભિન્ન આત્મા કહો કે શુદ્ધઆત્મા. શુદ્ધઆત્મા એટલે સર્વજ્ઞ–વીતરાગસ્વભાવી આત્મા; આવા સર્વજ્ઞસ્વરૂપને અનુસરનારી એટલે કે તેના સ્વરૂપને કહેનારી જિનવાણી છે. આવી સર્વજ્ઞસ્વરૂપ–અનુસારિણી જિનવાણીને ન માને, તેને અચેતન કહીને નિષેધે તો ચાલે નહિ. ભાઈ, તે વાણી ભલે અચેતન છે, પણ તે સર્વજ્ઞસ્વરૂપને અનુસરનારી છે, જેવું સર્વજ્ઞસ્વરૂપ છે તેવું જ સ્વરૂપ તે કહે છે. જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ છે, કહેવાનો સ્વભાવ નથી; વાણીમાં કહેવાનો સ્વભાવ છે, જાણવાનો સ્વભાવ નથી, પણ સર્વજ્ઞે જેવું વસ્તુસ્વરૂપ જાણ્યું તેવું જ વસ્તુસ્વરૂપ દિવ્યધ્વનિમાં આવે છે, –એવો જ વાણીનો સ્વભાવ છે; તેથી તે દિવ્યધ્વનિરૂપ વાણીને 'સર્વજ્ઞસ્વરૂપ–અનુસારિણી' કહી છે. એટલે કોઈ પૂછે કે 'અચેતન વાણીને નમસ્કાર કેમ કર્યા ? '–તો તેનું આમાં સમાધાન આવી જાય છે.

કાંઈ જ્ઞાનને આધારે વાણી નથી ને વાણીના આધારે જ્ઞાન નથી; બંને સ્વતંત્ર છે. અને છતાં એવો સહજ મેળ છે કે જ્ઞાન જ્યાં સર્વજ્ઞપણે પરિણમ્યું ત્યાં વાણી પણ તેને અનુસરનારી થઈ. જેવું શુદ્ધસ્વરૂપ સર્વજ્ઞના જ્ઞાનમાં આવ્યું તેવું જ વાણીમાં આવ્યું. જ્ઞાનમાં જે આવ્યું તેનાથી વિરુદ્ધ વાણીમાં ન આવે, તેથી આવી સર્વજ્ઞસ્વરૂપને અનુસરનારી જિનવાણીનું પણ બહુમાન કર્યું છે.

શંકા–: 'नमः समयसाराय' એમ કહીને માંગળિકના શ્લોકમાં શુદ્ધઆત્મા જ ઉપાદેય કહ્યો, અજીવ વસ્તુ નમસ્કાર યોગ્ય નથી અને શુદ્ધજીવ જ નમસ્કાર યોગ્ય છે–એમ કહ્યું, ને અહીં વળી દિવ્યધ્વનિને નમસ્કાર કર્યા? દિવ્યધ્વનિ તો અજીવ છે. અચેતન છે, તેને કેમ નમસ્કાર કર્યા ?

સમાધાનઃ– ભાઈ, તે વાણી શુદ્ધાત્માનો પ્રકાશ કરનારી છે, સર્વજ્ઞસ્વરૂપ–અનુસારિણી છે, તેથી નિમિત્તપણે તે પણ બહુમાનયોગ્ય છે. અહા, દિવ્યધ્વનિના ધોધ....એ તો સાંભળ્યા

હોય એને ખ્યાલ આવે. 'ત્રિકાળ દિવ્યધ્વનિ દાતારકી જય, દિવ્યધ્વનિ કી જય'–એમ કહીને જ્ઞાનીઓ પણ ભગવાનની વાણીનું બહુમાન કરે છે. ભક્તિમાં પણ ગાય છે કે–

**ધન્ય દિવ્યવાણી ૐકારને રે.....**<br>
**જેણે પ્રગટ કર્યો આત્મદેવ......**<br>
**જિનવાણી જયવંત ત્રણલોકમાં રે.....**

આવી જિનવાણી તે સ્વરૂપના જ્ઞાનનું નિમિત્ત હોવાથી તે પૂજ્ય છે. એ જ રીતે જિનપ્રતિમા વગેરેમાં પણ પૂજ્યપણું છે, કેમકે તે પણ સર્વજ્ઞપરમાત્માનું પ્રતિબિંબ છે. જિનવાણીને ધર્મની માતા કહેવામાં આવી છે, માતાની જેમ તે પૂજ્ય છે. પહેલાં વાણીના વાચ્યરૂપ શુદ્ધઆત્માને નમસ્કાર કર્યા; અહીં શુદ્ધાત્માની વાચક એવી, વાણીને નમસ્કાર કર્યા. બીજી લૌકિક વાણી કરતાં આ શુદ્ધાત્મસ્વરૂપને કહેનારી વાણીમાં વિશેષતા છે. ધર્મીને પણ તેના પ્રત્યે પૂજ્યભાવ આવે છે.

જિનવાણી જે ભિન્ન આત્મા દેખાડે છે તે કેવો છે? સર્વજ્ઞવીતરાગસ્વરૂપ ભિન્ન આત્મા પોતાના અપાર–અપાર ગુણો સહિત છે. શુદ્ધ પરમાત્મા નિર્ગુણ નથી; જો શુદ્ધઆત્મામાં ગુણનો વિનાશ થાય તો તો આત્માનો જ નાશ થઈ જાય, કેમકે ગુણો અને દ્રવ્ય અભેદ છે તેથી ગુણનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય.–પણ એમ કદી બનતું નથી. સર્વજ્ઞ–વીતરાગસ્વરૂપ શુદ્ધઆત્મા સદાય અનંતધર્મો સહિત છે,–એવા અનંતધર્મસ્વરૂપ શુદ્ધઆત્માને પ્રકાશનારી અનેકાન્તમયી દિવ્યવાણી જયવંત હો.–એમ કહીને બીજા શ્લોકમાં જિનવાણી–નમસ્કારરૂપ મંગળ કર્યું.

હવે ત્રીજા શ્લોકમાં ટીકાકાર અમૃતચંદ્ર આચાર્યદેવ કહે છે કે આ શાસ્ત્રની ટીકાદ્વારા મને મારા પરમશુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ, અર્થાત્ મારી પરિણતિમાં સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ થાઓ. આ સમયસારમાં કહેલા શુદ્ધાત્મસ્વરૂપનું ઘોલન કરતાં કરતાં પરિણતિ શુદ્ધ થતી જ જાય છે.–એ વાત ત્રીજા કળશમાં કહેશે.

---

## ભક્તિ

જેને જ્ઞાની પ્રત્યે સાચી ભક્તિ નથી તેને જ્ઞાનસ્વરૂપ પોતાના આત્માની સાચી ભક્તિ નથી. પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને જે સાધવા માગે છે તેને, તે જ્ઞાનસ્વરૂપના સાધક બીજા ધર્માત્માઓ પ્રત્યે અત્યંત પ્રમોદ અને બહુમાન ભાવ જરૂર ઉલ્લસે છે.

# એ આગાહી સાચી જ પડી




સં. ૧૯૭૮ પહેલાંનો એક પ્રસંગ છે. તે વખતે પૂ. શ્રી કાનજીસ્વામી સ્થાનકવાસી સંપ્રદાયના મહામુનિ તરીકે પ્રસિદ્ધ હતા; તે વખતે પાતરાં રંગવા વગેરે કાર્યો કરવા પડતા, પણ એમાં તેમનું ચિત્ત ચોટતું નહિ; એમના ચિત્તમાં તો બીજા જ વિચારો રમી રહ્યા હતા કે–અરે, આત્માની સાધના માટેનું આ જીવન...એનો મોંઘો સમય આ પાતરાં રંગવા ને વસ્ત્રો ધોવાની ઉપાધિમાં જાય–એ કેમ પાલવે ? શું મુનિદશા આવી હોતી હશે ?....ના; હૃદય ના પાડે છે. બીજી કોઈ અનેરી દશાને એમનું હૃદય ઝંખી રહ્યું હતું.

એમનું ચિત્ત ઉદાસ અને વિચારમગ્ન દેખીને એમના ગુરુ શ્રી હીરાચંદજી મહારાજે એકવાર તેમને પ્રેમથી પૂછ્યું–કાનજી ! તારું ચિત્ત ઉદાસ કેમ રહે છે ? તું શું વિચાર કરે છે ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે મહારાજ ! આવા વસ્ત્ર ને પાત્રના કાર્યોમાં

વખત વીતાવવો એ મને ઉપાધિરૂપ લાગે છે, મારું હૃદય નિવૃત્તિને ઝંખી રહ્યું છે.

ત્યારે હીરાચંદજી મહારાજના મુખમાંથી ભદ્રભાવે વચન નીકળી ગયા કે–કાનજી! તને આ બધું ન ગોઠતું હોય તો વસ્ત્ર–પાત્ર વગરના સાધુ શોધી કાઢજે!

એમના આ વચનમાં તો ભવિષ્યના ભણકાર હતા....ભાવિની આગાહી હતી. અંતે તો એ આગાહી સાચી જ પડી. થોડા જ વખતમાં એ વૈરાગી આત્માએ ખરેખર વસ્ત્રપાત્ર વગરના દિગંબર સાધુ શોધી કાઢયા.



કુંદકુંદાચાર્ય આદિ દિગંબર સંતોના એ પરમ ભક્ત બન્યા. તેઓ દિગંબર મુનિદશાનો મહિમા કરતાં દૃઢતાપૂર્વક કહે છે કે દિગંબર જૈનધર્મ એ જ પરમસત્ય ધર્મ છે. બાહ્ય તેમજ અભ્યંતર સંપૂર્ણ નિર્ગ્રંથતા વિના કોઈ જીવ મોક્ષ પામી શકે નહિ. ઘણીવાર મુનિદર્શનની ઉર્મિથી તેઓ કહે છે કે અહા, કોઈ મુનિ આકાશમાર્ગે આવીને દર્શન કરાવે તો ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય! અધ્યાત્માનું શ્રવણ કરાવનારા કોઈ સંત–મુનિ મળે તો એમના ચરણ પાસે બેસીને આ વાત સાંભળીએ.

આજે તો મુનિભક્ત આ મહાત્મા દિગંબર જૈનધર્મના પરમ પ્રભાવક બન્યા છે.

# સમયસારનો જે અભ્યાસ કરશે તેનો મોહ નષ્ટ થશે

*** શુદ્ધાત્માના ઘોલનથી પરિણતિની શુદ્ધતા ***

[ कलशटीका-प्रवचन ]

❄

परपरिणति हेतोर्मोहनाम्नोऽनुभावात्-
अविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
सर्वतु समयसारव्याख्ययैवानुभूतेः।।३।।

આત્માના પરમાર્થસ્વરૂપને બતાવનારું જે આ શાસ્ત્ર સમયસાર, તેની ટીકા રચતાં આચાર્ય અમૃતચન્દ્રસૂરિ કહે છે કે આ સમયસારના ઉપદેશથી, એટલે કે તેમાં કહેલા શુદ્ધ આત્મસ્વરૂપના વારંવાર ઘોલનથી મારી પરિણતિ પરમવિશુદ્ધ થાઓ. અમુક શુદ્ધિ તો થઈ છે ને ઉત્કૃષ્ટશુદ્ધિ થાઓ. જુઓ, આ સમયસારના ટીકાકારની ભાવના; ટીકા વખતે વિકલ્પ તો છે, પણ ભાવના વિકલ્પ તરફ નથી ઢળતી, ભાવના તો શુદ્ધાત્મા તરફ જ ઢળે છે. 'સમયસાર' ને નમસ્કાર કરીને એટલે શુદ્ધાત્મા તરફ પરિણતિને વાળીને મંગલ કર્યું છે. હવે મારી પર્યાય શુદ્ધાત્મા તરફ જ ઉગ્રપણે ઢળ્યા કરો. શ્રુતની ટીકા વખતે અંતરના ભાવશ્રુતમાં વારંવાર શુદ્ધાત્માના ઘોલનથી પરિણતિ શુદ્ધ થતી જ જાય છે.

આ સમયસાર જેવું જે પરમ અધ્યાત્મ શાસ્ત્ર, તે પરમાર્થસ્વરૂપનું બતાવનાર છે, ને પર પ્રત્યે પરમ વૈરાગ્ય કરાવનાર છે.–આવા શાસ્ત્રના ઘોલનથી પરિણતિ શુદ્ધ કેમ ન થાય ? –જરૂર થાય જ. આ શાસ્ત્ર સમસ્ત પર પ્રત્યેથી વૈરાગ્ય ઉપજાવે છે, ક્યાંય પણ પરાશ્રયને કે રાગને નથી પોષતું, શુદ્ધાત્માનું પરમાર્થ સ્વરૂપ બતાવીને સ્વાશ્રય કરાવે છે, તેથી તેના અભ્યાસવડે ભાવશ્રુતની નિર્મળતા થતી જાય છે, વીતરાગતાની વૃદ્ધિવડે પરિણતિ શુદ્ધ થતી જાય છે.

સ્વભાવથી તો હું શુદ્ધ ચિન્માત્ર છું–એમ શુદ્ધસ્વરૂપની દ્રષ્ટિ સહિત આચાર્યદેવે

પરિણતિની પૂર્ણ શુદ્ધતાની ભાવના કરી છે. આમ કહીને શુદ્ધદ્રવ્ય અને પર્યાય બંનેનું જ્ઞાન કરાવી દીધું. વસ્તુપણે તો હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ, રાગાદિ ઉપાધિ વગરનો, સુખનો પૂંજ છું– આવા નિજસ્વરૂપનું ભાન તો છે, સાધકદશા તો છે, પણ હજી પર્યાયમાં કાંઈક અશુદ્ધતાનો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે, તે અશુદ્ધતાનો નાશ થઈને શુદ્ધાત્માના ઘોલનવડે મારી પરમ વિશુદ્ધિ પ્રગટો.

અશુદ્ધતાનું નિમિત્ત મોહકર્મ છે; ને શુદ્ધતાનું કારણ શુદ્ધાત્માની ભાવના છે. હવે મારી પરિણતિ આ સમયસારની ટીકા વડે–ટીકામાં કહેલા શુદ્ધાત્માના ઘોલનવડે, શુદ્ધાત્મા તરફ ઢળે છે, ને મોહના ઉદય તરફ પરિણતિ ઢળતી નથી, એટલે મોહનો નાશ થઈને પરિણતિ શુદ્ધ થતી જાય છે. અને જે કોઈ શ્રોતા આ સમયસારની ટીકામાં કહેલા ભાવોનું ભાવશ્રુતવડે ઘોલન કરશે તેને પણ મોહનો નાશ થશે ને સમ્યક્ત્વાદિ શુદ્ધપરિણતિ પ્રગટ થશે. ‘મારા અને પરના મોહના નાશને માટે હું આ સમયસાર કહું છું’–એમ કહીને આચાર્યદેવે આ શાસ્ત્રનું ઉત્તમ ફળ બતાવ્યું છે. આત્માનું શુદ્ધસ્વરૂપ દેખાડીને આ શાસ્ત્ર મોહનો નાશ કરાવનારું છે.

આ આત્મવસ્તુ જ્ઞાનસ્વરૂપ ને સુખસ્વરૂપ છે; પર્યાયમાંથી અશુદ્ધતાનો વિનાશ થતાં તે જ્ઞાન ને સુખ વ્યક્ત થાય છે. પોતાના સ્વભાવમાં હતા તે જ પર્યાયમાં પ્રગટ થાય છે.

પ્રશ્નઃ– જીવનો સ્વભાવ તો શુદ્ધ છે; પર્યાયમાં અનાદિથી તેને જે અશુદ્ધતા છે તે અશુદ્ધતામાં કાંઈ નિમિત્તમાત્ર છે કે નહીં? સ્વાધીન વસ્તુ પોતે વિકારરૂપે પરિણમી તો તેમાં કોઈ નિમિત્ત છે કે નહિ?

ઉત્તરઃ– હા, નિમિત્તમાત્ર પણ છે.–કોણ નિમિત્ત છે? તો કહે છે કે મોહકર્મના ઉદયનો વિપાક અશુદ્ધતાનું નિમિત્ત છે. જીવના અશુદ્ધભાવોથી પૂર્વે બંધાયેલું જે મોહકર્મ તે ઉદયકાળે અશુદ્ધતાનું નિમિત્ત છે.–પણ અહીં તો કહે છે કે શુદ્ધાત્મસ્વભાવના ઘોલનને લીધે શુદ્ધતા વધતાં, તે મોહ અશુદ્ધતાનું નિમિત્ત થયા વગર જ નષ્ટ થઈ જશે. સમયસારની ટીકા કરતાં કરતાં ભાવશ્રુતમાં શુદ્ધાત્માનું એવું જોસદાર ઘોલન ચાલશે કે પરિણતિ શુદ્ધ થઈ જશે ને મોહની મલિનતા તેમાંથી નીકળી જશે. પરિણતિનું શુદ્ધસ્વરૂપમાં જ વ્યાપ્ય–વ્યાપકપણું થશે એટલે અશુદ્ધતા સાથેનું વ્યાપ્ય–વ્યાપકપણું મટી જશે. શાસ્ત્રનું આવું ફળ છે, એટલે આવો ભાવ જે પ્રગટ કરે તે જ આ શાસ્ત્રને સમજ્યો કહેવાય. અહો, આત્માને ન્યાલ કરી દે એવા ભાવો સન્તોએ આ શાસ્ત્રમાં ભર્યા છે; આ તો ભાગવતશાસ્ત્ર છે, ભગવાન આત્માનું ભાગવત છે.

# જિનવચનનો સાર

## ( કલશટીકા-પ્રવચનો )

**જિનવચનમાં એટલે કે દિવ્યધ્વનિદ્વારા કહેલા શુદ્ધ આત્મસ્વરૂપમાં જે જીવ રમણ કરે છે,-તેની રુચિ પ્રતીતિ અનુભવ કરે છે, તે જીવ તુરત જ અંતરમાં શુદ્ધજીવને પ્રત્યક્ષપણે પ્રાપ્ત કરે છે.-એ વાત ચોથા કળશમાં કહે છે. -**

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के<br>
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।<br>
सपदि समयसारं ते परं ज्योतिरुच्चे-<br>
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।

તે આસન્નભવ્ય જીવો તુરત જ શુદ્ધ જીવને પ્રત્યક્ષપણે પ્રાપ્ત કરે છે-દેખે છે, અનુભવે છે.-કોણ ? કે જેઓ દિવ્યધ્વનિમાં કહેલી ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુને રુચિમાં-પ્રતીતમાં લ્યે છે, તેઓ તુરત જ શુદ્ધાત્માને પામે છે.

કેવો છે શુદ્ધ જીવ ? અતિશયવાળી જ્ઞાનજ્યોતિરૂપ છે. આવા આત્માના અનુભવ વગર અનંતકાળ ગયો, પણ તેથી અનુભવ કરતાં કાંઈ અનંતકાળ નથી લાગતો, સ્વસન્મુખ અભ્યાસ વડે ક્ષણમાત્રમાં તુરત જ તે અનુભવાય છે.

સમ્યગ્દર્શન થયું ત્યાં જ શુદ્ધાત્માની પ્રત્યક્ષ પ્રાપ્તિ કહી દીધી. રાગ અને મનના અવલંબન વગર આત્માનો સાક્ષાત્કાર થયો, તેના આનંદનો અનુભવ થયો ત્યાં તેની પ્રત્યક્ષ પ્રાપ્તિ થઈ-એમ કહ્યું. સ્વાનુભૂતિમાં આત્મા આવ્યો તે કાંઈ નવો નથી થયો, તે તો અનાદિથી સ્વયંસિદ્ધ હતો જ, પોતાને વ્યક્ત અનુભવ નવો થયો, વસ્તુ કાંઈ નવી નથી થઈ. વળી કુમતવાળા કોઈ એકાંત ક્ષણિક કહે, કોઈ એકાન્ત અપરિણામી કહે, કોઈ આત્મા

નવો ઉત્પન્ન થયો કે ઈશ્વરે બનાવ્યો–એમ અનેક પ્રકારે કુનયના પક્ષપાતીઓ કહે છે પણ તેથી કરીને એકાન્તસ્વરૂપ આત્માનું જે સ્વરૂપ છે તે કાંઈ ખંડિત થતું નથી. જે લોકો ઊંધું માને છે તેઓ જૂઠા છે, પરંતુ વસ્તુસ્વરૂપ તો જેમ છે તેમ સત્ અખંડિત છે.

આવા સ્વરૂપને ભવ્ય જીવો પામે છે. શું કરવાથી પામે છે? કઈ ક્રિયા કરવાથી શુદ્ધઆત્માને પામે છે?–તો કહે છે કે દિવ્યધ્વનિરૂપ જિનવચનમાં કહેલા ઉપાદેયરૂપ શુદ્ધાત્મસ્વરૂપમાં જેઓ રમે છે, એટલે કે તેની રુચિ કરીને તેમાં એકાગ્રતાનો વારંવાર અભ્યાસ કરે છે,–આ પ્રકારે જિનવચનમાં (એટલે કે જિનવચનના સારભૂત શુદ્ધઆત્મામાં) જેઓ રમે છે તેઓ તુરત જ શુદ્ધાત્માને અનુભવે છે.

જુઓ, આ જિનવચનનો સાર!

જિનવચનનો સાર શું? કે શુદ્ધાત્માને ઉપાદેય કરવો તે; રાગ–વ્યવહાર–નિમિત્ત એ બધાયનું જ્ઞાન જિનવચનો કરાવે છે, પણ તેને ઉપાદેય કરવાનું જિનવચન નથી કહેતા; તે રાગ–વ્યવહાર કે નિમિત્તના અવલંબનમાં લાભ માનીને અટકી રહેવાનું જિનવચન નથી કહેતા; રાગથી પાર, નિમિત્તથી પાર, વ્યવહારથી પાર એવો જે પરમાર્થભૂત શુદ્ધઆત્મા તે જ પહેલેથી ઠેઠ સુધી ઉપાદેય છે–એમ જિનવચનનો ઉપદેશ છે. જેણે શુદ્ધાત્માને ઉપાદેય કર્યો તેણે જ જિનવચન સાંભળ્યા. તે જીવ તુરત જ શુદ્ધાત્માને સાક્ષાત્ અનુભવે છે.

એકલા જિનવચન એટલે કે દિવ્યધ્વનિ તે તો પુદ્ગલની રચના છે. અચેતન છે, તેના લક્ષે કાંઈ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી; પણ તેના વાચ્યરૂપ જે ઉપાદેય વસ્તુ એટલે કે પરમાર્થ આત્મસ્વભાવ–તેના લક્ષે અનુભવ કરતાં સાચા ફળની પ્રાપ્તિ થાય છે. શુદ્ધાત્માના અનુભવ વિના ફળપ્રાપ્તિ થતી નથી, મોક્ષમાર્ગ થતો નથી, ધર્મ થતો નથી.

સ્વાનુભવ વગરની શ્રદ્ધાને સાચી શ્રદ્ધા કહેતા નથી. સ્વાનુભવ વગરના શાસ્ત્રજ્ઞાનને સાચું જ્ઞાન કહેતા નથી. ભાઈ, તારી વસ્તુ શું છે? તારી વસ્તુ તરફ વળ્યા વગર તેં કોની પ્રતીત કરી? કોની રુચિ કરી? રાગવડે વસ્તુ પમાશે–એમ જ માને તેના અંતરમાં રાગની ઉપાદેયબુદ્ધિ છે, પણ જિનવાણીમાં ઉપાદેયરૂપ કહેલા શુદ્ધાત્માને તે જાણતો નથી. શુદ્ધાત્મા સિવાય બીજા રાગાદિને જે ઉપાદેય માને છે તે જિનવચનથી વિરુદ્ધ ચાલે છે.

કેવાં છે જિનવચન? બંને નયોના વિકલ્પો મટાડીને શુદ્ધવસ્તુનો નિર્વિકલ્પ અનુભવ કરાવે

છે. બંને નયોને પરસ્પર વિરુદ્ધપણું છે–એક નયનો વિકલ્પ એવો છે કે વસ્તુ દ્રવ્યરૂપ છે, બીજા નયનો વિકલ્પ એવો છે કે વસ્તુ પર્યાયરૂપ છે.–આવા નયવિકલ્પવડે વસ્તુ અનુભવમાં આવતી નથી, બંને નયના વિરોધને મટાડીને, અને શુદ્ધઆત્માનો આશ્રય કરાવીને જિનવચન શુદ્ધસ્વરૂપનો નિર્વિકલ્પ અનુભવ કરાવે છે.

જુઓ, આ કળશટીકામાં અધ્યાત્મના સરસ ભાવો ખોલ્યા છે. પં૦ બનારસીદાસજીના વખતમાં આ ગ્રંથનો અભ્યાસ કરનારા સાધર્મીઓ કહેતા કે 'सरस सरस यह ग्रन्थ'

શુદ્ધજીવસ્વરૂપના અનુભવમાં બંને નયના વિકલ્પ છૂટી જાય છે, માટે અનુભવદશામાં બંને નયના વિકલ્પ જૂઠા છે–અસત્ છે. અનુભવમાં તો દ્રવ્ય–ગુણ–પર્યાય બધું છે, પણ તેમાં વિકલ્પ નથી; વિકલ્પને અસત્ કહ્યો છે, પર્યાયને અસત્ નથી કીધી, પર્યાય તો અંદર ભળી ગઈ છે, ને વિકલ્પ છૂટી ગયો છે. નિશ્ચયનયનો જે વિષય છે તે કાંઈ જૂઠો નથી, પણ અનુભવદશામાં એનો વિકલ્પ નથી, માટે વિકલ્પને જૂઠો કહ્યો છે. આવા અનુભવ વડે મિથ્યાત્વનું સહજપણે વમન થઈ જાય છે. જ્યાં આત્માના સ્વભાવને ઉપાદેય કરીને પરિણતિ તે તરફ વળી ત્યાં મિથ્યાત્વ સહજપણે છૂટી ગયું. પરિણતિને અંતરઅનુભવમાં વાળ્યા વગર લાખ ઉપાયે પણ મિથ્યાત્વ છૂટે નહિ, અને પરિણતિ જ્યાં અંતર્સ્વભાવમાં વળી ત્યાં મિથ્યાત્વભાવ સહેજે જ છૂટી ગયો, ત્યાં તેને ટાળવાનો જુદો પ્રયત્ન કરવો નથી પડતો.

આ સમયસારમાં ઉપાદેયરૂપ શુદ્ધજીવવસ્તુ બતાવી છે, એના અનુભવથી મોહનો નાશ થાય છે, તે શાસ્ત્રનું ફળ છે.

જગતમાં અનંતાનંત જીવો છે; તેમાં અનંતમા ભાગના તો અભવ્ય છે, તેઓ કદી મોક્ષ પામવાના નથી, કેમકે તેઓ શુદ્ધઆત્માના અનુભવથી રહિત છે; હવે ભવ્ય જીવોમાં પણ કાંઈ બધાય મોક્ષ પામી જતા નથી, તેમાંથી કેટલાક જીવો મોક્ષના અધિકારી છે, તે મોક્ષગામી ભવ્ય જીવોના મોક્ષમાં જવાના કાળનું માપ છે, તે કેવળી ભગવાન જાણે છે. જેઓ મોક્ષ પામશે તેઓ શુદ્ધાત્માના અનુભવથી જ મોક્ષ પામશે. કયો જીવ કેટલોકાળ વીતતાં મોક્ષ પામશે તેની નોંધ કેવળજ્ઞાનમાં છે, એટલે કે કેવળજ્ઞાનીના જ્ઞાનમાં તે બધું લખાઈ ગયું છે– જણાઈ ગયું છે.

અહા, અનંતા જીવો, તેની ત્રણકાળની સમસ્ત અવસ્થા જેમાં સાક્ષાત્ જણાય–એ કેવળજ્ઞાનની તાકાતની શી વાત! આવા કેવળજ્ઞાનની અચિંત્ય મોટાઈ જે જ્ઞાનમાં બેઠી તે જ્ઞાન પણ કેવળજ્ઞાનની જાતિનું થઈને મોક્ષમાર્ગ તરફ ચાલ્યું.

જે જીવે કેવળજ્ઞાનની પ્રતીત કરી, સમ્યગ્દર્શન કર્યું તે જીવને અર્ધપુદ્ગલપરાવર્તન કરતાં વધુ સંસારસ્થિતિ હોય જ નહિ; એનો સંસાર મર્યાદિત થઈ ગયો. સમ્યક્ત્વને યોગ્ય જીવ થયો ત્યાં કાળલબ્ધિ પાકી ગઈ–એમ કહેવાય. આ રીતે પુરુષાર્થ અને કાળલબ્ધિ ભેગાં જ છે. જેના જ્ઞાનમાં કેવળજ્ઞાનના સામર્થ્યનો નિર્ણય થયો તેની અલ્પ કાળમાં મુક્તિ કેવળજ્ઞાનમાં નોંધાયેલી જ છે. જે જ્ઞાને કેવળજ્ઞાનનો નિર્ણય કર્યો તે જ્ઞાન રાગથી જાુદું પડીને જિનસ્વભાવ તરફ વળ્યું,–તેને સમ્યક્ત્વ હોગા...હોગા ને હોગા; દ્રવ્યસ્વભાવ તરફ ઝૂકે ત્યાં પર્યાયમાં સમ્યક્ત્વની કાળલબ્ધિ આવી જ જાય. આના સિવાય બીજા કરોડો ઉપાય બહારમાં કરે તો પણ સમ્યક્ત્વ થાય નહિ. સમ્યક્ત્વ એ સહજ વસ્તુ છે, બહારના યત્ન વડે તે સધાતી નથી. વિકલ્પરૂપ પ્રયત્ન વડે સ્વાનુભવ થતો નથી, સ્વાનુભવ સહજ છે એટલે પરિણતિ સ્વરૂપમાં પ્રવેશી ગઈ, ત્યાં પુરુષાર્થનો પણ વિકલ્પ નથી.–આવી સહજ પરિણતિરૂપ સમ્યક્ત્વછે, એમ આશય સમજવો.

## આત્મામાં મન કેમ પરોવાય ?

એક ભાઈએ પૂછયું–આત્માની વાત સાંભળતી વખતે તો સારી લાગે છે પણ તેના વિચારમાં મન પરોવાતું નથી, તેનું શું કારણ ?

ઉત્તરમાં ગુરુદેવે કહ્યું કે જો ખરેખરી રુચિ હોય તો તેમાં મન કેમ ન પરોવાય ? સંસારના વિચારમાં મન કેમ પરોવાય છે ? સાંભળતી વખતે પણ જો ખરેખર આત્મસ્વરૂપ લક્ષગત કરીને તેનો ઉત્સાહ આવે તો ઉપયોગ તેમાં લાગ્યા વગર રહે નહિ. આત્માને જાણવાની ખરેખરી લગન જાગે તેને તેમાં વારંવાર ઉપયોગ લાગે. એના વિચારમાં મન નથી લાગતું તો પોતાનાં પરિણામમાં ખામી છે. ઉપયોગને પરાણેપરાણે બળપૂર્વક પરથી પાછો વાળીને સ્વતત્ત્વમાં, ચિંતનમાં જોડવાનો વારંવાર ઉદ્યમ કરવો જોઈએ. વારંવાર અંતરના ઊગ્ર અભ્યાસવડે ચૈતન્યમાં ઉપયોગ જરૂર લાગે છે.

# આગમપદ્ધત્તિ અને અધ્યાત્મપદ્ધત્તિનું વર્ણન

**( અધ્યાત્મપદ્ધત્તિ તે મોક્ષમાર્ગઃ આગમપદ્ધત્તિ તે સંસાર )**

**“વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહીએ છીએ, આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મ કહીએ છીએ. આગમ તથા અધ્યાત્મસ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા. તે બંને ભાવ સંસારઅવસ્થા વિષે ત્રિકાલવર્તી માનવા”**

વસ્તુનો સ્વભાવ કહેતાં અહીં ત્રિકાળી સ્વભાવ ન સમજવો, પણ પર્યાયનો ભાવ સમજવો; સંસારી જીવને પર્યાયમાં વિકારની પરંપરા અનાદિથી ચાલી આવે છે તથા તેના નિમિત્તરૂપે કર્મની પરંપરા પણ અનાદિથી ચાલી આવે છે, તેને અહીં ‘આગમપદ્ધત્તિ’ કહે છે. આ આગમપદ્ધત્તિ અશુદ્ધ છે એટલે તેમાં આત્માનો અધિકાર ન કહ્યો. અધ્યાત્મપદ્ધત્તિ શુદ્ધ પર્યાયરૂપ છે એટલે તેમાં આત્માનો અધિકાર કહ્યો. આગમરૂપ અશુદ્ધભાવ અને અધ્યાત્મરૂપ શુદ્ધભાવ–એ બંને ભાવો આત્મદ્રવ્યના જાણવા. અને એ બંને ભાવવાળા જીવો સંસારઅવસ્થામાં સદાય હોય છે એટલે સંસારઅવસ્થામાં એ બંને ભાવોને ત્રિકાલવર્તી કહ્યા.

સંસારમાં સાધક અને બાધક જીવો સદાય વર્તે જ છે; સંસારમાં કોઈવાર એકલી અશુદ્ધ પર્યાયવાળા જીવો જ રહી જાય ને શુદ્ધ પર્યાયવાળા કોઈ જીવ ન હોય એમ કદી બનતું નથી, તેમજ બધા જીવો શુદ્ધ પર્યાયવાળા થઈ જાય ને અશુદ્ધપર્યાયવાળા કોઈ જીવ ન રહે–એમ પણ કદી બનતું નથી; એટલે અશુદ્ધ ભાવરૂપ આગમપદ્ધત્તિ અને શુદ્ધભાવરૂપ અધ્યાત્મપધ્ધત્તિ એ બંને ભાવો સંસારમાં ત્રણેકાળે વર્તે છે. આ વાત સંસારમાં રહેલા ભિન્નભિન્ન જીવોની અપેક્ષાએ સમજવી, એટલે કે કોઈ જીવો શુધ્ધપર્યાયવાળા હોય, કોઈ જીવો અશુધ્ધ પર્યાયવાળા હોય, કોઈ મિશ્ર પર્યાયવાળા હોય,–એ રીતે બંને ભાવો ત્રિકાળવર્તી માનવા. પણ એક જ જીવમાં એ ભાવો સદાય રહ્યા કરે એમ ન સમજવું. નહિતર તો અશુધ્ધતા ટળીને શુધ્ધતા કદી થઈ જ ન શકે. અથવા શુધ્ધ પર્યાય પણ અનાદિની ઠરે. પણ એમ નથી. એક જીવ વ્યક્તિગત રીતે પોતાની પર્યાયમાંથી અશુધ્ધતા ટાળીને શુધ્ધતા પ્રગટ કરી શકે છે, પણ જગતમાંથી અશુધ્ધભાવનો સર્વથા અભાવ થઈ જાય –એમ કદી બનવાનું નથી. જગતમાં તો બધા ભાવવાળા જીવો

સદાય રહેવાના છે. જગતમાં સિદ્ધ પણ અનાદિથી થતા આવે છે ને નિગોદ પણ અનાદિથી છે, મિથ્યાદ્રષ્ટિ પણ અનાદિથી છે ને સમ્યગ્દ્રષ્ટિ પણ અનાદિથી છે, અજ્ઞાની પણ છે ને કેવળજ્ઞાની પણ છે; એમ બધા પ્રકારના જીવો જગતમાં સદાય રહેવાના છે.– કોઈ જીવ આખા જગતમાંથી અજ્ઞાનનો ને અશુદ્ધતાનો અભાવ કરવા માગે તો તેમ ન કરી શકે, પણ પોતે પોતાના આત્મામાંથી અજ્ઞાન અને અશુદ્ધતા મટાડીને કેવળજ્ઞાન અને સિદ્ધપદ પ્રગટ કરી શકે.

જેટલા શુભાશુભ વ્યવહારભાવો છે તે બધાય આગમપદ્ધત્તિમાં છે; આગમપદ્ધત્તિ તે બંધ પદ્ધત્તિ છે, અથવા કર્મ પદ્ધત્તિ છે. તેમાં ધર્મ નથી. ધર્મ તો અધ્યાત્મપદ્ધત્તિમાં છે; અધ્યાત્મપદ્ધત્તિ તે મોક્ષમાર્ગરૂપ છે, તે શુદ્ધભાવ રૂપ છે. આ શુદ્ધ ભાવરૂપ અધ્યાત્મ–પદ્ધત્તિમાં આત્માનો અધિકાર કહ્યો, પણ આગમ પદ્ધત્તિમાં આત્માનો અધિકાર ન કહ્યો, કેમ કે તે આત્માના સ્વભાવરૂપ નથી પણ વિભાવરૂપ છે. અહીં 'આગમપધ્ધતિ' કહી તેમાં 'આગમ' નો અર્થ સિધ્ધાન્તરૂપ શાસ્ત્ર ન સમજવો. પણ આગમ–પધ્ધત્તિ એટલે અનાદિથી ચાલી આવેલી પરંપરા; અથવા આગમ એટલે આગંતુક ભાવો. વિકારી ભાવો છે તે નવા આગંતુક છે, તે સ્વભાવમાં નથી પણ કર્મનિમિત્તે પર્યાયમાં નવા નવા ઉત્પન્ન થયેલા છે, ને અનાદિથી તેનો પ્રવાહ ચાલ્યો આવે છે. વિકાર અને તેના નિમિત્તરૂપ કર્મ એ બંનેનો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે તેનું નામ આગમપધ્ધતિ છે. ને જીવમાં જે નવી અપૂર્વ અધ્યાત્મદશા એટલે કે શુધ્ધપર્યાય પ્રગટે તે અધ્યાત્મપધ્ધતિ છે. આ બંને પ્રકારના ભાવો જગતમાં સદાય વર્તતા જ હોય છે. એ બંનેનું હવે વિવેચન કરે છે–

**"આગમરૂપ કર્મપદ્ધત્તિ છે; અધ્યાત્મરૂપ શુદ્ધચેતનાપદ્ધત્તિ છે. તેનું વિવેચન-**

*** કર્મપદ્ધત્તિ પૌદ્ગલિકદ્રવ્યરૂપ અથવા ભાવરૂપ છે. દ્રવ્યરૂપ તો પુદ્ગલના પરિણામ છે; ભાવરૂપ પુદ્ગલાકાર આત્માની અશુદ્ધપરિણતિરૂપ પરિણામ છે. તે બંને પરિણામ આગમરૂપ સ્થાપ્યા.**

*** હવે શુદ્ધચેતનાપદ્ધત્તિ એટલે શુદ્ધઆત્મપરિણામ; તે પણ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ એમ બે પ્રકારે છે. દ્રવ્યરૂપ તો જીવત્વ પરિણામ, તથા ભાવરૂપ જ્ઞાનદર્શન-સુખ-વીર્ય આદિ અનંત ગુણપરિણામ,-એ બંને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા.**

**આ આગમ તથા અધ્યાત્મ બંને પદ્ધત્તિમાં અનંતતા માનવી."**

**જુઓ, હવે આ સૂક્ષ્મ વાત! પણ છે તો જીવના પોતાના પરિણામની જ વાત.**

જીવની પર્યાયમાં કેવા કેવા પ્રકારના ભાવો થાય છે તે સમજવાની આ વાત છે, એટલે ધ્યાન રાખીને સમજવા જેવી છે.

આત્માની પરિણતિમાં અશુદ્ધતા અનાદિથી છે, તે સ્વભાવગતભાવ નથી પણ, આગંતુક–વિકારીભાવ છે. તે પરિણામ સ્વભાવ–આકારરૂપ નથી એટલે તેને પુદ્‌ગલાકારરૂપ કહ્યા છે, કેમકે પુદ્‌ગલકર્મો તેમાં નિમિત્ત છે.

પુદ્‌ગલકર્મની પરંપરા તે દ્રવ્ય રૂપ કર્મપદ્ધતિ, ને તેના નિમિત્તે થતાં જીવના વિકારની પરંપરા તે ભાવરૂપ કર્મપદ્ધત્તિ છે. આમ દ્રવ્ય ને ભાવકર્મની પરંપરારૂપ આગમ પદ્ધત્તિ છે. આ બંને ભાવોને જીવદ્રવ્યના કહ્યા છે.

પ્રશ્નઃ– જે દ્રવ્યકર્મની પરંપરા છે તે તો પુદ્‌ગલની પર્યાય છે, છતાં અહીં તેને જીવનો ભાવ કેમ કહ્યો ?

ઉત્તરઃ– એ પુદ્‌ગલની પર્યાય છે એ વાત સાચી, પરંતુ જીવના અશુદ્ધભાવની સાથે તેને સંબંધ છે, જીવના અશુદ્ધભાવની સાથે મેળવાળું તેનું પરિણમન છે તેથી અહીં તે કર્મ પદ્ધત્તિને પણ જીવના ભાવ કહી દીધા છે. જીવ સાથે જેને સંબંધ નથી એવા બીજા અનંતા પરમાણુઓ જગતમાં છે, પણ તેની અહીં વાત નથી. અહીં તો જીવના પરિણામ સાથે જેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એવા પુદ્‌ગલોની વાત છે. લાકડું–ઘર–શરીર વગેરેનો સંબંધ તો જીવને ક્યારેક હોય ને ક્યારેક ન પણ હોય, પરંતુ સંસારમાં જીવને કર્મનો સંબંધ તો સદાય હોય જ છે; એ સંબંધ બતાવવા તેને પણ જીવનો ભાવ કહ્યો છે–એમ સમજવું.

આત્મદ્રવ્યના અને તેના જ્ઞાનાદિ ગુણોના જે શુદ્ધ પરિણામ છે તે અધ્યાત્મપદ્ધત્તિરૂપ છે; આ અધ્યાત્મપદ્ધત્તિ શુદ્ધચેતનારૂપ છે એટલે તેમાં વિકાર કે કર્મોનો સંબંધ ન આવે.

દ્રવ્યના શુદ્ધ પરિણામ તે દ્રવ્યરૂપ શુદ્ધચેતનાપદ્ધત્તિ છે એને જ્ઞાન–શ્રદ્ધા–ચારિત્ર વગેરે ગુણોના શુદ્ધપરિણામ તે ભાવરૂપ શુદ્ધચેતનાપદ્ધત્તિ છે.–આ બંને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા.

આગમપદ્ધત્તિ સંસારનું કારણ છે, અધ્યાત્મપદ્ધત્તિ મોક્ષનું કારણ છે. જેનાથી કર્મ બંધાય તે બધાય ભાવો આગમપદ્ધત્તિમાં જાય છે,–વ્યવહાર રત્નત્રયમાં જે શુભરાગ છે તે પણ આગમપદ્ધત્તિમાં જાય છે; શુદ્ધચેતનારૂપ જેટલા ભાવો છે તે અધ્યાત્મપદ્ધત્તિમાં

આવે છે. આ બંને પદ્ધત્તિની ધારા એકબીજાથી જાુદી છે. આ બંને પદ્ધત્તિમાં અનંતતા માનવી; આત્માના વિકારી ભાવોમાં અનંત પ્રકારો છે ને તેમાં નિમિત્તરૂપ કર્મમાં પણ અનંત પ્રકારો છે; આત્માના નિર્મળ પરિણામોમાં પણ અનંત ગુણના અનંત પ્રકારો છે; જ્ઞાનાદિ ગુણોના પરિણમનમાં પણ અનંત પ્રકાર છે. આ રીતે અશુદ્ધતા કે શુદ્ધતા એ બંનેમાં અનંતતા સમજવી.

જેમ સમયસારમાં અજ્ઞાનીને પુદ્ગલકર્મના પ્રદેશમાં સ્થિત કહ્યો, તેમ અહીં અશુદ્ધ– પરિણામને પુદ્ગલાકાર કહ્યા, તે આત્માના સ્વભાવની જાત નથી તેને આત્મ–આકાર ન કહ્યા. આત્માના આશ્રયે પ્રગટેલા, આત્માના શુદ્ધપરિણામ છે તે આત્મ–આકાર છે તેમાં પુદ્ગલનો સંબંધ નથી, આત્માના સ્વભાવ સાથે સંબંધવાળા જે ભાવ હોય તે આત્માને સુખનું કારણ હોય. પુદ્ગલ સાથે સંબંધવાળા જે ભાવ હોય તે આત્માને સુખનું કારણ ન હોય, તેથી તે ભાવો ઉપાદેય નથી; તે તો આગંતુક એટલે બહારથી આવેલા છે, તે કાંઈ ઘરમાંથી પ્રગટેલા નથી, કે ઘરમાં રહેવાના નથી. તે ભાવોમાં ખરેખર આત્મા નથી, તેમાં મોક્ષમાર્ગ નથી. જે કોઈ શુભાશુભ ભાવો છે તેમાં આત્માનો અધિકાર નથી પણ આસ્રવનો અધિકાર છે, બંધનો અધિકાર છે. એ વિકારી ભાવોનું સ્વામીપણું આસ્રવ ને બંધ તત્ત્વોને છે. આત્માના સ્વભાવને તેનું સ્વામીપણું નથી, માટે તેમાં આત્માનો અધિકાર નથી. આત્માનો અધિકાર તો શુદ્ધ ચેતના પરિણામમાં છે. આગમપદ્ધત્તિ છે તે ઉદયભાવ રૂપ છે, ને અધ્યાત્મપદ્ધત્તિ ઉપશમ–ક્ષાયક કે સમ્યક્ક્ષયોપશમભાવરૂપ છે.

પુણ્ય–પાપ–આસ્રવ–બંધ ને અજીવકર્મ એ પાંચ તત્ત્વો આગમપદ્ધત્તિમાં સમાય છે, ને સંવર–નિર્જરા–મોક્ષ તથા શુદ્ધજીવ એ ચાર તત્ત્વો અધ્યાત્મપદ્ધત્તિમાં આવે છે. આમ બંને પદ્ધત્તિ એક બીજાથી વિલક્ષણ છે. તેનું સ્વરૂપ ઓળખે તો ભેદજ્ઞાન થઈ જાય ને મોક્ષમાર્ગ પ્રગટે; એટલે પોતામાં અધ્યાત્મની પરંપરા વિકસવા માંડે ને આગમની (કર્મની તથા અશુદ્ધતાની) પરંપરા તૂટવા માંડે.–આનું નામ ધર્મ. આવી અધ્યાત્મપદ્ધત્તિની (એટલે કે શુદ્ધ પરિણમનની પરંપરાની) શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે. ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધી અધ્યાત્મપદ્ધત્તિ છે; પરંતુ ત્યાં જેટલી અશુદ્ધતા ને કર્મનો સંબંધ છે તેટલી આગમપદ્ધત્તિ છે. તે સર્વથા છૂટી જતાં સંસાર છૂટી જાય છે ને સિદ્ધ દશા પ્રગટે છે; ત્યાં પછી પુદ્ગલકર્મ સાથેનો જરાય સંબંધ રહેતો નથી, ને સંસારની અનાદિની પરંપરા પણ અત્યંતપણે છેદાઈ જાય છે.

અજ્ઞાની તો આગમપદ્ધતિને, એટલે કે વિકારને તથા કર્મના સંબંધને જ જીવનું સ્વરૂપ માને છે, જીવના શુદ્ધ સ્વરૂપને તે જાણતો નથી, એટલે તેને અધ્યાત્મપદ્ધત્તિ કે

આગમપદ્ધત્તિ બેમાંથી એક્કેયનું જ્ઞાન નથી. તેને આગમપદ્ધત્તિ તો છે પણ આગમપદ્ધત્તિનું જ્ઞાન તેને નથી; શુભરાગ વગેરે આગમપદ્ધત્તિને જ તે તો અધ્યાત્મપદ્ધત્તિરૂપ માની લ્યે છે.– એ વાત આગળ આવશે. આગમ તથા અધ્યાત્મપદ્ધત્તિનું ખરું જ્ઞાન સમ્યગ્જ્ઞાનીને જ હોય છે.

સંસારમાં આગમ અને અધ્યાત્મપદ્ધત્તિ બંને ત્રિકાળ છે, પણ વ્યક્તિગત એક જીવને આગમપદ્ધત્તિ અનાદિની છે, ને અધ્યાત્મપદ્ધત્તિરૂપ સાધકદશા અસંખ્ય સમયની હોય છે. કોઈ સાધકદશામાં લાંબામાં લાબો કાળ રહે તો પણ તે અસંખ્ય સમય જ હોય, તેથી વધુ ન હોય; ને કોઈ જીવ સાધકદશામાં ઓછામાં ઓછો કાળ રહીને સિદ્ધ થાય તોપણ તેને સાધકદશામાં અસંખ્ય સમય તો હોય જ. સંસારમાં દરેક જીવને આ બધાય ભાવો હોય જ એવો નિયમ નથી; જેને જે લાગુ પડે તે સમજી લેવા.

****

***

**

*

હે જીવ!

જો તારે શરીરરહિત થવું હોય,
કર્મનો ધ્વસં કરવો હોય,
ને વિકારી ભાવોનો અભાવ કરવો હોય,

–તો–

શરીર રહિત એવો અશરીરી,
કર્મથી રહિત એવા અબંધ,
ને વિકાર રહિત જ્ઞાન સ્વભાવી,

એવા તારા આત્માને શુદ્ધનયની દ્રષ્ટિથી તું દેખ.
એ સ્વભાવને અનુભવતાં તારા ભાવકર્મો
ટળી જશે, દ્રવ્યકર્મો છૂટી જશે ને કર્મરહિત
એવા સિદ્ધપદની તને પ્રાપ્તિ થશે...........

*

# આખું જગત આત્માને અનુભવો

*** પોતે શુદ્ધાત્માને અનુભવીને આખા જગતને કહે છે કે તમે પણ ભ્રાંતિ છોડીને આવા શુદ્ધઆત્માને અનુભવો. ***

卐

**જગતના સમસ્ત જીવોને સંબોધીને કહે છે કે**
**તમે આવા શુદ્ધઆત્માને અનુભવો.**

न हि विदधति बद्धस्पृष्टभावादयोमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।

જગત એટલે સર્વ જીવરાશિ, જગતના સર્વે જીવો; જેમ 'કાઠિયાવાડ જાગ્યું" એટલે કાઠિયાવાડના જીવો જાગ્યા; તેમ જગત....એટલે જગતના સર્વે જીવો,–તેને સંબોધીને સાગમટે કહે છે કે પૂર્વે કહ્યો એવા શુદ્ધ આત્માને પ્રત્યક્ષરૂપ સ્વસંવેદનથી તમે અનુભવમાં લ્યો. અનાદિકાળથી પરભાવના અનુભવમાં દુઃખ વેઠયું, હવે સ્વાનુભવના આનંદને ભોગવો. અહા, નાની નાની ઉંમરના રાજકુંવરો, પણ બધું છોડીને ચૈતન્યના આનંદને અનુભવવા વનમાં ગયા. –ને ચૈતન્યના સ્વરૂપમાં પ્રવેશ્યા. ભરતચક્રવર્તીના સેનાપતિ જયકુમાર (–હસ્તિનાપુરના રાજા) વૈરાગ્ય પામીને જ્યારે દીક્ષિત થયા ને ભગવાનના ગણધર થયા, ત્યારે એ વૈરાગ્ય સમાચાર સાંભળીને, વનક્રીડા માટે ગયેલા ભરતચક્રીના ૧૦૦ રાજકુમારો ત્યાંથી સીધા ભગવાનના સમવસરણમાં ગયા.....ને ત્યાં જઈને મુનિ થયા. આ બહારના રાજવૈભવથી ઉત્તમ બીજી કંઈક વસ્તુ અંદરમાં દેખી હતી, તે વસ્તુના આનંદને સાધવા રાજપાટ છોડીને ચાલી નીકળ્યા. અહીં તો કહે છે કે આખા જગતના જીવો આવા આત્માને અનુભવો.–પોતાને તે અનુભવ અત્યંત ગોઠયો છે તેથી આખા જગતને તેનું નિમંત્રણ કરે છે.

કઈ રીતે અનુભવો ?–કે શરીરાદિ સમસ્ત પરદ્રવ્યોમાં મોહથી રહિત થઈને શુદ્ધ–આત્માને અનુભવો. આવા અનુભવ વગર ચાર ગતિના ઘોર દુઃખમાં અનંતકાળ વીત્યો, પણ હવે તો આવો અવસર પામીને શુદ્ધઆત્માને અનુભવમાં લઈને તેના આનંદનો સ્વાદ લ્યો. પોતે સ્વાદ લઈને બીજાને તેવો સ્વાદ લેવાનું કહે છે. પોતે જાણ્યું હોય તો બીજાને કહે ને ! ‘જગત અનુભવો’ એનો અર્થ કે અમે તો અનુભવ કર્યો છે, ને જગતમાં પણ જે કોઈ જીવો સુખ ચાહતા હોય તેઓ આવી વસ્તુનો અનુભવ કરો.

શરીરાદિ પરવસ્તુને પોતાની માનીને જ્યાંસુધી મિથ્યાભાવે પ્રવર્તે છે ત્યાંસુધી એનાથી ભિન્ન શુદ્ધજીવ વસ્તુનો અનુભવ થતો નથી. માટે કહ્યું કે એ મિથ્યાબુદ્ધિરૂપ મોહને છોડીને, શુદ્ધનયવડે આત્માને અનુભવમાં લ્યો.

અરે જીવ ! તું ભૂલ્યો ! જે તારું સ્વરૂપ તેને તેં જાણ્યું નહિ, ને જે તારું સ્વરૂપ નથી તેને તું પોતાનું માની બેઠો. જે વસ્તુ તારે કામની નથી એમાં તું મોહ્યો; ને જે વસ્તુ ખરેખર તારે કામની છે એવી સ્વવસ્તુની સામે તેં જોયું નહિ–આથી તું અનાદિથી દુઃખી થયો પણ હવે તો શરીરાદિને પર જાણીને, અંતરની સ્વવસ્તુને દેખ, તેને અનુભવમાં લે; એ અનુભવમાં જ પરમ સુખ છે.

અહો, પોતાનો જે સ્વભાવ પોતામાં છે તેને અનુભવવાની સીધી–સાદી–સ્પષ્ટ વાત છે. પરદ્રવ્યો તો છૂટા જ છે, તે પરદ્રવ્યો સાથેની એકત્વબુદ્ધિ તેં કરી છે, એકત્વબુદ્ધિને તું છોડ તો સ્વાનુભવને યોગ્ય થા. પરમાં એકત્વ છોડીને જ્ઞાને જ્યાં સ્વમાં એકત્વ કર્યું ત્યારે સ્વાનુભવ થયો.

સ્વાનુભવ માટે છોડવાનું શું ?

કે પરદ્રવ્ય મારું એવી એકતાબુદ્ધિને છોડવી.

સ્વાનુભવમાં અંગીકાર કરવાનું શું ?

પોતાની ચૈતન્યવસ્તુ જેવી છે તેવી ગ્રહણ કરવી, એટલે કે શ્રદ્ધા–જ્ઞાનમાં લેવી.

ભાઈ, તારે સ્વાનુભવ માટે જે છોડવાનું છે તે કાંઈ બહારમાં નથી, તારી પર્યાયમાં જ છે. તારી પર્યાયમાં પરની સાથેની એકત્વબુદ્ધિરૂપ જે મિથ્યાભાવ તે જ તારે છોડવાનો છે, તેને છોડતાં આત્મા સ્વાનુભવને લાયક થાય છે. અથવા સ્વાનુભવ થયો ત્યાં તે મિથ્યાબુદ્ધિ છૂટી જાય છે.–આમ અસ્તિ–નાસ્તિ છે. શુદ્ધસ્વભાવના અનુભવમાં મિથ્યાબુદ્ધિનો અભાવ છે, તે અનુભવમાં સર્વ પ્રકારે શુદ્ધઆત્મા જ પ્રકાશમાન છે. આવો આત્મા જ્યાં

અનુભવગોચર થયો ત્યાં કોઈ પ્રકારની ભ્રાંતિ રહેતી નથી, દેહમાં–રાગમાં–વિકલ્પમાં ક્યાંય એકત્વબુદ્ધિ રહેતી નથી, સર્વ તરફથી શુદ્ધઆત્મા જ પ્રકાશમાન થાય છે.

શુદ્ધઆત્મા એવો છે કે તેનો અનુભવ કરતાં કોઈ ભ્રાંતિ રહેતી નથી; બદ્ધ–સ્પૃષ્ટ આદિ ભાવોથી રહિત સ્વભાવ જ્યાં અનુભવમાં સ્પષ્ટ આવી ગયો, ત્યાં સ્વભાવમાં બંધન કે અશુદ્ધતા હશે–એવી કોઈ શંકા રહેતી નથી.

પ્રશ્નઃ– શુદ્ધાત્માના અનુભવમાં વિકાર ન હોય, એ તો બરાબર, પરંતુ તો પછી જે રાગ–દ્વેષ–મોહ અથવા સુખદુઃખરૂપ પરિણામોને કોણ કરે છે? ને કોણ ભોગવે છે? આત્મા તો શુદ્ધસ્વરૂપ છે. પછી આ અશુદ્ધભાવો આવ્યા ક્યાંથી ?

ઉત્તરઃ– ભાઈ, સ્વાનુભવમાં આત્મા શુદ્ધ છે, પણ જ્યારે સ્વાનુભવ ન હોય ને વિકાર કરે ત્યારે જીવ જ તેનો કર્તા ને ભોક્તા છે. એ કાંઈ જડ નથી; ચેતનનો વિકાર છે; ને સ્વાનુભવપણે જીવ તેનો કર્તા નથી; પણ જે જીવ શુદ્ધપરિણતિરૂપ નથી પરિણમતો, ને અશુદ્ધતારૂપ પરિણમે છે, તેની પર્યાયમાં વિકાર છે તેનો કર્તા તે જીવ પોતે જ છે; બીજો કોઈ તેનો કર્તા નથી, કે કર્મે તે કરાવ્યો નથી. અજ્ઞાનભાવથી જીવ જ તે કરે છે ને જીવ જ તેને ભોગવે છે. જ્ઞાની જાણે છે કે આ રાગાદિભાવો છે તે જીવની વિભાવ પરિણતિ છે, ઉપાધિરૂપ ભાવ છે. શુદ્ધસ્વરૂપમાં તેનું કર્તૃત્વ નથી,–પણ શુદ્ધસ્વરૂપને અનુભવે ત્યારે તેનું કર્તૃત્વ છૂટે. આ રીતે શુદ્ધાત્માના વિચાર વખતે તે વિકાર જીવનું સ્વરૂપ નથી. એમ કહ્યું. પણ નિજસ્વરૂપનો વિચાર કરે નહિ; નિજસ્વરૂપ શું છે તેને જાણે નહિ–અનુભવે નહિ, ને કહે કે વિકાર આત્મામાં છે જ નહિ.–તો તે તેની ભ્રાન્તિ છે. ભાઈ, શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ પ્રગટ કર્યા વગર પર્યાયમાંથી અશુદ્ધભાવોનું કર્તૃત્વ છૂટે નહિ; રાગાદિ અશુદ્ધભાવો જીવની સાથે બંધાયેલા છે,–જીવની પર્યાયમાં છે,–પણ શુદ્ધસ્વરૂપમાં એ કોઈ અશુદ્ધભાવો પ્રતિષ્ઠા પામતા નથી, શોભા પામતા નથી, શુદ્ધસ્વરૂપમાં તે પેસી જતા નથી. આત્મા સાથે જાણે તે અશુદ્ધતા પિંડરૂપ થઈ ગઈ હોય–એમ પર્યાયદૃષ્ટિથી દેખાય છે, પર્યાયમાં તે વિદ્યમાન છે, પણ શુદ્ધસ્વરૂપના અનુભવથી તે બહાર છે, શુદ્ધસ્વરૂપ તે વિભાવરૂપ થઈ ગયું નથી. માટે આવા સમ્યક્સ્વભાવને અનુભવમાં લ્યો. શોભા તો આવા શુદ્ધસ્વરૂપના અનુભવથી છે, વિભાવોથી આત્માની શોભા નથી. વિભાવોને આત્માના શુદ્ધસ્વરૂપમાં સ્થાન નથી, આત્માના સ્વરૂપમાં વિભાવોની પ્રતિષ્ઠા નથી.

શુદ્ધસ્વરૂપે વર્તમાનમાં છે, ને અશુદ્ધતાય વર્તમાનમાં છે, પણ બંને એકમેક નથી; બદ્ધ–સ્પષ્ટ આદિ વિભાવો છે, તે સ્વભાવપણે નથી, એ તો નવા સંબંધપણે થયેલા છે. એ છૂટી જતાં આત્માના સ્વરૂપમાંથી કાંઈ છૂટી જતું નથી, કેમકે તે ભાવો શુદ્ધસ્વરૂપથી બહાર છે.

નર–નારકાદિ વિભાવપર્યાયો અન્ય અન્ય ભાવરૂપ છે, ને શુદ્ધ ચૈતન્યસ્વભાવ એકરૂપ–અનન્યભાવ છે. અસંખ્યપ્રદેશી આકારમાં અનેક પ્રકારના સંકોચ–વિસ્તારરૂપ પરિણમન થાય છે, તે અનિયત છે, અસંખ્યપ્રદેશનો કોઈ નિયત આકાર નથી પણ અનેક આકારો બદલે છે; આવું અનિયતપણું લક્ષમાં લેતાં શુદ્ધજીવતત્ત્વ અનુભવમાં નથી આવતું. શુદ્ધ ચેતનાસ્વરૂપ છે તે જીવતત્ત્વનો નિયત–એકરૂપ રહેનાર ભાવ છે; દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે ગુણોનો ભેદ છે તે વિશેષભાવ છે, તે ગુણભેદના આશ્રયદ્વારા પણ શુદ્ધજીવવસ્તુ અનુભવમાં ન આવે. એ વિશેષો રહિત એટલે ગુણભેદના વિકલ્પો રહિત શુદ્ધજીવવસ્તુ છે. રાગાદિક ઉપાધિભાવો છે તે સંયુક્તભાવ છે. અહીં કર્મથી સંયુક્તપણાની વાત ન લીધી, પણ પરભાવથી સંયુક્તપણાની સૂક્ષ્મ વાત લીધી, એવું સંયુક્તપણું શુદ્ધ જીવવસ્તુના અનુભવમાં આવતું નથી. જે બદ્ધ–સ્પષ્ટ આદિ વિભાવપરિણામો કહ્યા તે સંસારઅવસ્થાયુક્ત જીવોને અવસ્થામાં છે, પણ શુદ્ધ જીવસ્વરૂપની સ્વાનુભૂતિમાં તેનો અભાવ છે. સ્વાનુભૂતિમાં તે પરભાવો પ્રવેશતા નથી; તે તો ઉપર ને ઉપર બહાર જ રહે છે. જ્ઞાનગુણરૂપ શુદ્ધજીવ તો ત્રિકાળગોચર છે, ત્રણેકાળ શુદ્ધસ્વરૂપે રહેનાર છે, તે પરવસ્તુને તો સ્પર્શ્યો નથી, ને પરભાવને ય તે અડયો નથી. શુદ્ધસ્વભાવ તો વિકારને સ્પર્શ્યો નથી, ને તે સ્વભાવના અનુભવરૂપ પર્યાય પણ તે વિકારભાવોને સ્પર્શતી નથી.–માટે હે જીવ! તારે સમ્યક્ત્વ કરવું હોય, શુદ્ધ વસ્તુનો અનુભવ લેવો હોય તો, એ પર્યાયના વિભાવોની દ્રષ્ટિ છોડીને આવા સ્વભાવની સન્મુખ થા. શુદ્ધ જીવના સ્વરૂપના અનુભવમાં જે પર્યાય વળી તે પર્યાય સમસ્ત પરભાવોથી ભિન્ન છે. ચોથા ગુણસ્થાને શુદ્ધ આત્માની આવી અનુભૂતિ થાય છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને અનુભૂતિમાં સર્વ પરભાવનો અભાવ છે.

પર્યાયમાં જોતાં પરભાવોની પ્રગટ ઉત્પત્તિ થાય છે, પર્યાયમાં તેનું વિદ્યમાનપણું છે, છતાં શુદ્ધસ્વરૂપ તેનાથી જુદું છે, જે એકલા વિકારને જ દેખે છે, ને શુદ્ધસ્વભાવ મોટો મહિમાવંત ચૈતન્યસૂર્ય છે તેને નથી દેખતો, તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. ભાઈ, ત્રિકાળને ભૂલીને એકલા ક્ષણિક વિકાર જેટલી જ વસ્તુ તેં માની! પણ એ વિકાર કાંઈ ત્રિકાળગોચર નથી; મોક્ષદશા થતાં તેનો સર્વથા અભાવ થાય છે,–એટલે અત્યારે જ શુદ્ધવસ્તુમાં તેનો અભાવ છે–એમ તું શુદ્ધદ્રષ્ટિથી શુદ્ધવસ્તુને અનુભવમાં લે....તો જ સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન થતાં પર્યાયમાંથી પણ પરભાવ છૂટવા માંડયા. સ્વભાવ તરફ વળેલી પર્યાયમાં પરભાવો છે જ નહિ. આમ પર્યાયમાં પણ શુદ્ધતા અનુભવાય ત્યારે જીવવસ્તુના શુદ્ધસ્વરૂપને જાણ્યું કહેવાય. શુદ્ધસ્વરૂપને જાણ્યું ને પર્યાયમાં જરાય શુદ્ધતા ન આવી–એમ બને નહિ. જે મોક્ષમાં નથી તે જીવના શુદ્ધસ્વરૂપમાં નથી;–આ રીતે આત્માના શુદ્ધસ્વરૂપનો નિર્ણય કરીને, હે જગતના જીવો! તમે તેનો અનુભવ કરો.

# આત્માનો અનુભવ

*** આવો અનુભવ કરતાં શું થાય છે? ને આત્મા કેવો દેખાય છે? - તે કહે છે- ***

भूतं भांतमभूतमेव रभसा निर्भिद्य बन्धं सुधी-
र्यद्यंतः किल कोऽप्यहो कलयति व्याहत्यमोहं हठात्।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलंकपंकविकलो देवः स्वयं शाश्वतः।।१२।।

આવો સ્વાનુભવ કરતાં ભગવાન આત્મા પોતાના સ્વસ્વભાવપણે પ્રગટ થાય છે.... એટલે કે પર્યાયમાં પ્રગટ અનુભવરૂપ થાય છે. ચેતના લક્ષણરૂપ આત્મા સ્વાનુભવ વડે અશુદ્ધતારૂપી કીચડથી સર્વથા ભિન્ન થાય છે. જુઓ તો ખરા, આ આત્માના અનુભવનો મહિમા! કે જેનો અનુભવ થતાં જ ચારગતિમાં ભ્રમણ અટકી જાય છે ને ધ્રુવ-સ્થિર એવી સ્વભાવદશાને પામે છે; સ્વાનુભવનું ઉત્કૃષ્ટ ફળ સિદ્ધદશા છે. આત્માનો અનુભવ કરતાં જે તેના સ્વભાવમાં છે તે પર્યાયમાં પણ વ્યક્ત થાય છે. અનુભવમાં આવતો ભગવાન શુદ્ધઆત્મા પોતે દેવ છે, પોતે દિવ્યમહિમાવાળો દેવ છે, તેથી ત્રણલોકથી પૂજ્ય છે. ત્રણલોકમાં જેટલા મોટા પુરુષો છે-જ્ઞાનીઓ ધર્માત્મા છે તેઓ સર્વે આ ચૈતન્ય સ્વભાવને પૂજનીય-આદરણીય સમજે છે, માટે તે દેવ છે, એનો દિવ્ય મહિમા છે; તે પોતે શાશ્વત છે. આવા મહિમાવાળો આત્મા સ્વાનુભવમાં પ્રગટ થાય છે.

આવો આત્મા કેમ પ્રગટ થાય?

કે સ્વાનુભવદ્વારા જ પ્રગટ થાય. ભગવાન આત્માનો મહિમા એટલો મહાન છે કે સ્વાનુભવના અતીન્દ્રિય આનંદદ્વારા જ તે પ્રગટ થાય, બીજા કોઈથી તે ગમ્ય થાય નહિ.

સ્વાનુભવ–પ્રત્યક્ષ સિવાય બીજા કોઈમાં (–રાગમાં, વ્યવહારમાં કે ઇન્દ્રિયજ્ઞાનમાં) એવી તાકાત નથી કે ભગવાન આત્માના અચિંત્ય મહિમાનો પાર પામે!

આત્માના સ્વાનુભવથી જ શાંતિ ને સુખ મળે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ ને અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, તેનો મહિમા સ્વાનુભવદ્વારા જ ગોચર થાય છે. જ્ઞાન ને આનંદના અનુભવ દ્વારા જ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનો મહિમા પ્રત્યક્ષગોચર થાય છે. વિકલ્પો તો પોતે દુઃખરૂપ છે, તે દુઃખ દ્વારા આનંદસ્વરૂપ આત્માનો અનુભવ થતો નથી. આત્મારૂપ થઈને આત્મા અનુભવાય, આત્માથી વિરુદ્ધભાવે આત્મા ન અનુભવાય. આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તો તેનું વેદન પણ જ્ઞાન ને આનંદરૂપ છે. જ્ઞાનનો કણ જાગે ને આનંદનો સ્વાદ આવે–એનું નામ અનુભવ છે. વિભાવ તો વિપરીત છે, તેનામાં એવી તાકાત નથી કે સ્વભાવમાં એકમેક થઈને તેને અનુભવે. સ્વભાવમાં એકમેક થઈને તેનો અનુભવ કરવાની તાકાત અતીન્દ્રિયજ્ઞાન ને આનંદમાં જ છે. વિકલ્પ તો કીચડ જેવા છે. સ્વાનુભવરૂપી અમૃતમાં કીચડ કેમ હોય? સ્વાનુભવમાં આનંદના અમૃતસમુદ્ર છે. ચૈતન્યની મહત્તા એવી છે કે અતીન્દ્રિયભાવ વિના તે ભાસે નહિ. ચૈતન્યવસ્તુનો અદ્વિતીયમહિમા અજ્ઞાનીને ખ્યાલમાં આવતો નથી; અંતરમાં વળેલી જે પરિણતિ–તેમાં જ અદ્વિતીય ચૈતન્યમહિમા પ્રત્યક્ષગોચર થાય છે.

ચૈતન્યપ્રભુનો મહિમા (મોટાઈ–બડાઈ) એક રીતે જ ગમ્ય છે,–કઈ રીતે? કે એના સ્વાનુભવવડે જ ગમ્ય થાય છે. તે સ્વાનુભવ જ્ઞાન ને આનંદસહિત છે.

આત્મામાં જેમ જ્ઞાન ગુણ છે તેમ અતીન્દ્રિયસુખ નામનો પણ એક ગુણ છે; અશુદ્ધભાવરૂપ સંસારદશામાં તે સુખનો સ્વાદ આવતો નથી. એ સુખ અશુદ્ધતા ટળીને શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જ પ્રગટે છે. એ સુખ એવું છે કે ચારે ગતિમાં એનું કોઈ દ્રષ્ટાંત નથી, ચારે ગતિના પરભાવમાં ક્યાંય એવું સુખ નથી–કે જેના દ્વારા ચૈતન્યનું અતીન્દ્રિય સુખ સમજાવી શકાય. અહા, આવું સુખ? પરમાત્માને પૂર્ણ પ્રગટ થયું છે, ને દરેક આત્માના સ્વભાવમાં ભર્યું છે, પણ જ્યારે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરે ત્યારે તે સુખનો અનુભવ–અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

શક્તિમાં સુખસ્વભાવ ભર્યો છે.

તેનો અનુભવ કેમ નથી? કે પોતામાં અશુદ્ધતા છે માટે. તેનો અનુભવ કેમ થાય? કે પોતાના શુદ્ધસ્વરૂપને અનુભવે ત્યારે. આમ દ્રવ્યના સ્વભાવનું, અને તેની શુદ્ધ–અશુદ્ધ પર્યાયનું જ્ઞાન કરાવ્યું. અહા, સ્વાનુભવના સુખની સરસ ને મીઠી વાત છે.

આત્મા અતીન્દ્રિય આનંદસ્વભાવથી ભરેલો છે, પણ પર્યાયમાં તે પ્રગટ નથી;–તે ક્યારે પ્રગટે? કે શુદ્ધસ્વરૂપને અનુભવતાં અતીન્દ્રિયઆનંદ પ્રગટે.

આત્માના અનુભવ વગર અજ્ઞાનભાવથી જીવોને એકલું દુઃખ છે, પણ એ દુઃખ એને દુઃખ કેમ લાગતું નથી?–તો કહે છે કે એને સાચા સુખની ખબર નથી, એટલે દુઃખને પણ તે ઓળખતો નથી. દુઃખની મંદતામાં એને સુખ લાગે છે, અથવા સાતાના વેદનમાં તે સુખની કલ્પના કરે છે, પણ તે સુખ નથી, તેમાં તો દુઃખ છે. આકુળતા વગરનું અતીન્દ્રિયસુખ લક્ષમાં લ્યે તો ખબર પડે કે સ્વાનુભવ સિવાય સાચું સુખ હોય નહિ. સ્વાનુભવ કરતાં અશુદ્ધતા ટળે ને અતીન્દ્રિય આનંદ પ્રગટે. આનંદનો ઉત્પાદ, અશુદ્ધતાનો ને દુઃખનો વ્યય, તથા જ્ઞાનાનંદસ્વભાવની ધ્રુવતા, આમ ઉત્પાદ–વ્યય–ધ્રુવ પણ આવી ગયા.

પરમાત્માને પૂર્ણ અતીન્દ્રિયસુખ છે, ને સાધકને સ્વાનુભવથી તે અતીન્દ્રિયસુખ અંશે પ્રગટયું છે, સ્વાનુભવ જેને નથી તેવા જીવો ચારગતિમાં એકલા દુઃખને જ ભોગવે છે. અંદરના પરમાત્મસ્વરૂપને ધ્યાવતાં જે સુખ અનુભવાય તે સુખ જગતમાં બીજે ક્યાંય કોઈ પદાર્થમાં નથી, વિકલ્પથી એની કલ્પના પણ થઈ શકતી નથી. આચાર્યદેવ કહે છે કે ભાઈ, જગતની જંજાળ છોડીને, જગતનો મોહ છોડીને આવા સ્વાનુભવસુખને તું અનુભવમાં લે. તારી સ્વવસ્તુમાં આ સુખ ભરેલું છે તે સ્વાનુભવથી પ્રગટ કર.

એક કોર ચક્રવર્તીનો વૈભવ, ઇન્દ્રનો વૈભવ, અરે! ત્રણલોકની બાહ્યસામગ્રી,– અને બીજી કોર અંદરના સ્વાનુભવના સુખનો એક કણિયો,–તો કહે છે કે ત્રણલોકની સામગ્રીમાં આ સુખનો કણિયો નથી, અને તે સામગ્રીવડે આ સુખની કલ્પના પણ થઈ શકતી નથી. માટે કહે છે કે સ્વાનુભવ જેવું સુખ જગતમાં ક્યાંય નથી; પોતાનું શુદ્ધસ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ થાય છે. માટે આવો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, ને તેને ધ્યાવવો તે જ મોક્ષનો ઉપાય છે. શુદ્ધાત્માનો ઉપાદેય કરવો તે જ મોક્ષનો ઉપાય છે.

પ્રશ્નઃ– પરમાત્માને જે પૂર્ણ અતીન્દ્રિય સુખ છે, ને આત્માના સ્વભાવમાં જે પૂર્ણ અતીન્દ્રિયસુખ ભર્યું છે, તે સુખને કોણ જાણી શકે?

ઉત્તરઃ– જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે તેને જ તે સુખ ગમ્ય છે, જેણે પોતે સ્વાનુભવથી પોતામાં તે સુખની વાનગી ચાખી તે જ તેવા પૂર્ણ સુખને જાણી શકે છે. તેથી કહ્યું કે –“आत्मात्मानुभवैकगम्यमहिमा”

અહીં તો કહે છે કે જેને સ્વાનુભવ નથી તે પરમાત્માના સુખને ઓળખતો નથી. ભગવાનને જેવું અતીન્દ્રિય સુખ છે તેવા સુખનો અંશ પોતામાં સ્વાનુભવથી અનુભવ્યા વગર, એટલે કે અતીન્દ્રિયજ્ઞાનથી પોતાના આત્માને અનુભવ્યા વગર, ભગવાનને કેવું સુખ છે તેની ઓળખાણ થાય નહિ. પોતે એકલા દુઃખના સ્વાદમાં (ને ઇન્દ્રિયજ્ઞાનમાં) ઊભો રહીને પરમાત્માના અતીન્દ્રિય સુખને જાણી ન શકે. જ્યાં સ્વાનુભવ થયો ને સ્વભાવનું સુખ ચાખ્યું ત્યાં ભાન થયું કે અહો,

આત્માનું આવું સુખ !! પરમાત્માને આવું સુખ પૂર્ણ છે, મુનિવરો આવા સ્વભાવસુખના અનુભવમાં લીન છે, સમકિતી જીવો આવા સુખને અનુભવે છે–આમ સ્વાનુભવ થતાં બધાયની ખરી ઓળખાણ થઈ; ને પોતે પણ તેમની નાતમાં ભળ્યો. ‘ભગવાન સુખી’ એમ કહે પણ સુખનું વેદન શું ચીજ છે તેને તો ઓળખે નહિ, તો ભગવાનને પણ ખરેખર ઓળખતો નથી. માટે શુદ્ધ સ્વરૂપને અનુભવે ત્યારે અતીન્દ્રિયસુખ પોતાને થાય, ને ત્યારે બીજા જીવોના અતીન્દ્રિયસુખની ખબર પડે.

પ્રશ્નઃ– કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય ? શું કરવાથી જીવ શુદ્ધ થાય ?

ઉત્તરઃ– શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે. અશુદ્ધભાવના અનુભવ વડે કદી શુદ્ધતા થાય નહિ, ને શુદ્ધતા વિના સુખ નહિ. આત્માના શુદ્ધ સ્વરૂપને અનુભવવું તે જ શુદ્ધતાનું કારણ છે, ને તેનાથી જ સુખ છે.

અશુદ્ધનો અનુભવ શુદ્ધતાનું કારણ કેમ થાય ? એટલે વિકલ્પ–રાગ–વ્યવહાર તેના અનુભવ વડે શુદ્ધતા કેમ થાય ? વિકલ્પથી પાર જે શુદ્ધ જીવ વસ્તુ છે તેને અનુભવતાં આત્માના ભાવ શુદ્ધ થાય છે, તેને અતીન્દ્રિયસુખ પ્રગટે છે ને તે સિદ્ધપદ પામે છે.

જે શુદ્ધઆત્માને જાણે–અનુભવે તે જ શુદ્ધતાને પામે.–જુઓ, આ શુદ્ધતાનું કારણ બતાવ્યું–આ સિવાય બીજું કોઈ શુદ્ધતાનું કારણ નથી.

જે જીવ શુદ્ધબુદ્ધિવાળો થઈ નિરંતર શુદ્ધસ્વરૂપને અનુભવે છે તે પોતાના અચિંત્ય આત્મમહિમાને પ્રગટ દેખે છે. આવો અનુભવ કરનાર મોહને શુદ્ધબુદ્ધિવડે મૂળમાંથી ઉખેડી નાખે છે.

વાહ ! શુદ્ધસ્વરૂપને જે અનુભવે છે તેની જ બુદ્ધિ શુદ્ધ છે. નિરાલંબી માર્ગ ! રાગથી ભિન્ન માર્ગ ! તે શુદ્ધસ્વરૂપના અનુભવવડે જ પમાય છે. શુદ્ધબુદ્ધિ જ્યાં જોરથી અંતરમાં વળી ત્યાં મોહને હઠાવી દીધો, મોહને મૂળમાંથી ઊખેડીને, તેને ભેદી નાખીને જ્ઞાની શુદ્ધબુદ્ધિવડે તત્ક્ષણ આત્માને અનુભવે છે. રાગમાં રોકાય તેને શુદ્ધબુદ્ધિ નથી કહેતાં, તેનામાં મોહને તોડવાનું જોર નથી; ને બુદ્ધિ શુદ્ધ થઈને જ્યાં અંતરમાં વળી ત્યાં તે શુદ્ધબુદ્ધિમાં આત્મા તરફનું એવું બળ પ્રગટયું કે તે બળથી મિથ્યાત્વાદિ પરિણામોને મૂળમાંથી ઉખેડીને નાશ કરી નાખે છે.

જુઓ, આ મિથ્યાત્વના નાશની ને સ્વભાવને અનુભવવાની રીત ! સ્વભાવનો અનુભવનશીલ ને વિભાવનો ક્ષયકરણશીલ ભગવાન આત્મા સ્વબળથી જાગ્યો, ત્યાં મોહ રહે નહિ. આ ચોથા ગુણસ્થાનના સમ્યક્ત્વની વાત છે. આત્મા નિજઘરમાં પ્રવેશ કરે છે તેની

વાત છે. આત્મા સ્વઘરમાં આવ્યો, ત્યાં તેના સ્વાનુભવમાં મોહ રહે નહિ. આનું નામ ધર્મ, આનું નામ મોક્ષનો પંથ.

અનાદિનો મિથ્યાદ્રષ્ટિ જીવ જ્યારે સ્વાનુભવ તરફનો પ્રયત્ન ઉપાડવાની તૈયારીવાળો થાય છે, ત્યારે સ્વાનુભૂતિરૂપ સમ્યક્ત્વ થતાં પહેલાંના અંતર્મુહૂર્તમાં તેને પરિણામની એવી વિશુદ્ધિ થાય છે કે ત્રણકરણ (અધ:કરણ–અપૂર્વકરણ–અનિવૃત્તિકરણ) થાય છે, ને તેથી મિથ્યાત્વમોહકર્મની શક્તિ નાશ પામે છે (તેનું સંક્રમણ વગેરે થઈ જાય છે–) અને ત્યારે અપૂર્વ સમ્યગ્દર્શન જીવ પામે છે; આ સમ્યગ્દર્શનમાં કેવી સ્વાનુભૂતિ છે તેનું આ વર્ણન છે. ત્રણકરણના પરિણામ વડે ભાવમિથ્યાત્વના પરિણામ પણ મટે છે, ને નિમિત્તમાં મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે; ત્યાં જીવના પરિણામ એટલા વિશુદ્ધ થઈને સ્વાનુભવ તરફ ઝુકી રહ્યા છે.–આવી દશા થાય ત્યારે કાળલબ્ધિ પાકી–એમ પણ કહેવાય. જેમ ધતૂરાની અસરથી જીવ પાગલ થયો હોય, ને તેની અસર મટતાં પાગલપણું મટે, તેમ અનાદિથી મિથ્યાત્વરૂપી ધતૂરો પીને જીવ પાગલ–ભ્રમિત થઈને, પરને પોતાનું માની રહ્યો હતો ને નિજસ્વરૂપને ભૂલી રહ્યો હતો. પણ જ્યાં શુદ્ધદ્રષ્ટિથી સ્વાનુભવરૂપી અમૃત પીધું ત્યાં મિથ્યાત્વના ધતૂરાની અસર છૂટી ગઈ, ને ભ્રમ છોડીને જીવે નિજસ્વરૂપની સંભાળ કરી.–આવા સ્વાનુભવનો અપાર મહિમા છે.

ભૂત–વર્તમાન કે ભાવિ એવા ત્રણે કાળના બંધને, ત્રણે કાળની એકત્વબુદ્ધિરૂપ મોહને, શુદ્ધબુદ્ધિ વડે ભેદીને જીવ શુદ્ધ સ્વરૂપનો સ્વાનુભવ કરે છે. હઠપૂર્વક એટલે અંતરના તીવ્ર ઉદ્યમ પૂર્વક જીવ મોહને દૂર કરીને ત્રણ કાળના બંધથી પોતાને ભિન્ન અનુભવે છે. આ રીતે શરીરાદિથી એકત્વબુદ્ધિના ત્રણે કાળના સંસ્કારને અંતરના અભ્યાસ વડે મટાડીને જીવ જ્યારે શુદ્ધ સ્વરૂપને અનુભવે છે ત્યારે તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે. સર્વ કર્મોથી મુક્ત આત્માને શુદ્ધદ્રષ્ટિથી જે અનુભવે છે તે સર્વ કર્મથી મુક્ત થાય છે. આ રીતે સ્વાનુભવ તે જ મોક્ષનો પંથ છે.

સ્વાનુભૂતિમાં વર્તમાનમાં જ પોતાનો અચિંત્ય મહિમાવંત આત્મદેવ સર્વ કર્મોથી ભિન્ન અનુભવાય છે. એ અનુભવ જ્ઞાન ને આનંદ સહિત છે. આવા શુદ્ધ આત્માના અનુભવ વડે જ પર્યાયમાં ક્રમે ક્રમે શુદ્ધતાની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીનો માર્ગ સ્વાનુભૂતિમાં સમાય છે.

શુદ્ધનયસ્વરૂપ જે આત્માની અનુભૂતિ છે તે અનુભૂતિમાં બધું સમાય છે.

# સ્વાનુભૂતિમાં બધું સમાય છે

**સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીની શુદ્ધતા સ્વાનુભૂતિ વડે પ્રગટે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ સ્વાનુભૂતિમાં સમાય છે. સંતો અને શાસ્ત્રો સ્વાનુભૂતિ કરવાનું ફરમાવે છે. જે શાસ્ત્રો તરફ જ જોઈ રહે છે ને આત્મા તરફ વળીને સ્વાનુભૂતિ કરતો નથી તેણે શાસ્ત્રની આજ્ઞા માની નથી. જેણે સ્વાનુભવ કર્યો તેણે સર્વે શાસ્ત્રોનું રહસ્ય જાણી લીધું. આ રીતે સ્વાનુભૂતિમાં સર્વે શાસ્ત્રોનું રહસ્ય સમાય છે.**

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्धवा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।

અહો, આ સ્વાનુભૂતિ–તે જૈનશાસનનો મર્મ છે. જૈનશાસનનું રહસ્ય સ્વાનુભૂતિમાં સમાય છે. મુનિવરોના અંતરમાં આવી સ્વાનુભૂતિનો પ્રવાહ વર્તે છે તે જ મોક્ષમાર્ગ છે. સાથે જે મહાવ્રતનો શુભરાગ હોય તે કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગનો ભાવ, ને રાગભાવ, એ બંને ભાવો જ જુદા છે; મોક્ષમાર્ગનો ભાવ તો સ્વાનુભૂતિમાં સમાય છે ને રાગભાવ તો સ્વાનુભૂતિથી બહાર રહી જાય છે–આવી ભિન્નતા અનુભવ્યા વિના મોક્ષમાર્ગ સાધી શકાય નહિ.

મોક્ષમાર્ગમાં આવશ્યકતા શેની ?–કે સ્વાનુભૂતિની.

સ્વાનુભૂતિ વિના મોક્ષમાર્ગ હોતો નથી.

મોક્ષમાર્ગી જીવની વચ્ચે બીજા રાગાદિ ભાવો આવે ભલે, પણ તે બીજા ભાવો આવશ્યક નથી, તેને આધીન મોક્ષમાર્ગ નથી; તે ભાવો ન હોય તો મોક્ષમાર્ગ અટકી જાય એમ નથી. મોક્ષમાર્ગ સ્વાનુભૂતિને આધીન છે. જ્યાં સ્વાનુભૂતિ નથી ત્યાં મોક્ષમાર્ગ નથી.

ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનની સાથે જ સ્વાનુભૂતિ થઈ ગઈ છે. સ્વાનુભૂતિ વડે આત્મા પોતે પોતાના સ્વરૂપમાં પ્રવેશીને શુદ્ધ થાય છે; એટલે સ્વાનુભૂતિ મોક્ષનું પ્રવેશદ્વાર છે. અને આ આત્મઅનુભવ પરદ્રવ્યની સહાયતાથી રહિત છે. રાગ પણ અનુભવથી પર છે, તેની સહાય પણ અનુભવમાં નથી.

અનુભવ એટલે શું ?

અનુભવ એટલે વસ્તુનો પ્રત્યક્ષ આસ્વાદ. આત્માના અતીન્દ્રિય આનંદનો પ્રત્યક્ષ આસ્વાદ આવે તેનું નામ આત્માનુભવ છે.

પ્રશ્નઃ– કોઈવાર આત્માની અનુભૂતિ કહો છો, કોઈવાર જ્ઞાનની અનુભૂતિ કહો છો, તો આત્માની અનુભૂતિ અને જ્ઞાનની અનુભૂતિ એમાં કાંઈ વિશેષતા છે ? કે બંને એક જ છે ?

ઉત્તરઃ– એમાં કાંઈ વિશેષતા નથી; આત્માની અનુભૂતિ કહો કે જ્ઞાનની અનુભૂતિ કહો તે બંને એક જ છે; તેથી કહ્યું કેઃ–

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्धवा....

શુદ્ધનયવડે જે શુદ્ધ આત્માની અનુભૂતિ છે, તે ખરેખર જ્ઞાનની જ અનુભૂતિ છે; –આમ નક્કી કરીને શું કરવું ? કે સદા સર્વ તરફથી જે જ્ઞાનઘન છે એવા આત્મામાં પ્રવેશીને તેનો સ્વાનુભવ કરવો. આવા અનુભવથી આત્મા શુદ્ધ થાય છે. આત્માનો અનુભવ સર્વ તરફથી જ્ઞાનમય છે, તે અનુભવમાં રાગને પ્રવેશવાની મનાઈ છે. આત્માનો અનુભવ પરની તેમજ પરભાવની સહાય વગરનો છે. જે ભાવનો પ્રવેશ અનુભવમાં નથી થઈ શકતો તે પરભાવ અનુભવમાં મદદગાર કેમ થાય ? અનુભવ તો પરભાવનોક્ષય કરણશીલ છે.

વિશ્રામ લેવાનું ધામ તો અનુભવમાં છે. આમ જિજ્ઞાસુ શિષ્યે લક્ષમાં લીધું છે. ત્યાં તેને એવો પ્રશ્ન નથી ઊઠતો કે રાગની કાંઈ સહાય હશે ? વ્યવહારનું કાંઈ અવલંબન હશે ? એક વાત તો પકડી કે મોક્ષમાર્ગ તો સ્વાનુભવથી થાય. ક્યારેક શાસ્ત્રમાં એમ ભાષા આવે કે શુદ્ધ આત્માની અનુભૂતિ કરવાથી આત્મા શુદ્ધ થાય છે, અને કોઈ વાર એમ આવે કે જ્ઞાનમાત્રની અનુભૂતિથી આત્મા શુદ્ધ થાય છે; તેમાં શિષ્યને પ્રશ્ન ઊઠે છે કે શુદ્ધ આત્માની અનુભૂતિ અને જ્ઞાનની અનુભૂતિમાં કાંઈ ફેર છે ? તો કહે છે કે ના; બંનેમાં કાંઈ વિશેષતા નથી, ફેર નથી; શુદ્ધ આત્માની અનુભૂતિ અને જ્ઞાનની અનુભૂતિ બંને એક જ છે. શુદ્ધનયથી આવા આત્માને અનુભવમાં લેતાં આત્મા શુદ્ધ થાય છે.–એનું નામ મોક્ષમાર્ગ છે.

જ્ઞાન તે આત્માનો સ્વભાવ છે, એટલે તે આત્મા જ છે. જ્ઞાન કહો કે આત્મા કહો, શુદ્ધનયથી તેનો અનુભવ થાય છે, પોતે પોતાના સ્વરૂપમાં પ્રવેશીને તેનો અનુભવ કરે છે.– એમાં કોઈ બીજાની ઉપાધિ નથી, બીજાની સહાય નથી, બીજાની અપેક્ષા નથી. જેવી

શુદ્ધ વસ્તુ છે એવો જ એનો અનુભવ છે. શુદ્ધવસ્તુમાં જેમ અશુદ્ધતા નથી, તેમ તેની અનુભૂતિમાં પણ અશુદ્ધતા નથી. નિરૂપાધિરૂપે વસ્તુ જેવી છે તેવી પ્રત્યક્ષ સ્વાદમાં આવે તેનું નામ શુદ્ધાત્માનો અનુભવ છે. આવો અનુભવ શુદ્ધનયવડે થાય છે, તેથી અનુભૂતિને શુદ્ધનયસ્વરૂપ કીધી છે.–અશુદ્ધતા, વિકલ્પ, રાગ તેમાં સમાય નહિ.–આવી અનુભૂતિમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ સમાય છે.

અનુભૂતિએ જ્યાં નિજ સ્વરૂપમાં પ્રવેશ કર્યો ત્યાં તેમાં એકલા શુદ્ધદ્રવ્યનો જ સ્વાદ રહ્યો, બીજા બધાય પરભાવો બહાર રહી ગયા. આવી અનુભૂતિ કરવાની શાસ્ત્રની આજ્ઞા છે, કેમકે તે જ મોક્ષમાર્ગ છે–એમ જાણ્યું.

જેણે જ્ઞાનસ્વરૂપ શુદ્ધઆત્માનો અનુભવ લીધો તેણે બારે અંગનું રહસ્ય જાણી લીધું; બાર અંગમાં પણ શુદ્ધાત્માના અનુભવનો જ ઉપદેશ છે, ને તેને જ મોક્ષમાર્ગ કહ્યો છે, કોઈને સંશય થાય કે બાર અંગનું જ્ઞાન તે કોઈ અપૂર્વ લબ્ધિ છે, એટલે શાસ્ત્રના જાણપણાની જ મહત્તા લાગે ને અનુભવનો મહિમા ન જાણે, તો કહે છે કે ભાઈ, આત્માનુભવ એ જ મોક્ષમાર્ગ છે–એમ દ્વાદશાંગમાં પણ કહ્યું છે. માટે જ્યાં શુદ્ધાત્માની અનુભૂતિ થઈ ત્યાં એવો કોઈ નિયમ નથી કે આટલા શાસ્ત્રનું જાણપણું હોવું જ જોઈએ. જ્ઞાનની અનુભૂતિને મોક્ષમાર્ગ કહેતાં કોઈ શાસ્ત્રજ્ઞાનને મોક્ષમાર્ગ સમજી જાય, તો કહે છે કે શાસ્ત્ર તરફનું જ્ઞાન તેમાં તો વિકલ્પ છે, તેને અમે ખરેખર જ્ઞાનઅનુભૂતિ કહેતા નથી, શુદ્ધાત્માની જે અનુભૂતિ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે, ને તે જ મોક્ષમાર્ગ છે. બાર અંગનું જ્ઞાન તો સમ્યગ્દ્રષ્ટિને સંયમીને જ ઊઘડે છે; સમ્યગ્દ્રષ્ટિનેય તેમાંય વિકલ્પ છે, શાસ્ત્ર તરફનું જ્ઞાન તે મોક્ષનું કારણ નથી, તો પછી બીજો શુભરાગ મોક્ષનું કારણ કેમ થાય? બાર અંગના શાસ્ત્રો પોતે એમ કહે છે કે અમારા તરફનું વલણ તે મોક્ષનો માર્ગ નથી પણ તારા શુદ્ધસ્વરૂપની અનુભૂતિ કર, તે મોક્ષનો માર્ગ છે. શાસ્ત્ર તરફ જોઈ રહે ને શાસ્ત્રે કહેલા આત્મા તરફ ન વળે તો તેણે ખરેખર શાસ્ત્રની આજ્ઞા માની નથી. જેણે સ્વાનુભૂતિ કરી તેણે બધા શાસ્ત્રોનું રહસ્ય જાણી લીધું.

આ રીતે, સ્વાનુભૂતિને એવો કોઈ શાસ્ત્રજ્ઞાનનો પ્રતિબંધ નથી કે આટલા શાસ્ત્રો ભણ્યો હોય તો જ અનુભૂતિ થાય? શાસ્ત્રો ન ભણ્યો હોય છતાં દેડકુંય સ્વાનુભૂતિ કરી લ્યે. શાસ્ત્રો ભલે ન ભણ્યો પણ શાસ્ત્રોએ જે કરવાનું કહ્યું હતું તે તેણે પોતામાં કરી લીધું એટલે શાસ્ત્રનું રહસ્ય તે સ્વાનુભૂતિ વડે પામી ગયો. અનુભૂતિ કાંઈ શાસ્ત્રોને અવલંબતી નથી, અનુભૂતિ તો શુદ્ધ આત્માને જ અવલંબે છે. અહો! આવી નિરાલંબી અનુભૂતિનો અપાર મહિમા છે. માટે

હે મોક્ષાર્થી જીવો! મોક્ષને માટે
શુદ્ધઆત્માની આવી અનુભૂતિ કરો.

# સાધકને નિશ્ચય-સમ્યક્ત્વ સદૈવ હોય છે

**જીવ પદાર્થ અનાદિથી મિથ્યાદ્રષ્ટિ છે; સ્વપરના યથાર્થ રૂપથી વિપરીત શ્રદ્ધાનું નામ મિથ્યાત્વ છે. વળી જે કાળે કોઈ જીવને દર્શનમોહના ઉપશમ -ક્ષયોપશમથી સ્વપરના યથાર્થ શ્રદ્ધાનરૂપે તત્ત્વાર્થ -શ્રદ્ધાન થાય ત્યારે તે જીવ સમ્યક્ત્વી થાય છે. માટે સ્વપરના યથાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મ શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે.**

જુઓ, પહેલાં તો સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવે છે; પછી સમ્યગ્જ્ઞાનની તેમજ સ્વાનુભવ વગેરેની ચર્ચા કરશે. આ તો લોકોત્તર ચિઠ્ઠિ છે, એટલે આમાં કાંઈ વેપારધંધાની કે ઘર– કુટુંબની વાત ન હોય, આમાં તો સ્વાનુભવ વગેરેની લોકોત્તર ચર્ચા ભરેલી છે. એના ભાવ સમજે એને એની કિંમત સમજાય, જેમ કોઈ એક શાહુકાર વેપારી બીજા શાહુકાર ઉપર ખુલ્લા પોસ્ટકાર્ડમાં ચિઠ્ઠિ લખે છે કે ‘બજારભાવ કરતાં જરાક ઊંચા ભાવે પણ એક લાખ ગાંસડી રૂ ખરીદ કરો.’ જુઓ, આ દોઢ લીટીના લખાણમાં તો કેટલી વાત આવી જાય છે! સામસામા બંને વેપારીઓનો એકબીજા ઉપરનો વિશ્વાસ, હિંમત, શાહુકારી, વેપાર સંબંધીનું જ્ઞાન–એ બધુંય દોઢ લીટીમાં ભર્યું છે. પણ એના જાણકારને એની ખબર પડે, અભણને શું ખબર પડે? તેમ સર્વજ્ઞ ભગવાને શાસ્ત્રરૂપી ચિઠ્ઠિમાં સન્તો ઉપર ધર્મનો સંદેશ લખ્યો છે, તેમાં સ્વાનુભવના ને સ્વ–પરની ભિન્નતા વગેરેના અનેક ગંભીર રહસ્યો ભર્યાં છે. તે ઉપરથી તેમની સર્વજ્ઞતા, વીતરાગતા તેમજ ઝીલનારની તાકાત–એ બધું ખ્યાલમાં આવી જાય છે. ભગવાનના શાસ્ત્રમાં ભરેલા ગૂઢ ભાવોને જ્ઞાની જ જાણે છે. અજ્ઞાનીને એના રહસ્યની ખબર પડે નહિ, ને રહસ્ય જાણ્યા વગર એનો ખરો મહિમા આવે નહિ.

અહીં સાધર્મી ઉપર ચિઠ્ઠિ લખતાં સ્વાનુભવની ચર્ચામાં પહેલી જ સમ્યગ્દર્શનની વાત કરી છે. સમ્યગ્દર્શન વગર સ્વાનુભવ હોતો નથી. સ્વાનુભવપૂર્વક જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. સ્વાનુભવ એ એક દશા છે, તે દશા જીવને અનાદિથી હોતી નથી પણ નવી પ્રગટે છે. એ સ્વાનુભવદશાનો ઘણો મહિમા શાસ્ત્રોએ વર્ણવ્યો છે; સ્વાનુભવ એ મોક્ષમાર્ગ છે. સ્વાનુભવમાં જે આનંદ છે એવો આનંદ જગતમાં બીજે ક્યાંય નથી. આવી સ્વાનુભવદશાનું સ્વરૂપ અહીં કહેશે.

આ જગતમાં અનંત જીવો છે; દરેક જીવ ચૈતન્યમય છે, પરિપૂર્ણ જ્ઞાન ને સુખ દરેક જીવના સ્વભાવમાં ભરેલા છે. પણ આવા પોતાના સ્વરૂપને પોતે દેખતો નથી–નથી અનુભવતો તેથી અનાદિથી તે મિથ્યાદ્રષ્ટિ છે. અનાદિથી પોતાના સાચા સ્વરૂપને ભૂલીને પરભાવોમાં જ તન્મય થઈ રહ્યો છે, સ્વ–પરની જેવી ભિન્નતા છે તેવી યથાર્થ જાણતો નથી ને વિપરીત માને છે. એટલે પરથી મારામાં કાંઈક થાય ને હું પરમાં કાંઈક કરી દઉં–એવી ઊંડી ઊંડી સ્વ–પરની એકત્વબુદ્ધિ તેને રહ્યા કરે છે, એવી વિપરીત શ્રદ્ધાનું નામ મિથ્યાત્વ છે. જુઓ, આ વિપરીત માન્યતા જીવ પોતે જ પોતાના સ્વરૂપને ભૂલીને કરી રહ્યો છે, એકેક સમય કરતાં કરતાં અનાદિકાળથી પોતે જ પોતાના અજ્ઞાનને લીધે મિથ્યાભાવરૂપ પરિણમી રહ્યો છે, કોઈ બીજાએ તેને મિથ્યાત્વ કરાવ્યું નથી. મિથ્યાત્વકર્મે જીવમાં મિથ્યાત્વ કરાવ્યું–એમ જે માને તેને સ્વપરની એકત્વબુદ્ધિ છે. પૂજનની જયમાલામાં પણ આવે છે કે ‘કર્મ બિચારે કોન, ભૂલ મેરી અધિકાઈ’ પ્રભો! હું મારી ભૂલની અધિકતાથી જ દુઃખ ભોગવી રહ્યો છું. નિગોદમાં જે જીવ અનાદિથી નિગોદમાં રહ્યો છે તે પણ પોતાના ભાવકલંકની અત્યંત પ્રચૂરતાને લીધે જ નિગોદમાં રહ્યો છેઃ भावकलंकसुपउश निगोयवासं ण मुंचई– ગોમટ્ટસાર જીવકાંડઃ ભાઈ, તારી ભૂલ તું જડને માથે નાંખ તો એ ભૂલથી તારો છૂટકારો કયે દી’ થશે? જીવ અને જડ બંને દ્રવ્ય જ જ્યાં અત્યંત જુદા, બંનેની જાતિ જ જાુદી, બંનેનું પરિણમન જુદું, ત્યાં એક બીજામાં શું કરે? પણ આવી વસ્તુસ્થિતિને નહિ જાણનાર જીવને સ્વપરની એકત્વબુદ્ધિનો અથવા કર્તાકર્મની બુદ્ધિનો ભ્રમ અનાદિથી ચાલ્યો આવે છે, એ જ મિથ્યાત્વ છે ને એ જ સંસારદુઃખનું મૂળ છે. અહીં તો હવે એ ભ્રમરૂપ મિથ્યાત્વ કેમ ટળે એની વાત છે.

કોઈ મુમુક્ષુ જીવ જ્યારે અંતરના પુરુષાર્થથી સ્વ–પરના યથાર્થ શ્રદ્ધાનરૂપ તત્ત્વાર્થ– શ્રદ્ધાન કરે ત્યારે તે જીવ સમ્યક્ત્વી થાય છે. સ્વ શું, પર શું, સ્વમાં આત્માનો શુદ્ધ સ્વભાવ શું ને રાગાદિ પરભાવ શું એ બધાને ભેદજ્ઞાનથી બરાબર ઓળખીને પ્રતીત કરતાં સમ્યક્ત્વ થાય છે. **સ્વ-પરના આવા યથાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે.** જાુઓ, આ મૂળ વાત! સ્વ–પરની શ્રદ્ધામાં કે દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધારૂપ વ્યવહાર સમ્યક્ત્વ વખતે નિશ્ચય સમ્યક્ત્વ તો ભેગું ને ભેગું જ છે. કોઈ કહે કે નિશ્ચયસમ્યકત્વ ચોથા ગુણસ્થાને ન હોય. તો કહે છે કે ભાઈ, જો નિશ્ચય સમકિત ભેગું ને ભેગું જ ન હોય તો તારા માનેલા એકલા વ્યવહારને શાસ્ત્રકારો સમ્યક્ત્વ કહેતા જ નથી. જેને શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત નથી તે જીવ સમ્યક્ત્વી જ નથી તે તો મિથ્યાત્વી જ છે, શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યકત્વ થાય ત્યારે જ જીવને ચોથું ગુણસ્થાન પ્રગટે ને ત્યારે જ તેને સમકિતી કહેવાય. માટે કહે છે કે સમ્યગ્દ્રષ્ટિ જીવને સ્વ–પરના યથાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મયશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે. ‘ગર્ભિત છે’ એનો અર્થ એની સાથે જ વર્તે છે. અને આવા જીવને નિમિત્તપણે દર્શનમોહકર્મનો ઉપશમ ક્ષયોપશમ કે ક્ષય સ્વયમેવ હોય છે. એટલે કથનમાં નિમિત્તથી એમ કહેવાય કે દર્શનમોહના

ઉપશમાદિથી સમ્યક્ત્વ થયું. પણ ખરેખર તો સ્વ–પરના યથાર્થ શ્રદ્ધાનનો પ્રયત્ન જીવે કર્યો ત્યારે સમ્યક્ત્વ થયું; જીવ યથાર્થ શ્રદ્ધાનનો ઉદ્યમ ન કરે ને કર્મમાં ઉપશમાદિ થઈ જાય, એમ બનતું નથી. આ ઉપરાંત અહીં તો એ બતાવવું છે કે સ્વ–પરની શ્રદ્ધામાં શુદ્ધાત્માની શ્રદ્ધા આવી જ જાય છે. શુદ્ધાત્માની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યક્ત્વ છે, તે હોય તો જ સ્વ–પરની કે દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધાને સાચી શ્રદ્ધા કહેવાય છે. નિશ્ચય વગરના એકલા શુભ રાગરૂપ વ્યવહારથી જીવ સમકિતી કહેવાતો નથી. નિશ્ચય સમ્યક્ત્વ થાય તેને જ સમકિતી કહીએ છીએ.

## સ્વાનુભવનો રંગ..... અને તેની ભૂમિકા

જીવે શુદ્ધાત્માના ચિંતનનો અભ્યાસ કરવો જોઈએ. જેને ચૈતન્યના સ્વાનુભવનો રંગ લાગે એને સંસારનો રંગ ઉતરી જાય. ભાઈ, તું અશુભ ને શુભ બંનેથી દૂર થા ત્યારે શુદ્ધાત્માનું ચિંતન થશે. જેને હજી પાપના તીવ્ર કષાયોથી પણ નિવૃત્તિ નથી, દેવગુરુની ભક્તિ, ધર્માત્માનું બહુમાન, સાધર્મીઓનો પ્રેમ વગેરે અત્યંત મંદકષાયની ભૂમિકામાં પણ જે નથી આવ્યો તે અકષાય ચૈતન્યનું નિર્વિકલ્પ ધ્યાન ક્યાંથી કરશે? પહેલાં બધાય કષાયનો (શુભ અશુભનો) રંગ ઊડી જાય.....જ્યાં એનો રંગ ઊડી જાય ત્યાં એની અત્યંત મંદતા તો સહેજે થઈ જ જાય, ને પછી ચૈતન્યનો રંગ ચડતાં તેને અનુભૂતિ પ્રગટે. બાકી પરિણામને એકદમ શાન્ત કર્યા વગર એમને એમ અનુભવ કરવા માંગે તો થાય નહિ. અહા, અનુભવી જીવની અંદરની દશા કોઈ ઓર હોય છે!

# અનંતતા અને તેનું જ્ઞાન

**અનંતનો અંત છે જ નહિ કે જે જ્ઞાનમાં જણાય. જ્ઞાનસામર્થ્ય એવું છે કે અનંતને પણ અનંતરૂપે જ જાણી લે છે. એ જ્ઞાનનો દિવ્ય મહિમા છે.**

“અનંતતાનું સ્વરૂપ દ્રષ્ટાંત વડે દર્શાવીએ છીએ; જેમકે, વડના વૃક્ષનું એક બીજ હાથમાં લઈને તેના ઉપર દીર્ઘદ્રષ્ટિથી વિચાર કરીએ તો વડના તે બીજ વિષે એક વડનું ઝાડ છે; ભાવિકાળમાં જેવું વૃક્ષ થનાર છે તેવા વિસ્તાર સહિત તે બીજમાં વાસ્તવરૂપે વિદ્યમાન છતું છે, અનેક શાખા–પ્રશાખા–પત્ર–પુષ્પ–ફળ યુક્ત છે; તેના પ્રત્યેક ફળમાં એવા અનેક બીજ છે. એ પ્રકારની અવસ્થા એક વડના બીજ વિષે વિચારવી. વળી સૂક્ષ્મદ્રષ્ટિથી જોઈએ તો તે વડના વૃક્ષમાં જે જે બીજ છે તે તે અંતર્ગર્ભિત–વડવૃક્ષ સંયુક્ત છે. એ પ્રમાણે એક વડમાં અનેક અનેક બીજ અને એકેક બીજ વિષે એકેક વડવૃક્ષ–તેનો વિચાર કરીએ તો ભાવિનયની પ્રધાનતાથી ન તો વડવૃક્ષની મર્યાદા પમાય કે ન બીજની મર્યાદા પમાય એ પ્રમાણે અનંતતાનું સ્વરૂપ જાણવું. તે અનંતતાના સ્વરૂપને કેવળજ્ઞાની પુરુષ પણ અનંત જ દેખે–જાણે–કહે; અનંતનો બીજો અંત છે જ નહિ કે જે જ્ઞાનમાં ભાસે. માટે અનંતતા અનંતરૂપ જ પ્રતિભાસે છે. એ પ્રમાણે આગમ તથા અધ્યાત્મની અનંતતા જાણવી.”

અનંતતા સમજાવવા અહીં વૃક્ષ અને બીજનું દ્રષ્ટાંત આપ્યું છે. વૃક્ષ અને બીજની પરંપરા અનાદિની છે, પહેલાં વૃક્ષ કે પહેલાં બીજ ?–તો પરંપરાથી બંને અનાદિના છે. ને સૂક્ષ્મ વિચારથી જોતાં એકેક બીજમાં ભવિષ્યના અનંતા વૃક્ષની તાકાત છે.–એમ બંનેની પરંપરા વિચારતાં તેનો ક્યાંય પાર ન આવે. તેમ જીવમાં વિકારની ને કર્મની પરંપરા અનાદિથી ચાલી રહી છે, ને શુદ્ધપર્યાયનો પ્રવાહ પણ જગતમાં અનાદિથી ચાલી જ રહ્યો છે. પહેલાં સિદ્ધ કે સંસાર ? તો બંને પ્રવાહ પણ જગતમાં અનાદિથી ચાલી જ રહ્યો છે. પહેલાં સિદ્ધ કે સંસાર ? –તો બંને અનાદિના છે ? પહેલાં વિકાર કે કર્મ ? તો બંનેની પરંપરા અનાદિની છે ? પહેલા દ્રવ્ય કે પર્યાય ? પહેલાં સામાન્ય કે વિશેષ ? તો એ બંને અનાદિના છે, પહેલાં–પછીપણું તેમાં નથી.

જો 'દ્રવ્યની પહેલી પર્યાય આ' એમ કહો તો ત્યાં દ્રવ્યની જ આદિ થઈ જાય છે, દ્રવ્ય અનાદિ નથી રહેતું; એ જ રીતે 'દ્રવ્યની છેલ્લી પર્યાય આ'–એમ કહો તો ત્યાં દ્રવ્યનો જ અંત થઈ જાય છે, દ્રવ્ય અનંત નથી રહેતું, એકેક પર્યાય આદિ–અંતવાળી ભલે હો પણ પર્યાયના પ્રવાહને આદિ–અંત નથી, એટલે દ્રવ્યની પર્યાયમાં આ પહેલી ને આ છેલ્લી–એવું આદિ અંતપણું નથી. દ્રવ્યમાં પર્યાયનો પ્રવાહ પહેલાં ન હતો ને પછી શરૂ થયો, અથવા તે પ્રવાહ કદી અટકી જશે–એમ નથી. જેમ દ્રવ્ય અનાદિ અનંત છે તેમ તેની સાથે તેની પર્યાયનો પ્રવાહ પણ અનાદિઅનંત વર્તી જ રહ્યો છે, ને કેવળજ્ઞાનમાં બધું જણાઈ રહ્યું છે. જુઓ તો ખરા, આ જગતની વસ્તુસ્થિતિ! અનાદિને અનાદિપણે ને અનંતને અનંતપણે જેમ છે તેમ કેવળી ભગવાન વિકલ્પ વગર જાણે છે.

પ્રશ્નઃ– પહેલી પર્યાય કઈ ને છેલ્લી પર્યાય કઈ–એ ભગવાન પણ ન જાણે ?

ઉત્તરઃ– ભગવાન જેમ વસ્તુ હોય તેમ જાણે, કે તેનાથી વિપરીત જાણે ? જે 'અનાદિ' છે–તેને આદિ છે જ નહિ પછી ભગવાન તેની 'આદિ ક્યાંથી જાણે ? અને જે 'અનંત' છે તેનો 'અંત' છે જ નહિ પછી ભગવાન તેનો અંત ક્યાંથી જાણે ? જો ભગવાન તેના આદિ ને અંત જાણે તો તેનું અનાદિ અનંતપણું ક્યાં રહ્યું ? ભાઈ, આ તો સ્વભાવનો અચિંત્ય વિષય છે. અહો, અનંતતા જે જ્ઞાનમાં સમાઈ ગઈ તે જ્ઞાનની દિવ્ય અનંતતા લક્ષમાં લેતાં જ્ઞાન તેમાં જ (જ્ઞાન–સ્વભાવના અનંત મહિમામાં જ) ડુબી જાય છે, એટલે જ્ઞાન સ્થિર થઈ જાય છે. નિર્વિકલ્પ થઈ જાય છે.

પ્રશ્નઃ– જો અનંતનો છેડો ભગવાન પણ ન જાણે તો તો તેમનું જ્ઞાન–સામર્થ્ય મર્યાદિત થઈ ગયું ?

ઉત્તરઃ– ના; ભગવાન જો અનંતને અનંત તરીકે પણ ન જાણતા હોય તો તેમનું જ્ઞાનસામર્થ્ય મર્યાદિત કહેવાય; પરંતુ ભગવાન તો કેવળજ્ઞાનના અમર્યાદિત સામર્થ્ય વડે અનંતને પણ અનંત તરીકે પ્રત્યક્ષ જાણે છે. ભગવાન તેનો છેડો ન જાણી શક્યા માટે તેને અનંત કહી દીધું એમ નથી. ભગવાને અનંતને અનંતપણે જાણ્યું તેથી તેને અનંત કહ્યું..... અનંતને પણ સર્વજ્ઞ ભગવાન જાણે છે, જો ન જાણે તો 'સર્વજ્ઞ' કેમ કહેવાય!

પ્રશ્નઃ– જો ભગવાન અનંતને જાણે છે તો ભગવાનના જ્ઞાનમાં તેનો અંત આવી ગયો કે નહિ ?

ઉત્તરઃ– ના; ભગવાને અનંતને અનંતપણે જાણ્યું છે. અનંતને અંતવાળા તરીકે નથી જાણ્યું. ભગવાન અનંતને નથી જાણતા–એમ પણ નથી, ને ભગવાને જાણવાથી તેનો અંત આવી જાય છે એમ પણ નથી; અનંત અનંતપણે રહીને ભગવાનના જ્ઞાનમાં

જણાય છે. જો અનંતને અંત તરીકે જાણે તો તે જ્ઞાન ખોટું, અને જો 'અનંત' ને ન જાણી લ્યે તો તે જ્ઞાન પુરું નહિ.

પ્રશ્નઃ– 'અનંત' હોય તે જ્ઞાનમાં કઈ રીતે જણાય?

ઉત્તરઃ– ભાઈ, પદાર્થની અનંતતા કરતાં જ્ઞાન સામર્થ્યની અનંતતા ઘણી મોટી છે, તેથી બેહદ જ્ઞાનસામર્થ્ય અનંતને પણ પહોંચી વળે છે, જ્ઞાનનું અચિંત્ય સામર્થ્ય લક્ષમાં આવે તો જ આ વાત બેસે તેવી છે. વિકારમાં અટકેલું જ્ઞાન મર્યાદિત છે તે અનંતને નથી પહોંચી શકતું, પણ વિકાર વગરના જ્ઞાનમાં તો અચિંત્ય બેહદ તાકાત છે, તે અનાદિ–અનંત–કાળને, અનંતાનંત આકાશ પ્રદેશોને એ બધાયને સાક્ષાત્ જાણી લ્યે છે? અરે, એનાથી તો અનંતગણું સામર્થ્ય એનામાં ખીલ્યું છે.

પ્રશ્નઃ– અહીં વૃક્ષ અને બીજના દ્રષ્ટાંતે વિકાર અને કર્મ એ બંનેની પરંપરા પણ અનંત કીધી, તો પછી વિકારનો નાશ થઈને મોક્ષ ક્યારે થાય?

ઉત્તરઃ– વૃક્ષ અને બીજની પરંપરા સામાન્યપણે અનંત છે, પણ તેથી કરીને કાંઈ બધા બીજમાંથી વૃક્ષ ઊગે જ એવો નિયમ નથી, ઘણાંય બીજ ઊગ્યા પહેલાં બળી જાય છે, ને તેને વૃક્ષ–બીજની પરંપરાનો અંત આવી જાય છે, એકવાર જે બીજ બળી ગયું તે ફરીને કદી ઉગતું નથી. તેમ જગતમાં સામાન્યપણે વિકાર ને કર્મની પરંપરા અનંત છે, તેનો જગતમાંથી કદી અભાવ થવાનો નથી, પણ તેથી કરીને કાંઈ બધાય જીવોને એવી વિકારી પરંપરા ચાલ્યા જ કરે એવો નિયમ નથી; ઘણાય જીવો પુરુષાર્થ વડે વિકારની પરંપરા તોડીને સિદ્ધપદને સાધે છે, તેમને વિકારની પરંપરાનો અંત આવી જાય છે. જેણે એકવાર વિકારના બીજને બાળી નાખ્યું તેને ફરીને કદી વિકાર થતો નથી. આ રીતે વિકારની પરંપરા તૂટી શકે છે.

પ્રશ્નઃ– વિકારની પરંપરા તો અનાદિની છે, તો તેનો અંત કેમ આવે?

ઉત્તરઃ– પરંપરા અનાદિની હોય માટે તેનો અંત ન આવે એમ નથી. જેમ વૃક્ષ– બીજની પરંપરા અનાદિની હોવા છતાં કોઈ એક બીજ બળી જતાં તેની પરંપરાનો અંત આવી જાય છે. તેમ વિકારની પરંપરા અનાદિની હોવા છતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે ધર્મી જીવને તેનો અંત આવી જાય છે. જેમ મોક્ષમાર્ગ અનાદિથી ન હોવા છતાં તેની નવી શરૂઆત થઈ શકે છે; તેમ વિકાર અનાદિનો હોવા છતાં તેનો અંત થઈ શકે છે.

પ્રશ્નઃ– આગમ અને અધ્યાત્મ ( એટલે કે વિકાર અને શુદ્ધતા ) બંનેમાં અનંતતા કીધી; તે કઈ રીતે?

ઉત્તરઃ– વિકારમાં અનંત પ્રકારો છે ને તેના નિમિત્તરૂપ કર્મમાં અનંતાનંત પરમાણુઓ છે; એ રીતે આગમપદ્ધતિમાં અનંતતા છે; અને જીવના અનંતગુણોની અનંત નિર્મળ પર્યાયો છે, એકેક નિર્મળ પર્યાય અનંતા ભાવોથી ને અનંતા સામર્થ્યથી ભરેલી છે, જ્ઞાનની એક નાની પર્યાયમાં પણ અનંતા અવિભાગ પ્રતિછેદ અંશોનું સામર્થ્ય છે. આમ અધ્યાત્મપદ્ધતિમાં પણ અનંતતા જાણવી. એકેક આત્મામાં અનંતગુણો છે, એકેક ગુણમાં અનંત નિર્મળ પર્યાયો ખીલવાની તાકાત પડી છે, ને એકેક નિર્મળ પર્યાય અનંત સામર્થ્ય સહિત છે. તારા એક આત્મામાં કેટલું અનંત સામર્થ્ય છે–એનું લક્ષ કર તો સ્વસન્મુખવૃત્તિ થાય ને અપૂર્વ અધ્યાત્મદશા પ્રગટે. એક તરફ વિકારની ધારા અનાદિની, ને બીજી તરફ સ્વભાવ સામર્થ્યની ધારા પણ અનાદિની સાથે ને સાથે જ ચાલી રહી છે, વિકારની ધારા વખતેય સ્વભાવસામર્થ્યની ધારા કાંઈ તૂટી નથી ગઈ, સ્વભાવસામર્થ્યનો કાંઈ અભાવ નથી થયો; પરિણતિ જ્યાં સ્વભાવસામર્થ્ય તરફ વળી ત્યાં વિકારની પરંપરાનો પ્રવાહ તૂટયો ને અધ્યાત્મપરિણતિની પરંપરા શરૂ થઈ, જે પૂરી થઈને સાદિ અનંતકાળ રહ્યા કરશે. માટે હે ભાઈ! અંતમુર્ખ થઈ તારા સ્વભાવસામર્થ્યને વિચારમાં લે.....લક્ષમાં લે...... પ્રતીતમાં લે.... અનુભવમાં લે. લોકોને બહારનો વિશ્વાસ આવે છે કે એક બીજમાંથી આવડો મોટો દશ માઈલના ઘેરાવાવાળો વડ ફાલ્યો, પણ ચૈતન્યશક્તિના એક બીજમાંથી અનંતા કેવળજ્ઞાન– રૂપી વડલા ફાલવાની તાકાત છે તેનો વિશ્વાસ નથી આવતો. જો ચૈતન્યસામર્થ્યનો વિશ્વાસ કરે તો તેના આશ્રયે રત્નત્રયધર્મની અનેક શાખા–ઉપશાખા પ્રગટીને મોક્ષફળ સહિત મોટું વૃક્ષ ઊગે. ભવિષ્યમાં થનાર મોક્ષવૃક્ષની તાકાત અત્યારે તારા ચૈતન્યબીજમાં વિદ્યમાન પડી છે.–સૂક્ષ્મદ્રષ્ટિથી એને વિચારમાં લઈને અનુભવ કરતાં અપૂર્વ કલ્યાણ થશે.

**એક ક્ષણના સ્વાનુભવથી જ્ઞાનીને જે કર્મો તૂટે છે, અજ્ઞાનીને લાખો ઉપાય કરતાં પણ એટલાં કર્મો તૂટતા નથી. આમ સમ્યક્ત્વનો અને સ્વાનુભવનો કોઈ અચિંત્ય મહિમા છે.–એમ સમજીને હે જીવ! તેની આરાધનામાં તત્પર થા.**

# નિશ્ચયસમ્યક્ત્વથી જ મોક્ષમાર્ગની શરૂઆત છે
# નિશ્ચયસમ્યક્ત્વ વગર જીવ સમ્યગ્દ્રષ્ટિ કહેવાય નહિ

**“જેને સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન નથી, પણ જૈનમતમાં કહેલા દેવ-ગુરુ ને ધર્મ એ ત્રણને માને છે તથા અન્ય મતમાં કહેલાં દેવાદિ વા તત્ત્વાદિને માને નહિ, તો એવા કેવળ વ્યવહાર સમ્યક્ત્વ વડે તે સમ્યક્ત્વી નામને પામે નહિ. માટે સ્વ-પર ભેદવિજ્ઞાનપૂર્વક જે તત્ત્વાર્થશ્રદ્ધાન હોય તે સમ્યક્ત્વ જાણવું.”**

વાહ, જુઓ નિશ્ચય–વ્યવહારની કેવી સ્પષ્ટ વાત છે! યથાર્થ શ્રદ્ધાનથી નિશ્ચય સમ્યક્ત્વ થાય ત્યારે જ જીવ સમ્યક્ત્વી થાય છે. નિશ્ચય સમ્યક્ત્વ જ મોક્ષમાર્ગરૂપ છે, વ્યવહાર સમ્યક્ત્વ તો શુભ–આસ્રવરૂપ છે, એ કાંઈ મોક્ષમાર્ગસ્વરૂપ નથી. સિદ્ધાંતમાં “सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः” એમ કહ્યું છે તેમાં નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે. ‘तत्त्वार्थश्रद्धान सम्यग्दर्शनम्’ –એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. ભૂતાર્થને આશ્રિત સમ્યગ્દર્શન કહ્યું (સમયસાર ગા. ૧૧) તેમાં અને આ સમ્યગ્દર્શનમાં કાંઈ ફેર નથી. આવું સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાને પ્રગટે છે તે ઠેઠ સિદ્ધદશામાં પણ રહે છે. શુભ રાગરૂપ વ્યવહારસમ્યગ્દર્શન કાંઈ સિદ્ધદશામાં હોતું નથી. આ રીતે નિશ્ચય સમ્યગ્દર્શન તે જ મોક્ષમાર્ગરૂપ છે. ચોથા ગુણસ્થાનથી જ બધાય જીવોને આવું નિશ્ચય સમ્યક્ત્વ હોય છે. આવા નિશ્ચય સમ્યક્ત્વ વગર ધર્મની કે મોક્ષમાર્ગની શરૂઆત પણ હોઈ શકતી નથી.

આત્મવસ્તુનો જેવો સ્વભાવ છે તે જ પ્રમાણે શ્રદ્ધામાં લેવો તે સમ્યક્ત્વ છે, ને તે વસ્તુનો ભાવ છે એટલે કે નિશ્ચય છે. આવા સમ્યક્ત્વની ભૂમિકામાં ધર્મીને વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુની ઓળખાણ, ભક્તિ, તેમના પ્રત્યે ઉત્સાહ, પ્રમોદ, બહુમાન અને વિનય આવે છે. પણ આથી કરીને કોઈ જીવ એવા એકલા વ્યવહારમાં જ સંતુષ્ટ થઈ જાય ને નિશ્ચય સમ્યક્ત્વને ભૂલી જાય તો એને સમ્યગ્દ્રષ્ટિ કહેતા નથી. જો વ્યવહારની સાથે ને સાથે જ નિશ્ચય સમ્યક્ત્વ (શુદ્ધાત્માની નિર્વિકલ્પ પ્રતીત) હોય–(“બંને સાથ રહેલ”) તો જ એનો વ્યવહાર સાચો છે, નહિતર તો વ્યવહારાભાસ છે. નિશ્ચયશ્રદ્ધા તો છે નહિ

ને એકલા વ્યવહારના શુભરાગમાં સંતુષ્ટ થઈ જાય છે એટલે તે રાગને જ મોક્ષમાર્ગ માન્યા વગર રહેશે નહિ, તેથી તેની શ્રદ્ધા મિથ્યા જ છે. આ રીતે વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ છે જ નહિ, નિશ્ચય સમ્યક્ત્વાદિના આશ્રયે જ મોક્ષમાર્ગ છે, અથવા, જે નિશ્ચય સમ્યક્ત્વાદિ છે તે જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર સમ્યક્ત્વાદિ શુભરાગરૂપ છે તે મોક્ષમાર્ગ નથી.

અરે, ભાઈ મોક્ષમાર્ગ તો વસ્તુના સ્વભાવની જાતનો હોય, કે એનાથી વિરુદ્ધ હોય? નિશ્ચય સમ્યક્ત્વનો જે ભાવ છે તે તો વસ્તુસ્વભાવની જ જાતનો છે ને સિદ્ધદશામાંય તે ભાવ રહે છે. વ્યવહાર સમ્યક્ત્વનો જે (રાગ) ભાવ છે તે વસ્તુસ્વભાવની જાતનો નથી પણ વિરુદ્ધભાવ છે, સિદ્ધદશામાં તે ભાવ રહેતો નથી. આવી સ્પષ્ટ અને સીધી વાત, જિજ્ઞાસુ થઈને સમજે તો તરત સમજાય તેવી છે. પણ જેને સમજવું ન હોય ને વાદવિવાદ કરવા હોય તે તો આવી સ્પષ્ટ વાતમાં પણ કાંઈક ને કાંઈક કુતર્ક કરશે. શું થાય? કોઈ બીજાને પરાણે સમજાવી શકે તેમ નથી.

तत्त्वार्थश्रद्धान ને સમ્યક્ત્વ કહ્યું છે; 'तत्त्व' એટલે જે વસ્તુનો જેવો 'ભાવ' હોય તેવો જાણવો જોઈએ, તો જ તે વસ્તુને સાચી રીતે માની કહેવાય. જીવમાં જ્ઞાનાદિ અનંત સ્વભાવો છે તે જીવનો 'ભાવ' છે; આ અનંત શક્તિરૂપ ભાવને ભૂલીને એક ક્ષણિક વિકાર ભાવ જેટલી જ જીવની કિંમત આંકે, તો તેણે ખરેખર જીવના 'ભાવ' ને જાણ્યો નથી. રાગથી લાભ માનનાર ખરેખર તો તે રાગ જેટલી જ જીવની કિંમત માની રહ્યો છે; 'આ રાગ વડે મને જીવનો સ્વભાવ મળી જશે'–એનો અર્થ એ થયો કે જીવના સ્વભાવની કિંમત રાગ જેટલી જ તેણે માની. તે પોતાના શુદ્ધસ્વભાવને, પોતાના સમ્યક્ ભાવને, પોતાના સ્વભાવની સાચી કિંમતને જાણતો નથી. એટલે બહારના પદાર્થોને કે વિકારી ભાવને કિંમત આપે છે ને પોતાને કિંમત વગરનો વિકારી કલ્પે છે, તેથી તેના શ્રદ્ધા 'સમ્યક્' નથી પણ મિથ્યા છે;–ભલે તે શુદ્ધ જૈનના દેવ–ગુરુ–શાસ્ત્રને શુભરાગથી માનતો હોય ને કુદેવાદિને માનતો ન હોય–તો પણ એટલાથી તેનું મિથ્યાત્વ છૂટતું નથી. ભાઈ, તારી અચિંત્ય કિંમત છે, જગતમાં મોંઘામાં મોંઘું ચૈતન્યરત્ન તું જ છો, તારી વસ્તુમાં પ્રવેશીને તારા સાચા ભાવને–સાચા સ્વરૂપને તું જાણ તો જ તને સમ્યક્ત્વ થાય ને તારું મિથ્યાત્વ ટળે. સ્વ–પરનું ભેદજ્ઞાન ત્યારે જ સાચું કહેવાય કે જો શુદ્ધાત્માનું શ્રદ્ધાન ભેગું હોય; દેવ–ગુરુની ઓળખાણ ત્યારે જ સાચી કહેવાય કે જો શુદ્ધાત્માનું શ્રદ્ધાન ભેગું હોય. નવતત્ત્વની શ્રદ્ધા ત્યારે જ સમ્યક્ કહેવાય કે જ્યારે ભૂતાર્થસ્વભાવની સન્મુખ થઈને શુદ્ધાત્માનું શ્રદ્ધાન કરે. એકલા વ્યવહારથી એ બધું કર્યા કરે ને જો શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ન કરે તો તે જીવને સમ્યગ્દૃષ્ટિ કહેતા નથી. માટે

શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ જે નિશ્ચય સમ્યક્ત્વ છે તે જ ખરૂં સમ્યક્ત્વ છે, ને તે જ મોક્ષમાર્ગ છે–એમ જાણવું.

અંતરમાં પોતાના શુદ્ધ સ્વભાવને અવલંબીને જે પ્રતીત થઈ, તે સમ્યક્ પ્રતીતનો ભાવ સ્વભાવમાંથી આવ્યો છે. તે પ્રતીત સ્વભાવની જાતની છે. સિદ્ધભગવાનની પ્રતીત અને નાનામાં નાના એટલે કે ચોથા ગુણસ્થાનવાળા સમકિતીની પ્રતીત, એ બંનેની પ્રતીતમાં કાંઈ ફેર ગણવામાં આવ્યો નથી; જેવો શુદ્ધાત્મા સિદ્ધપ્રભુની પ્રતીતમાં છે તેવો જ શુદ્ધઆત્મા સમકિતીની પ્રતીતમાં છે. બહારના આશ્રયે થયેલો વ્યવહારશ્રદ્ધાનો ભાવ કાંઈ બધા જીવોને એક સરખો નથી હોતો. પણ આથી એમ ન સમજવું કે એ ભાવ ગમે તેવો (વિપરીત પણ) હોય. નવતત્ત્વને જે વિપરીત માનતો હોય, દેવ–ગુરુ–શાસ્ત્રને અન્યથા માનતો હોય, સર્વજ્ઞતા વગેરેને માનતો ન હોય, એવા જીવને તો વ્યવહારશ્રદ્ધા પણ વિપરીત છે. જેને નવતત્ત્વની, દેવ–ગુરુ–શાસ્ત્રની કે સ્વ–પરની ભિન્નતાની ઓળખાણ નથી તેને તો શુદ્ધાત્માનું શ્રદ્ધાન બહુ આઘું છે. અહીં તો એ બધા ઉપરાંત આગળની વાત બતાવવી છે કે એ બધું કરવા છતાં જો શુદ્ધાત્માની નિર્વિકલ્પ પ્રતીતિ કરે તો જ સમ્યગ્દ્રષ્ટિ થાય, એના વગર સમ્યગ્દ્રષ્ટિ કહેવાય નહિ.

'શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ આવું નિશ્ચય સમ્યગ્દર્શન તો સાતમા ગુણસ્થાને હોય, છઠ્ઠે–પાંચમે–ચોથે નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય'–આમ કોઈ કહે તો એનો અર્થ એ થયો કે ત્યાં મોક્ષમાર્ગ જ ન હોય, અરે ભાઈ! એ તો માર્ગની ઘણી વિપરીતતા છે. ચોથે–પાંચમે–છઠ્ઠે નિશ્ચય વગર એકલા વ્યવહારથી જ જો તું મોક્ષમાર્ગ માની લેતો હો તો એને તો આચાર્ય ભગવાને 'વ્યવહારમૂઢતા' કીધી છે. નિશ્ચય વગરના કેવળ વ્યવહારને મોક્ષમાર્ગમાં ગણતા નથી. મોક્ષમાર્ગમાં જે સમ્યગ્દર્શન કહ્યું છે તે શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ છે, અને એવું નિશ્ચય સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાને પણ નિયમથી હોય છે, એટલે ત્યાં એકદેશ–મોક્ષમાર્ગ પણ ગણવામાં આવે છે.

આવું સમ્યક્ત્વનું સાચું સ્વરૂપ પણ ન ઓળખે ને તેમાં ગોટા વાળે તેણે તો મોક્ષમાર્ગનું ખરૂં સ્વરૂપ જાણ્યું નથી. મોક્ષમાર્ગનું ખરૂં સ્વરૂપ જે સમજે પણ નહિ તે તેને સાધે ક્યાંથી? તેથી અહીં મોક્ષમાર્ગના મૂળરૂપ નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું.

હજારો વર્ષનાં શાસ્ત્ર ભણતર કરતાં એક ક્ષણનો સ્વાનુભવ વધી જાય છે. જેને ભવસમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે.

# સમ્યગ્દ્રષ્ટિનું બધુંય જ્ઞાન સમ્યક્ છે, તે મોક્ષમાર્ગરૂપ નિજપ્રયોજનને સાધે છે

卐

**“સમ્યક્ત્વ થતાંની સાથે, જે જ્ઞાન (પૂર્વે) પાંચ ઇન્દ્રિય તથા છટ્ઠા મનદ્વારા ક્ષયોપશમરૂપ મિથ્યાત્વદશામાં કુમતિ-કુશ્રુતરૂપ થઈ રહ્યું હતું તે જ જ્ઞાન હવે મતિ-શ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન થયું. સમ્યગ્દ્રષ્ટિ જે કાંઈ જાણે તે સર્વ જાણવું સમ્યગ્જ્ઞાનરૂપ છે. એ (સમ્યગ્દ્રષ્ટિ) જો કદાચિત ઘટપટાદિ પદાર્થોને અયથાર્થપણે જાણે તો તે આવરણજતિન ઉદયનો અજ્ઞાનભાવ છે; અને ક્ષયોપશમરૂપ પ્રગટ જ્ઞાન છે તે તો સર્વ સમ્યગ્જ્ઞાન જ છે, કેમકે જાણવામાં પદાર્થોને વિપરીતરૂપે સાધતું નથી.” (મો. મા. પ્ર. પાનું ૩૪૩-૩૪૪)**

જુઓ, સમકિતીનું સમ્યગ્જ્ઞાન, જ્યાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થયું ત્યાં બધું જ્ઞાન પણ સ્વપરની ભિન્નતાને યથાર્થ સાધતું થકું સમ્યક્રૂપ પરિણમ્યું, એટલે જ્ઞાનીનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન થયું. કદાચિત્ ક્ષયોપશમદોષથી બહારના અપ્રયોજનભૂત કોઈ પદાર્થો (ઘટ–પટ, દોરી વગેરે) અયથાર્થ જણાઈ જાય તોપણ તેથી કરીને મોક્ષમાર્ગરૂપ પ્રયોજન સાધવામાં કાંઈ વિપરીતતા થતી નથી; કેમકે અંદરની પ્રયોજનરૂપ વસ્તુ જાણવામાં કાંઈ વિપરીતતા તેને થતી નથી; અંદરમાં રાગને જ્ઞાનરૂપ જાણે કે શુભરાગને મોક્ષમાર્ગરૂપ જાણે એવી પ્રયોજનભૂત તત્ત્વોમાં વિપરીતતા જ્ઞાનીને થતી નથી, પ્રયોજનભૂત તત્ત્વો–સ્વભાવ–વિભાવની ભિન્નતા સ્વ–પરની ભિન્નતા વગેરેને તો તેનું જ્ઞાન યથાર્થ જ સાધે છે, તેની તેનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે. અને અજ્ઞાની કદાચ દોરીને દોરી, સર્પને સર્પ, દાકતરપણું, વકીલાત, જ્યોતિષ વગેરે અપ્રયોજનરૂપ તત્ત્વોને જાણે તો પણ સ્વ પ્રયોજનને તેનું જ્ઞાન સાધતું નહિ હોવાથી તેનું બધુંય જાણપણું મિથ્યાજ્ઞાન છે, સ્વ–પરની ભિન્નતા કે કારણ–કાર્ય વગેરેમાં તેની ભૂલ હોય છે. અહા, અહીં તો કહે છે કે મોક્ષમાર્ગને સાધવામાં જે જ્ઞાન કામ આવે, તેમાં વિપરીતતા ન હોય, તે જ સમ્યગ્જ્ઞાન છે; અને ભલે બહારનું ગમે તેટલું જાણપણું હોય પણ મોક્ષમાર્ગને સાધવામાં જે જ્ઞાન કામ ન આવે, તેમાં જેને વિપરીતતા હોય, તે મિથ્યાજ્ઞાન છે. જગતમાં સૌથી મૂળ

પ્રયોજનરૂપ મુખ્ય વસ્તુ શુદ્ધાત્મા, એને જાણતાં સ્વ–પર બધાનું સમ્યગ્જ્ઞાન થયું. આથી શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.' અને 'અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.' આવા સમ્યગ્દર્શન વગરનું બધુંય જ્ઞાન ને બધુંય આચરણ થોથાં છે.

જુઓ, આ સાધર્મી સાથેની ચર્ચા! બસો વરસ પહેલાં સાધર્મીઓના પ્રશ્નો આવેલ તેના પ્રેમપૂર્વક જવાબ પં. ટોડરમલ્લજીએ લખ્યા છે. નિશ્ચય સમ્યગ્દર્શન પ્રત્યક્ષ ને વ્યવહાર સમ્યગ્દર્શન પરોક્ષ–એમ છે કે નહિ? વગેરે પ્રશ્નોના જવાબમાં સમ્યગ્દર્શનની ને સ્વાનુભૂતિ વગેરેની અધ્યાત્મ રહસ્ય ભરેલી ચર્ચાઓ આમાં લખી છે તેથી આને 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ' કહેવાય છે. એમાં કહેશે કે સમ્યક્ત્વમાં કાંઈ પ્રત્યક્ષ અને પરોક્ષ એવા ભેદ નથી; પ્રત્યક્ષ અને પરોક્ષ એવા ભેદ તો જ્ઞાનમાં પડે છે, સમ્યક્ત્વ તો શુદ્ધાત્માની પ્રતીતરૂપ નિર્વિકલ્પ છે. જ્ઞાનનો ઉપયોગ સમકિતીને સ્વમાં હો કે પરમાં હો ત્યારે પણ સમ્યક્ત્વ એવું ને એવું જ વર્તે છે.

અહીં તો કહે છે કે સમકિતી કદાચિત દોરડીને સર્પ સમજી જાય, ઇત્યાદિ પ્રકારે બહારના અપ્રયોજનરૂપ પદાર્થમાં અન્યથા જણાઈ જાય, તોપણ તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે, કેમકે એમાં કાંઈ જ્ઞાનના સમ્યક્પણાની ભૂલ નથી. પરંતુ એ તો તે પ્રકારના ક્ષયોપશમનો અભાવ છે; જ્ઞાનાવરણના ઉદયજન્ય અજ્ઞાનભાવ જે બારમાગુણસ્થાન સુધી હોય છે તે અપેક્ષાએ તેને 'અજ્ઞાન' ભલે કહેવાય, પરંતુ મોક્ષમાર્ગ સાધવા કે ન સાધવાની અપેક્ષાએ જે સમ્યગ્જ્ઞાન ને મિથ્યાજ્ઞાન કહેવાય છે, તેમાં તો સમકિતીને બધું સમ્યગ્જ્ઞાન જ છે, તેને મિથ્યાજ્ઞાન નથી. તેણે દોરડીને દોરડી ન જાણતાં સર્પની કલ્પના થઈ ગઈ તો તેથી કરીને કાંઈ તેના જ્ઞાનમાં સ્વ–પરની એકત્વબુદ્ધિ કે રાગાદિ પરભાવમાં તન્મયબુદ્ધિ થઈ જતી નથી, એટલે તેનું જ્ઞાન મિથ્યા થતું નથી, તે વખતેય ભેદજ્ઞાન તો યથાર્થપણે વર્તી જ રહ્યું છે તેથી તેનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે. લોકોને બહારના જાણપણાનો જેટલો મહિમા છે એટલો અંદરના ભેદવિજ્ઞાનનો મહિમા નથી. સમ્યગ્દ્રષ્ટિનું જ્ઞાન ક્ષણેક્ષણે અંદરમાં શું કામ કરે છે તેની લોકોને ખબર નથી. પ્રતિક્ષણે અંદરમાં સ્વભાવ ને પરભાવની વહેંચણીનું અપૂર્વકાર્ય એના જ્ઞાનમાં થઈ જ રહ્યું છે. એ જ્ઞાન પોતે રાગથી જુદું પડીને સ્વભાવની જાતનું થઈ ગયું છે, એ તો કેવળજ્ઞાનનો કટકો છે. આગળ એને 'કેવળજ્ઞાનનો અંશ' કહેશે. એ જ્ઞાન ઇન્દ્રિય–મનદ્વારા નથી થયું પણ આત્માદ્વારા થયું છે.

જ્ઞાનીને પોતાના જ્ઞાનની સમસ્ત પરભાવોથી તદ્દ્ન ભિન્નતા અનુભવમાં આવી છે એટલે પહેલાં અજ્ઞાનદશામાં રાગમાં ને ઇન્દ્રિયોમાં તન્મય થઈને જે જ્ઞાન કામ કરતું તે જ્ઞાન હવે પોતાના સ્વભાવમાં જ તન્મય રહીને કાર્ય કરે છે. મારું જ્ઞાન તો સદાય જ્ઞાનરૂપ જ રહે છે, રાગરૂપ મારું જ્ઞાન થતું નથી.

એમ જ્ઞાનને જ્ઞાનપણે જ રાખતો તે સદાય ભેદજ્ઞાનરૂપે, સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે છે; આ રીતે તેનું બધું ય જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે–એમ જાણવું. એક જીવ ઘણાં શાસ્ત્રો ભણેલો હોય ને મોટો ત્યાગી થઈને હજારો જીવોથી પૂજાતો હોય પણ જો શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ન હોય તો એનું બધું ય જાણપણું મિથ્યા છે; બીજો જીવ નાનું દેડકું, માછલું, સર્પ, સિંહ કે બાળક દશામાં હોય, શાસ્ત્રના શબ્દો વાંચતા આવડતું ન હોય છતાં જો શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વથી સહિત છે તો એનું બધુંય જ્ઞાન સમ્યક્ છે, ને એ મોક્ષના પંથે છે; બધાય શાસ્ત્રોના રહસ્યરૂપ અંદરનું સ્વભાવ–પરભાવનું ભેદજ્ઞાન તેણે સ્વાનુભવથી જાણી લીધું છે. અંદરમાં જે બાહ્ય તરફની શુભ કે અશુભ લાગણીઓ ઊઠે છે તે હું નથી, તેના વેદનમાં મારી શાંતિ નથી, હું તો જ્ઞાનાનંદ છું–કે જેના વેદનમાં મને શાંતિ અનુભવાય છે,– આમ અંતરના વેદનમાં તે સમકિતીને ભેદજ્ઞાન તથા શુદ્ધાત્મપ્રતીતિ વર્તે છે. શુદ્ધાત્માથી વિરુદ્ધ કોઈ ભાવમાં તેને કદી આત્મબુદ્ધિ થતી નથી. જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી જ્ઞાન આ રીતે રાગથી જાુદું કામ કરવા માંડયું, માટે સમ્યગ્દ્રષ્ટિ જે કાંઈ જાણે તે બધું સમ્યગ્જ્ઞાન છે એક કહ્યું. જ્ઞાનનો ઉઘાડ થોડો હોય કે ઝાઝો એના ઉપર કાંઈ સમ્યક્–મિથ્યાપણાનું માપ નથી, પણ એ જ્ઞાન કઈ તરફ કાર્ય કરે છે, શેમાં તન્મયપણે વર્તે છે એના ઉપર તેના સમ્યક્–મિથ્યાપણાનું માપ છે. જો સ્વભાવમાં તન્મય વર્તતું હોય તો સમ્યક્ છે, પરભાવમાં તન્યમ વર્તતું હોય તો મિથ્યા છે. જ્ઞાનીનો ઉપયોગ પરને જાણવામાં વર્તતો હોય તેથી એમ ન સમજવું કે ત્યારે તેનો ઉપયોગ પરમાં તન્મય થઈ ગયો છે; એ વખતેય અંતરના ભાનમાં ઉપયોગ પરથી છૂટો ને છૂટો વર્તે છે. સ્વમાં તન્મયતાની બુદ્ધિ એ વખતેય એને છૂટી નથી. આ તો જ્ઞાનીના અંતરની અલૌકિક વસ્તુ છે, એનાં માપ બહારથી સમજાઈ જાય તેવા નથી. શુભ–અશુભ પરિણામદ્વારા પણ એનાં માપ નીકળે એવા નથી અંતર્દ્રષ્ટિ શું કામ કરે છે એનું માપ અંતર્દ્રષ્ટિથી જ સમજાય તેવું છે.

અરે ભાઈ, એકવાર આ વાત લક્ષમાં તો લે, તો તારો ઉત્સાહ પર તરફથી ઊતરી જશે ને તને સ્વભાવનો ઉત્સાહ જાગશે. મૂળ સ્વભાવનું જ્ઞાન કરવું એ જ મોક્ષમાર્ગમાં પ્રયોજનરૂપ છે.

કોઈ કહે છે–'ધર્મી થયો ને આત્માને જાણ્યો એટલે પરનું પણ બધુંય જાણપણું તેને થઈ જાય.' તો કહે છે કે ના. પરને બધાયને જાણી જ લ્યો એવો નિયમ નથી. જ્ઞાનનો ઉઘાડ હોય તે અનુસાર જાણે; તે કદાચિત તે પ્રકારનો ઉઘાડ ન હોવાના કારણે, દોરીને સર્પ ઇત્યાદિ પ્રકારે અન્યથા જાણે તોપણ દોરી કે સર્પ બંનેથી જાુદો હું તો જ્ઞાન છું–એવું સ્વ–પરની ભિન્નતાનું જ્ઞાન તો તેને યથાર્થ જ રહે છે, તે ખસતું નથી. દોરીને દોરી જાણી હોત તોપણ તેનાથી હું જાુદો છું–એમ જાણત, અને દોરીને સર્પ જાણ્યો તોપણ તેનાથી હું જાુદો છું–એમ જાણે છે, એટલે સ્વ–પરની ભિન્નતા જાણવારૂપ સમ્યક્પણામાં તો કાંઈ ફેર પડયો નથી. આત્માનું જાણપણું થાય એટલે પરનું જાણપણું

તરત ઉઘડી જ જાય એવો કાંઈ નિયમ નથી. અજ્ઞાની કોઈ જ્યોતિષ વગેરે જાણતો હોય ને જ્ઞાનીને તે ન પણ આવડે, અહીં બેઠોબેઠો સ્વર્ગ–નરકને વિભંગજ્ઞાનથી દેખતો હોય જ્ઞાનીને તેવો ઉઘાડ ન પણ હોય. અજ્ઞાની ગણિત વગેરે જાણતો હોય, તેમાં તેની ભૂલ ન પડે, છતાં એ જાણપણાની ધર્મમાં કાંઈ કિંમત નથી. જ્ઞાનીને કદાચ ગણિત વગેરે ન આવડે, દાખલામાં ભૂલ પણ પડે, છતાં તેનું જ્ઞાન સમ્યક્ છે, સ્વને સ્વપણે અને પરને પરપણે સાધવારૂપ મૂળભૂત યથાર્થપણામાં તેને ભૂલ થતી નથી. અજ્ઞાની તો સ્વ–પરને, સ્વભાવ–પરભાવને એકબીજામાં ભેળવીને જાણે છે એટલે તેનું બધુંય જ્ઞાન ખોટું છે. બહારના જાણપણાનો ઉઘાડ પૂર્વક્ષયોપશમ અનુસાર ઓછો–વધુ હોય, પણ જે જ્ઞાન પોતાના ભિન્નસ્વભાવને ભૂલીને જાણે છે તે અજ્ઞાન છે, અને પોતાના ભિન્નસ્વભાવનું ભાન સાથે રાખીને જે જાણે છે તે સમ્યગ્જ્ઞાન છે. સંસાર સંબંધી કંઈક જાણપણું ન હોય કે ઓછું હોય તેથી કાંઈ જ્ઞાન મિથ્યા થઈ જતું નથી. અને સંસારનું દોઢ–ડહાપણ ઘણું હોય તેથી કાંઈ જ્ઞાન સમ્યક્ થઈ જતું નથી. એનો આધાર તો શુદ્ધાત્માના શ્રદ્ધાન ઉપર છે; શુદ્ધાત્માનું શ્રદ્ધાન જ્યાં છે ત્યાં સમ્યક્ જ્ઞાન છે, શુદ્ધાત્માનું શ્રદ્ધાન જ્યાં નથી ત્યાં મિથ્યાજ્ઞાન છે. એટલે બહારનું જાણપણું ઓછું હોય તો એનો જ્ઞાનીને ખેદ નથી, ને બહારનું જાણપણું વિશેષ હોય તો એનો જ્ઞાનીને મહિમા નથી. મહિમાવંત તો આત્મા છે ને એ જેણે જાણી લીધો તે જ્ઞાનનો મહિમા છે. અહો, જગતથી જુદા મારા આત્માને મેં જાણી લીધો છે તો મારા જ્ઞાનનું પ્રયોજન મેં સાધી લીધું છે, એમ નિજાત્મજ્ઞાનથી જ્ઞાની સંતુષ્ટ છે–તૃપ્ત છે.

અહા, આત્મજ્ઞાનનો મહિમા અચિંત્ય છે. એ જ્ઞાનનો મહિમા ભૂલીને બહારના જાણપણાના મહિમામાં જીવો અટકી રહ્યા છે. સંસારના કોઈ નિષ્પ્રયોજન પદાર્થને જાણવામાં ભૂલ થઈ તો ભલે થઈ, પણ, જ્ઞાની કહે છે કે અમારા આત્માને જાણવામાં અમારી ભૂલ થતી નથી. અમારા આતમરામને અમે ભૂલતા નથી. એ જ્ઞાનની મસ્તી અને નિઃશંકતા કોઈ અદ્ભુત છે! અનંત ગુણોથી પરિપૂર્ણ સ્વભાવની પ્રતીતનું જોર એ જ્ઞાનની સાથે વર્તી રહ્યું છે. તેથી આવું સમ્યગ્જ્ઞાન તે કેવળજ્ઞાનનો કટકો છે.

**સ્વસત્તાના અવલંબને જ્ઞાની નિજાત્માને અનુભવે છે. અહો! આવા સ્વાનુભવજ્ઞાનથી મોક્ષમાર્ગ સાધનાર જ્ઞાનીના મહિમાની શી વાત! એની દશાને ઓળખનારા જીવો ન્યાલ થઈ ગયા છે.**

# બહારમાં ઉપયોગ વખતે પણ ધર્મીને સમ્યક્ત્વધારા ચાલુ છે, તે વખતેય ઉપયોગ ને રાગ ભિન્ન છે

**“સમ્યગ્દ્રષ્ટિના પરિણામ સવિકલ્પ તથા નિર્વિકલ્પરૂપ બે પ્રકારે પ્રવર્તે છે. ત્યાં જે વિષય-કષાયાદિરૂપ વા પૂજા-દાન-શાસ્ત્રાભ્યાસાદિરૂપ પ્રવર્તે છે તે સવિકલ્પરૂપ જાણવું.”**

સૌથી પહેલાં જ્યારે આત્માનુભવ સહિત સમ્યગ્દર્શન પ્રગટે ત્યારે તો નિર્વિકલ્પ દશા જ હોય છે, જ્ઞાનનો ઉપયોગ અંતરમાં થંભી ગયો છે. પણ એવી નિર્વિકલ્પદશા લાંબોકાળ ટકતી નથી, એટલે સવિકલ્પદશા આવે છે. આ રીતે સમ્યગ્દ્રષ્ટિના પરિણામ નિર્વિકલ્પ અને સવિકલ્પ એમ બંને દશારૂપ થઈને પ્રવર્તે છે. ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવ ન થાય–એવું નથી; તેમજ સમ્યગ્દર્શન થયા પછી વિકલ્પ અને રાગ ન જ હોય એમ પણ નથી. સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થને પણ કોઈકોઈવાર નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે. તેમજ ચોથા–પાંચમા ગુણસ્થાને તેને ભૂમિકાઅનુસાર વિષય–કષાયાદિના અશુભ તથા પૂજા–દાન–શાસ્ત્રસ્વાધ્યાય–ધર્માત્માની સેવા–સાધર્મીનો પ્રેમ–તીર્થયાત્રા વગેરેના શુભ પરિણામ પણ આવે છે. એના અશુભ પરિણામ ઘણા મંદ પડી ગયા હોય છે, વિષયકષાયોનો પ્રેમ અંતરમાંથી ઊડી ગયો હોય છે, અશુભ વખતેય નરકાદિ હલકી ગતિનાં આયુષનું બંધન તો તેને થતું જ નથી. દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઉત્સાહ–ભક્તિ, શાસ્ત્ર પ્રત્યે ભક્તિ, તેનો અભ્યાસ વગેરે શુભપરિણામ વિશેષપણે હોય છે, પરંતુ એનું અંતર તો એ શુભથીયે ઉદાસ છે. એના અંતરમાં તો એક શુદ્ધ આત્મા જ વસ્યો છે.

જ્ઞાનની સાથે વિકલ્પ વર્તે છે એટલે એમ કહ્યું કે જ્ઞાન સવિકલ્પરૂપ થઈને વર્તે છે; પરંતુ ખરેખર કાંઈ જ્ઞાન પોતે વિકલ્પરૂપ થતું નથી. જ્ઞાન તો જ્ઞાનરૂપે જ વર્તે છે, વિકલ્પથી જુદું જ વર્તે છે. જ્ઞાન અને વિકલ્પ એ બંનેનું ભેદજ્ઞાન ધર્મીને સવિકલ્પદશા વખતેય વર્તી રહ્યું છે. પણ એ ભૂમિકામાં પરિણામની સ્થિતિ કેવી હોય તે અહીં બતાવવું છે. વિષયકષાયના જરાપણ ભાવ હોય ત્યાં સમ્યગ્જ્ઞાન હોય જ નહીં–એમ કોઈ માને તો તે બરાબર નથી. અથવા વિષયકષાયના પરિણામ સર્વથા છૂટીને વીતરાગ થાય ત્યારે જ સમ્યગ્જ્ઞાન થાય–એમ કોઈ કહે તો તે પણ બરાબર નથી. હા, એટલું ખરૂં કે એને

વિષયકષાયનો રસ અંતરમાંથી સર્વથા છૂટી જાય, એમા ક્યાંય અંશમાત્ર પણ આત્માનું હિત કે સુખ ન લાગે; એટલે એમાં સ્વચ્છંદે તો તે ન જ વર્તે. એ ‘સદન નિવાસી તદપિ ઉદાસી’ હોય છે.

આ રીતે ધર્મીને સમ્યગ્જ્ઞાન સાથે શુભ–અશુભ પરિણામ પણ વર્તતા હોય છે પણ તેથી કાંઈ તેના સમ્યક્શ્રદ્ધાન–જ્ઞાન દુષિત થઈ જતા નથી; જ્ઞાન પરિણામ જુદા છે ને શુભાશુભ પરિણામ જુદા છે, બંનેની ધારા જુદી છે. વિકલ્પ અને જ્ઞાનની ભિન્નતાનું ભાન વિકલ્પ વખતેય ખસતું નથી. ઉપયોગ ભલે પરને જાણવામાં રોકાયો હોય તેથી કાંઈ શ્રદ્ધા કે જ્ઞાન મિથ્યા થઈ જતા નથી. આ રીતે ધર્મીને સવિકલ્પ દશા વખતે પણ સમ્યક્ત્વની ધારા તો એવી ને એવી વર્તે જ છે.

## જૈનદર્શન શિક્ષણ વર્ગ

રાજકોટમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવ ઊજવીને પૂ. ગુરુદેવ તા. ૧૩–૫–૬૫ વૈશાખ સુદ ૧૩ ને ગુરુવારના રોજ સોનગઢ પધારશે. તથા બીજા દિવસથી એટલે કે વૈશાખ સુદ ૧૪ ને શુક્રવાર તા. ૧૪–૫–૬૫ થી વિદ્યાર્થીઓ માટેનો શિક્ષણ વર્ગ શરૂ થશે. આ શિક્ષણ વર્ગ જેઠ સુદ ત્રીજ ને તા. ૨–૬–૬૫ સુધી ચાલશે. શિક્ષણ વર્ગમાં આવવા ઈચ્છતા વિદ્યાર્થીબંધુઓએ દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) એ સરનામે સૂચના મોકલી દેવી, તથા ટાઈમસર સોનગઢ આવી જવું. (પોતાનું બેડીંગ સાથે લાવવું)

# કેવળજ્ઞાનનો કટકો
## આત્મજ્ઞાનનો અચિંત્ય મહિમા

卐

"...... જાણવામાં પદાર્થોને વિપરીત સાધતું નથી, માટે તે સમ્યગ્જ્ઞાન કેવળ જ્ઞાનનો અંશ છે. જેમ થોડુંક મેઘપટલ (વાદળ) વિલય થતાં જે કાંઈ પ્રકાશ પ્રગટે છે તે સર્વપ્રકાશનો અંશ છે. જે જ્ઞાન મતિ–શ્રુતરૂપ પ્રવર્તે છે તે જ જ્ઞાન વધતુંવધતું કેવળજ્ઞાનરૂપ થાય છે, તેથી સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ તો જાતિ એક છે.' (પૃ. ૩૪૪)

અહા, જુઓ આ સમ્યગ્જ્ઞાનની કેવળજ્ઞાન સાથે સંધિ! મતિ–શ્રુતજ્ઞાનને કેવળજ્ઞાનનો અંશ કોણ કહે?–કે જેણે પૂર્ણ જ્ઞાનસ્વભાવને પ્રતીતમાં લીધો હોય ને તે સ્વભાવના આધારે સમ્યક્ અંશ પ્રગટ કર્યો હોય તે જ પૂર્ણતા સાથેની સંધિથી (પૂર્ણતાના લક્ષથી) કહી શકે કે મારું આ જ્ઞાન છે તે કેવળજ્ઞાનનો અંશ છે, કેવળજ્ઞાનની જ જાત છે. પણ રાગમાં જ જે લીન વર્તતો હોય તેનું જ્ઞાન તો રાગનું થઈ ગયું છે, તેને તો રાગથી જુદા જ્ઞાનસ્વભાવની જ ખબર નથી, ત્યાં 'આ જ્ઞાન આ સ્વભાવનો અંશ છે' એમ તે કઈ રીતે જાણે? જ્ઞાનને જ પરથી ને રાગથી જુદું નથી જાણતો ત્યાં એને સ્વભાવનો અંશ કહેવાનું તો તેને ક્યાં રહ્યું? સ્વભાવ સાથે જે એકતા કરે તે જ પોતાના જ્ઞાનને 'આ સ્વભાવનો અંશ છે' એમ જાણી શકે. રાગ સાથે એકતાવાળો એ વાત જાણી શકતો નથી.

અહા, આ તો અલૌકિક વાત છે! મતિશ્રુતજ્ઞાનને સ્વભાવનો અંશ કહેવો અથવા તો કેવળજ્ઞાનનો અંશ કહેવો એ વાત અજ્ઞાનીને સમજાતી નથી, કેમકે તેને તો રાગ અને જ્ઞાન એકમેક ભાસે છે. જ્ઞાન તો નિઃશંક જાણે છે કે જેટલા રાગાદિ અંશો છે તે બધાય મારાથી પર ભાવો છે, ને જેટલા જ્ઞાનાદિ અંશો છે તે બધાય મારા સ્વભાવો છે, તે મારા સ્વભાવના જ અંશો છે, ને તે અંશો વધી વધીને કેવળજ્ઞાન થવાનું છે.

પ્રશ્નઃ– ચાર જ્ઞાનને તો વિભાવજ્ઞાન કહ્યા છે, અહીં તેમને સ્વભાવના અંશ કેમ કહ્યા?

ઉત્તરઃ– તેમને વિભાવ કહ્યા છે તે તો અપૂર્ણતાની અપેક્ષાએ કહ્યા છે, કાંઈ વિરુદ્ધ જાતની અપેક્ષાએ (રાગાદિની જેમ) તેમને વિભાવ નથી કહ્યા. એ ચારે જ્ઞાનો તો સ્વભાવના જ અંશ.....ને સ્વભાવની જ જાત; પણ તે હજી અધૂરા છે ને અધૂરાના આશ્રયે

પૂરું જ્ઞાન ખીલતું નથી એટલે પૂર્ણસ્વભાવનો આશ્રય કરાવવા અપૂર્ણ જ્ઞાનોને વિભાવ કહ્યા છે. પણ જેમ રાગાદિ વિભાવો તો સ્વભાવથી વિરુદ્ધ છે–તેમની જાત જ જુદી છે, તેમ કાંઈ જ્ઞાનની જાત જુદી નથી, જ્ઞાન તો સ્વભાવથી અવિરુદ્ધ જાતનું જ છે. જેમ પૂર્ણપ્રકાશથી ઝળઝળતા સૂર્યમાંથી વાદળાંનો વિલય થતાં જે પ્રકાશકિરણો ઝળકે છે તે સૂર્યપ્રકાશનો જ અંશ છે, તેમ જ્ઞાનાવરણાદિ વાદળાં તૂટતાં સમ્યક્ મતિશ્રુતરૂપ જે જ્ઞાન કિરણો પ્રગટયા તે, કેવળજ્ઞાનના પૂર્ણપ્રકાશથી ઝળહળતો જે ચૈતન્યસૂર્ય, તેના જ પ્રકાશના અંશો છે. સમ્યક્ મતિશ્રુતરૂપ જે અંશો છે તે બધાય ચૈતન્યસૂર્યનો જ પ્રકાશ છે. જેમ બીજચંદ્ર વધીવધીને પૂર્ણચંદ્રરૂપ થાય છે તેમ સમ્યક્ મતિશ્રુતજ્ઞાન પણ વધતાં વધતાં કેવળજ્ઞાન થાય છે. જો કે મતિ–શ્રુત પર્યાય તો પલટી જાય છે, તે પોતે કાંઈ કેવળજ્ઞાનરૂપ થતી નથી, એટલે પર્યાયઅપેક્ષાએ તે જ નથી પરંતુ સમ્યક્ જાતિ અપેક્ષાએ તે જ જ્ઞાન વધતાં વધતાં કેવળજ્ઞાન થયું એમ કહેવાય છે. પાંચેય જ્ઞાનો સમ્યગ્જ્ઞાનના જ પ્રકાર છે એટલે કેવળજ્ઞાન અને મતિજ્ઞાન બંને 'સમ્યક'પણે સરખાં છે, બંનેની જાત એક જ છે. જેમ એક જ પિતાના પાંચ પુત્રોમાં કોઈ મોટો હોય, કોઈ નાનો હોય, પણ છે તો બધાય એક જ બાપના દીકરા; તેમ કેવળજ્ઞાનથી માંડીને મતિજ્ઞાન એ પાંચે સમ્યગ્જ્ઞાનો જ્ઞાનસ્વભાવના જ વિશેષો છે, તેમાં કેવળજ્ઞાન એ મોટો મહાનપુત્ર છે ને મતિજ્ઞાનાદિ ભલે નાના છે, તોપણ તે કેવળજ્ઞાનની જ જાત છે. શાસ્ત્રમાં (જયધવલામાં) વીરસેનસ્વામીએ ગણધરને 'સર્વજ્ઞપુત્ર' કહ્યા છે, તેમ અહીં કહે છે કે મતિ–શ્રુતજ્ઞાન તે કેવળજ્ઞાનના પુત્ર છે, સર્વજ્ઞતાના અંશ છે. જેમ સિદ્ધભગવાનનો પૂર્ણ અતીન્દ્રિય આનંદ ને સમકિતીનો ભૂમિકાયોગ્ય અતીન્દ્રિય આનંદ એ બંને આનંદની એક જ જાત છે. માત્ર પૂરા ને અધૂરાનો જ ભેદ છે પણ જાતમાં તો જરાય ભેદ નથી, એટલે સમકિતીનો આનંદ તે સિદ્ધભગવાનના આનંદનો જ અંશ છે; આનંદની જેમ એનું મતિજ્ઞાન તે પણ કેવળજ્ઞાનનો જ અંશ છે. પૂરા ને અધૂરાનો ભેદ હોવા છતાં બંનેની જાતમાં જરાય ભેદ નથી.

ભાઈ, તારું જ્ઞાન એ કેવળજ્ઞાનની જ જાતનું,–પણ ક્યારે? કે તું તારા સ્વભાવનું સમ્યગ્જ્ઞાન કર ત્યારે. હજી તો શુભરાગને મોક્ષનું કારણ માનતો હોય, વ્યવહારના અવલંબને મોક્ષમાર્ગ થવાનું માનતો હોય, જડદેહની ક્રિયાઓને આત્માની માનતો હોય ને તે ક્રિયાઓથી ધર્મ થવાનું માનતો હોય, તેને તો કહે છે કે ભાઈ, તારું બધુંય જ્ઞાન મિથ્યા છે. હજી તો સર્વજ્ઞે કહેલાં નવતત્ત્વની તને ખબર નથી, સર્વજ્ઞસ્વભાવનો (કેવળજ્ઞાનનો) તને નિર્ણય નથી ત્યાં તે કેવળજ્ઞાનનો અંશ કેવો હોય તેની ઓળખાણ ક્યાંથી થાય? મારું આ જ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે–એમ બરાબર નક્કી કરે એની દ્રષ્ટિ અને જ્ઞાનપરિણતિ તો જ્ઞાનસ્વભાવમાં ઊંડી ઊતરી ગઈ હોય. એ શુભરાગમાં ધર્મ માનીને એમાં જ ન રોકાઈ રહે; એ તો રાગથી ક્યાંય પાર એવા જ્ઞાનસ્વભાવમાં અંદર પ્રવેશી જાય. આવું જ્ઞાન તે જ કેવળજ્ઞાનની જાતનું થઈને કેવળજ્ઞાનને સાધે છે. સમ્યક્ મતિશ્રુત તે જો કેવળ–

જ્ઞાનની જાતનું ન હોય ને વિજાતીય હોય તો તે કેવળજ્ઞાનને કઈ રીતે સાધી શકે?

કેવળજ્ઞાનની જાત હોય તે જ કેવળજ્ઞાનને સાધી શકે. રાગ તે કેવળજ્ઞાનની જાત નથી, તેથી તે કેવળજ્ઞાનને સાધી શકતો નથી. મતિ શ્રુત સમ્યગ્જ્ઞાન તે કેવળજ્ઞાનની જાત છે તેથી અંતરમાં એકાગ્ર થઈને તે કેવળજ્ઞાનને સાધે છે. સમ્યગ્જ્ઞાનજ્યોત પ્રગટી તે કદી બુઝાવાની નથી, એ વધી વધીને કેવળજ્ઞાન લેશે.

જુઓ ભાઈ, આ વાત સૂક્ષ્મ અને ગંભીર તો છે, પરંતુ પોતાના પરમ હિતની વાત છે એટલે બરાબર ધ્યાન રાખીને ખાસ સમજવા જેવી છે. ધ્યાન રાખીને અંતરથી સમજવા ધારે તો જરૂર સમજાય તેમ છે. આ કાંઈ દૂરદૂરની કોઈ વાત નથી પણ પોતાના આત્મામાં જે સ્વભાવ વર્તી રહ્યો છે તેની જ આ વાત છે, એટલે 'આ વાત મારા આત્માની જ છે' એમ અંતરમાં ડોકિયું કરીને સમજે તો તરત જ સમજાય અને સમજતાં અપૂર્વ આનંદ થાય, એવી આ વાત છે.

પ્રશ્નઃ– છદ્મસ્થજીવ કેવળજ્ઞાનનું સ્વરૂપ ક્યાંથી સમજી શકે?

ઉત્તરઃ– છદ્મસ્થ જ્ઞાની પણ કેવળજ્ઞાનનું સ્વરૂપ બરાબર નક્કી કરી શકે છે. એણે જ્ઞાનને સ્વસન્મુખ કરીને સર્વજ્ઞતાના અખંડ સામર્થ્યની ભરપૂર એવા પોતાના જ્ઞાનસ્વભાવનો જે નિર્ણય કર્યો છે, તેમાં કેવળજ્ઞાનનું સ્વરૂપ પણ સ્પષ્ટ ભાસી ગયું છે. જો કેવળજ્ઞાનને જ ન સમજે તો મોક્ષતત્ત્વને પણ ન સમજે, મોક્ષતત્ત્વને જે ન સમજે તે મોક્ષમાર્ગને પણ ન સમજે, ને મોક્ષમાર્ગને જે ન સમજે તેને ધર્મ ક્યાંથી થાય? જેમ કોઈ સજ્જન પાસે એક રૂપીઓ સાચો હોય, ભલે અજબ રૂપીઆ તેની પાસે ન હોય, તેથી શું અબજ રૂપીઆને તે જાણી ન શકે? જેવો મારી પાસે આ રૂપીઓ છે તેવી જ જાતના અબજ રૂપીઆ હોય, એમ તે બરાબર જાણી શકે છે, તેમ સમકિતી મતિ–શ્રુતજ્ઞાની સંત પાસે કેવળજ્ઞાન ભલે પ્રગટ ન હોય, પરંતુ શુદ્ધાત્માની શ્રદ્ધાના બળે જ્ઞાનસ્વભાવનો પણ નિર્ણય કરીને, કેવળજ્ઞાન કેવું એ તેણે બરાબર જાણી લીધું છે, ને કેવળજ્ઞાનની જાતનું જ મારું આ સમ્યગ્જ્ઞાન છે–એમ તે નિઃશંક જાણે છે. હજાર પાંખડીવાળા કમળની જે કળી પહેલાં થોડી ખીલી તે જ વધીને પૂરી ખીલે છે, તેમ અનંત પાંખડીવાળું જે ચૈતન્યકમળ તેમાં સમ્યગ્દર્શન થતાં જે મતિશ્રુતરૂપ થોડી જ્ઞાનકલા ખીલી તે જ કળા સ્વરૂપમાં એકાગ્રતાવડે વધતાં વધતાં કેવળજ્ઞાનરૂપ પૂર્ણકલા ખીલી જશે. આ રીતે સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ મતિ–શ્રુત ને કેવળની જાતિ એક જ છે. આ ચિઠ્ઠિમાં જ આગળ જતાં અષ્ટસહસ્રીનો આધાર આપીને કહ્યું છે કે કેવળજ્ઞાનની જેમ શ્રુતજ્ઞાન પણ સર્વ તત્ત્વને પ્રકાશનાર છે, માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનો જ તેમાં ભેદ છે પરંતુ વસ્તુસ્વરૂપે તેઓ એકબીજાથી અન્ય નથી.

સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધાત્માની પ્રતીતરૂપ સમ્યક્શ્રદ્ધા થઈ છે, સ્વપરના યથાર્થ ભેદજ્ઞાનવડે સમ્યક્મતિશ્રુતજ્ઞાનરૂપ કેવળજ્ઞાનનો અંશ પ્રગટયો છે.

# ધ....ન્ય... છે... તે.....મ...ને....

**૨૦૦ વર્ષ પહેલાં પં. શ્રી ટોડરમલ્લજી લખે છે કે-આ વર્ત-માનકાળમાં અધ્યાત્મરસના રસિક જીવો બહુજ થોડા છે; ધન્ય છે તેમને....જેઓ સ્વાનુભવની વાર્તા પણ કરે છે.**

વાહ, જુઓ આ સ્વાનુભવના રસનો મહિમા! જગતમાં સ્વાનુભવના રસિક જીવો હંમેશા વિરલા જ હોય છે. જેને વિકારનો રસ છૂટીને અધ્યાત્મનો રસ જાગ્યો તે જીવો ભાગ્યશાળી છે. सिद्ध समान सदा पद मेरो એવી અંતરદ્રષ્ટિ અને એના સ્વાનુભવની ભાવના કરનારા જીવો ખરેખર ધન્ય છે.

અધ્યાત્મરસની પ્રીતિ એટલે કે ચૈતન્યસ્વભાવની પ્રીતિ, તેનો મહિમા અને ફળ બતાવતાં વનવાસી દિગંબરસંત શ્રી પદ્મનંદીસ્વામી કહે છે કે આ ચૈતન્યસ્વરૂપ આત્મા પ્રત્યે પ્રીતિચિત્તપૂર્વક–ઉત્સાહથી તેની વાર્તા પણ જેણે સાંભળી છે તે ભવ્યજીવ ચોક્કસ ભાવિનિર્વાણનું ભાજન થાય છે, એટલે કે અલ્પકાળમાં તે અવશ્ય મોક્ષ પામે છે. ચૈતન્યના સાક્ષાત્ સ્વાનુભવની તો વાત જ શી! પણ અંતરમાં તેના તરફનો પ્રેમ જાગ્યો એટલે રાગાદિનો પ્રેમ તૂટયો, તે જીવ પણ જરૂર મોક્ષ પામશે.

શાસ્ત્રકારે એક ખાસ શરત મૂકી છે કે “ચેતન્ય પ્રત્યેના પ્રેમથી” તેની વાત સાંભળે, એટલે જેના અંતરમાં ઊંડેઊંડે પણ રાગનો પ્રેમ હોય, રાગથી લાભ થશે એવી બુદ્ધિ હોય તેને ચૈતન્યનો ખરો પ્રેમ નથી પણ રાગનો પ્રેમ છે, તેને ચૈતન્યસ્વભાવ પ્રત્યે ઊંડેથી ખરો ઉલ્લાસ ન આવે. અહીં તો સવળાની વાત છે.

રાગનો પ્રેમ ને શરીર–કુટુંબનો પ્રેમ તો અનાદિથી જીવ કરતો જ આવ્યો છે, પણ હવે તે પ્રેમ તોડીને ચૈતન્યનો પ્રેમ જેણે જગાડયો, વીતરાગી સ્વભાવરસનો રંગ જેણે લગાડયો તે જીવ ધન્ય છે....તે નીકટમોક્ષગામી છે.

ચૈતન્યની વાત સાંભળતાં અંદરથી રોમ રોમ ઉલ્લસી જાય....અસંખ્ય પ્રદેશ ચમકી ઊઠે કે વાહ! મારા આત્માની આ કોઈ અપૂર્વ નવી વાત મને સાંભળવા મળી.....કદી નહોતું સાંભળ્યું એવું ચૈતન્યતત્ત્વ આજ મારા સાંભળવામાં આવ્યું; પુણ્ય અને પાપથી જુદી જ કોઈ આ વાત છે,–આમ અંત્‌રસ્વભાવનો ઉત્સાહ લાવીને અને બહિર્‌ભાવોનો ઉત્સાહ છોડીને એકવાર જેણે સ્વભાવનું શ્રવણ કર્યું–તેનો બેડો પાર!

શ્રવણ તો નિમિત્ત છે પણ તેના ભાવમાં આંતરો પડી ગયો, સ્વભાવ અને પરભાવ વચ્ચે જરાક તિરાડ પડી ગઈ–તે હવે બંનેને જુદા અનુભવ્યે છૂટકો.

'હું જ્ઞાયક ચિદાનંદઘન છું, એક સમયમાં પરિપૂર્ણ શક્તિથી ભરેલો જ્ઞાન ને આનંદનો સાગર છું'-આવી અધ્યાત્મની વાત સંભળાવનારા સંત-ગુરુ પણ મહા ભાગ્યથી મળે છે, ને એવી વાત સાંભળવા મળી ત્યારે પ્રસન્નચિત્તથી, એટલે કે એના સિવાયના બીજા બધાયની પ્રીતિ એકવાર છોડીને, અને એની જ પ્રીતિ કરીને, 'મારે તો આ જ સમજવું છે,-આનો જ અનુભવ કરવો છે' એવી ઊંડી ઉત્કંઠા જગાડીને, ઉપયોગને જરાક તે તરફ થંભાવીને, જે જીવે સાંભળ્યું તે જીવ જરૂર તેની પ્રીતિ આગળ વધારીને સ્વાનુભવ કરશે, અને મુક્તિ પામશે.

એમને એમ સાંભળી લ્યે તેની વાત નથી, પણ અંતરમાં ચૈતન્યનો ઉલ્લાસ લાવીને સાંભળે તેની વાત છે. શું સાંભળે ? કે ચૈતન્યસ્વરૂપ આત્માની વાર્તા સાંભળે. કેવી રીતે સાંભળે ? કે ઉલ્લાસથી સાંભળે; રાગના ઉલ્લાસથી નહિ પણ ચૈતન્યના ઉલ્લાસથી સાંભળે. આત્મસ્વરૂપની વાત સાંભળતાં પ્રમોદ આવે-એટલે આના શ્રવણવડે શુદ્ધાત્મા લક્ષગત કર્યો, તે અપૂર્વ છે.

અહો ! એકવાર પણ અંતર્લક્ષ કરીને ચૈતન્યના ઉલ્લાસથી તેની વાત જેણે સાંભળી તેના ભવબંધન તૂટવા માંડયા. સ્વભાવમાં ઉલ્લાસ આવ્યો તો તે તરફ વીર્ય ઝુકીને તેનો અનુભવ કરશે જ.

અહા, હું તો ચૈતન્યસ્વરૂપ......વીતરાગી સંતોની વાણી મારા ચૈતન્યસ્વરૂપનો જ પ્રકાશ કરે છે-એમ અંતરમાં ચૈતન્યના ભણકાર લાવીને ઉત્સાહથી-વીર્યોલ્લાસથી જેણે સાંભળ્યું તે અલ્પકાળમાં સ્વભાવના ઉલ્લાસના બળથી મોક્ષને સાધશે.

શ્રવણના વાચ્યભૂત ચૈતન્યના એકત્વસ્વરૂપ પ્રત્યે પ્રસન્નતા ને ઉલ્લાસ લાવીને, અને જગતનો ઉલ્લાસ છોડીને, પરભાવનો પ્રેમ છોડીને તેનું જેણે શ્રવણ કર્યું તે જીવ જરૂર સ્વાનુભવ કરીને મુક્તિ પામે છે. ચૈતન્યનો કોઈ અચિંત્ય-અપાર મહિમા છે તે મહિમા જેણે લક્ષગત કર્યો તેણે પોતાના આત્મામાં મોક્ષના બીજડાં રોપ્યા.

અહા, એકલી ચૈતન્યવસ્તુ ! જેના મૂળસ્વરૂપમાં રાગનોય પ્રવેશ નથી, પરથી તો નિરપેક્ષ ને પરભાવોથી યે નિરપેક્ષ,-એના પ્રત્યે અંતરમાં ઉલ્લાસ લાવીને જ્ઞાનીના શ્રીમુખે તેની વાત જેણે સાંભળી તેનું પરિણમનચક્ર મોક્ષ તરફ ફર્યું. તેથી કહ્યું કે-

**ધન્ય છે તેમને.....કે જેઓ અધ્યાત્મરસના રસિક**
**થઈને આવી સ્વાનુભવની ચર્ચા પણ કરે છે.**

**( "અધ્યાત્મ સન્દેશ" પુસ્તકમાંથી સંકલિત )**

( પં. શ્રી ટોડરમલ્લજી તથા પં. શ્રી બનારસીદાસજીએ લખેલી ત્રણ અધ્યાત્મ ચિઠ્ઠિઓ ઉપરનાં પૂ. શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો 'અધ્યાત્મ સન્દેશ' નામના પુસ્તકરૂપે પ્રસિદ્ધ થનાર છે. )

# અચિંત્ય મહિમાવંત આત્મશક્તિ

**ગત માગશર-પોષ માસમાં સમયસારની ૪૭ શક્તિઓ ઉપર જે ભાવભીનાં પ્રવચનો થયા તેનો કેટલોક સારભાગ અહીં આપવામાં આવ્યો છે.**

**લેખાંક નં. ૪ ( ગતાંકથી ચાલુ )**

卐

### ( ૭૬ ) મલિનતાને 'આત્મા' કોણ કહે ?

અરે, રાગ તો મલિનભાવ છે, તેના સેવનથી જો તું આત્માને ધર્મનો લાભ માનતો હો તો તેં આખાય ભગવાન આત્માને મેલો માની લીધો છે. અરે, ક્યાં પવિત્રતાનો આખોય પિંડ ચૈતન્યસ્વભાવ, ને ક્યાં રાગાદિ મલિનભાવ ? જેના સેવનથી અબંધપણું ન પ્રગટે, ને જેના સેવનથી આત્મા બંધાય–એવા મલિનભાવને 'આત્મા' કોણ કહે ? અને એવા મલિનભાવનું કર્તૃત્વ પવિત્ર આત્માને કેમ હોય ? એનું જ્ઞાન ભલે રહો પણ એનું કર્તૃત્વ રહેતું નથી. આત્મા જ્યાં ખરેખર 'આત્મારૂપ' થઈને ( નિર્મળ પર્યાયરૂપ ) પરિણમ્યો ત્યાં તેનામાં વિકારનું–દુઃખનું–રાગનું કર્તૃત્વ કે ભોક્તૃત્વ નથી, તે નિર્મળભાવોને જ કરે છે ને આનંદમય વીતરાગભાવને જ ભોગવે છે.

### ( ૭૭ ) સાધકદશા

સાધકભૂમિકામાં બે પ્રકારનાં–એક જ્ઞાતાભાવમાં તન્મયરૂપ પરિણામ, અને બીજાં જ્ઞાતાભાવથી જુદા પરિણામ; તેમાંથી ધર્મીજીવને જ્ઞાતાભાવથી અભિન્ન એવા વીતરાગી–આનંદરૂપ પરિણામનું કર્તા–ભોક્તાપણું છે; પણ જ્ઞાતાભાવથી ભિન્ન એવા રાગાદિ આકૂળ– પરિણામનું કર્તા–ભોક્તાપણુ ધર્મીને નથી.

### ( ૭૮ ) ચૈતન્યરાજાની પરિણતિ

જેમ ચક્રવર્તીની રાણી ભિખારણ ન હોય, એમ ચૈતન્યરાજાની પરિણતિ વિકારી ન હોય, એની પરિણતિ તો એના જેવી નિર્મળ નિર્વિકાર હોય, એને જ એ ભોગવે. પર–પરિણતિને ભોગવે એવો સ્વભાવ ચૈતન્યરાજાનો નથી.

### ( ૭૯ ) વિસ્મયકારી સ્વતત્ત્વ

અરે, એકવાર તારા ચૈતન્યસુખને તું દેખ તો જગતમાં બીજે ક્યાંયથી સુખ લેવાની તારી મિથ્યા–આકાંક્ષા મટી જશે. જગતનું વિસ્મય છોડ ને પરમ વિસ્મયકારી ( આનંદકારી ) એવા નિજ તત્ત્વને અંતરમાં દેખ. કદી નહિ જોયેલ એવી વૈભવવાળી વસ્તુ તને તારામાં દેખાશે....કદી નહિ ચાખેલ એવો

સ્વાનુભવનો સ્વાદ તને તારામાં વેદાશે.–માટે જગતનું કુતૂહલ છોડ ને તારા ચૈતન્યને દેખવાનું કુતૂહલ કરીને તેનો ઉદ્યમ કર.

## ( ૮૦ ) સાધકનું ચિત્ત પરભાવમાં ક્યાંય ઠરતું નથી; ચૈતન્યસ્વભાવમાં જ એનું ચિત્ત ઠરે છે

અરે, આ સંસારમાં ચારે ગતિમાં રખડી રખડીને વિભાવના કેવા દુઃખો છે તે મેં જોઈ લીધા....હવે આ સ્વભાવભૂત ચૈતન્યસુખ કેવું છે તે પણ જોયું.....તેથી હવે આ ચૈતન્યસુખ સિવાય બીજા કોઈ પરભાવમાં અમારી પ્રીતિ નથી. જેમ ભક્તામરસ્તોત્રમાં સ્તુતિકાર કહે છે કેઃ પ્રભો ! મેં પહેલાં અજ્ઞાનદશામાં અનેક કુદેવોને દેખ્યા, પણ એક તને મેં કદી દેખ્યો ન હતો; હવે આપને દેખતાં ને આપનું સ્વરૂપ જાણતાં, બીજા કોઈ કુદેવાદિમાં અમારું હૃદય ઠરતું નથી, આપના સિવાય બીજે ક્યાંય પ્રેમ થતો નથી; કુદેવાદિને દેખ્યા છતાં હૃદય તો આપના પ્રત્યે જ ઝૂકે છે; તેમ અહીં સાધક કહે છે કે હે નાથ! સંસારના વ્યવહારના સઘળા પરભાવોને મેં જાણી લીધા, પણ એક ચિદાનંદસ્વભાવને અત્યાર સુધી નહોતો જાણ્યો; હવે એ ચિદાનંદસ્વભાવને જાણતાં બીજા કોઈ પરભાવોમાં અમારું ચિત્ત ઠરતું નથી, ચૈતન્યસ્વભાવ સિવાય બીજા કોઈનો પ્રેમ થતો નથી. પરભાવને જાણવા છતાં અમારું હૃદય તો સ્વભાવ પ્રત્યે જ ઝૂકે છે. પરભાવની પ્રીતિને હવે અમારા આત્મામાં સ્થાન નથી.

## ( ૮૧ )

આત્મામાં જ્ઞાનાદિ જે અનંતગુણો છે. તેઓ પોતાના નિર્મળભાવમાં તદ્રૂપપણે પરિણમે છે, ને પર ભાવો સાથે અતદ્રૂપપણે પરિણમે છે, આવું અનેકાન્તપણું આત્માની સર્વ શક્તિઓમાં પ્રકાશે છે.

આત્મામાં અનંતશક્તિઓ છે.

ને એકેક શક્તિમાં પોતપોતાની પર્યાયરૂપ પૂરું શુદ્ધ કાર્ય કરવાની તાકાત છે.

અને એકેક પર્યાય પરિપૂર્ણ સામર્થ્યથી ભરપૂર છે.

આમ દ્રવ્ય–ગુણ–પર્યાયના સામર્થ્યથી ભરેલો ચૈતન્યકલશ છે.

આવો દુર્લભ અવસર પામીને પણ હે જીવ! જો તેં તારા સ્વજ્ઞેયને ન જાણ્યું ને સ્વાશ્રયે મોક્ષમાર્ગ ન સાધ્યો તો તારું જીવન વ્યર્થ છે. આ અવસર ચાલ્યો જશે તો તું પસ્તાઈશ.....માટે જાગ....ને સ્વહિત સાધવામાં તત્પર થા.

卐

# વિ...વિ...ધ વ...ચ...ના...મૃ...ત

( આત્મધર્મનો ચાલુ વિભાગ લેખાંકઃ ૮ )

વિવિધ વચનામૃતનો આ વિભાગ પ્રવચનોમાંથી, શાસ્ત્રોમાંથી તેમ જ રાત્રિચર્ચા વગેરે પ્રસંગો ઉપરથી તૈયાર કરવામાં આવે છે.

## ( ૧૩૧ ) ભેદજ્ઞાન

જ્યાં સુધી કષાય અને જ્ઞાનની એકતાની ગાંઠને ભેદજ્ઞાનવડે જીવ ભેદે નહિ ત્યાંસુધી તેને મોક્ષમાર્ગનો કાંઈ લાભ થાય નહિ. મોક્ષમાર્ગનો લાભ ભેદજ્ઞાનથી જ થાય છે. 'भेदविज्ञानतः सिद्धाः सिद्ध ये किलकेचन'

卐

## ( ૧૩૨ ) શાસ્ત્રનું તાત્પર્ય

વીતરાગી શાસ્ત્રોનું તાત્પર્ય હંમેશા એવું જ હોય કે જેનાથી આત્માને લાભ થાય ને વીતરાગતા વધે.

卐

## ( ૧૩૩ ) શાસ્ત્રનું રહસ્ય સ્વાનુભૂતિમાં છે

સ્વાનુભૂતિરૂપ આત્મજ્ઞાન પાસે શાસ્ત્રજ્ઞાન પણ સ્થૂળ છે. હજારો વર્ષના શાસ્ત્રજ્ઞાન કરતાં એક ક્ષણનું અનુભવજ્ઞાન વધી જાય છે. શાસ્ત્રો પણ આવા અનુભવનો જ ઉપદેશ આપે છે. સ્વાનુભવ વિના શાસ્ત્રનું ખરું રહસ્ય જણાય નહિ. સર્વે શાસ્ત્રોનું રહસ્ય સ્વાનુભૂતિમાં સમાય છે. સ્વાનુભૂતિ વગરનું જ્ઞાન મોક્ષમાર્ગમાં આવી શકે નહિ. સ્વાનુભૂતિ વડે જ મોક્ષમાર્ગ શરૂ થાય છે.

卐

## ( ૧૩૪ ) મોક્ષમાર્ગના અભિનન્દન

હે જીવ ! સન્તો તને તારા સ્વભાવની પૂર્ણતા ને સ્વાધીનતા બતાવે છે. એકવાર તારી સ્વાધીનતાને જો તો ખરો. તને તારા સ્વાધીનપરિણમનની વાત બેસે તો શાબાશી એટલે કે જો આવી સ્વાધીનપરિણમનની વાત બેસી તો તારું પરિણમન અંતર્લક્ષ તરફ વળ્યું ને સ્વાશ્રયે અપૂર્વ સમ્યક્દશારૂપ મોક્ષમાર્ગ પ્રગટયો,–માટે તને શાબાશી ! જેમ પરીક્ષામાં પાસ થાય તેના અભિનંદન આપે છે ને ! તેમ અહીં ધર્માત્માને મોક્ષમાર્ગના અભિનંદન આપ્યા છે.

## ( ૧૩૫ ) સ્વાધીન મોક્ષમાર્ગ

( ઉપાદાન નિજશક્તિ હૈ )

હે જીવ ! તારું ઉપાદાન તારી નિજશક્તિથી ભરેલું છે. ઉપાદાનની આવી સ્વતંત્રતા જાણીને સ્વાશ્રયે તારા સ્વકાર્યને સાધ, મોક્ષમાર્ગને સાધ. તારો મોક્ષમાર્ગ સાધવામાં

તારે જગતમાં કોઈની ઓશીયાળ કરવી પડે એવું નથી. તારા આત્માના આશ્રયે જ તારો મોક્ષમાર્ગ છે. તું એકલો–એકલો તારામાં ને તારામાં તારો મોક્ષમાર્ગ સાધી શકે છે. વાહ, કેવી સ્વતંત્ર વસ્તુસ્થિતિ! બીજાની મદદ લેવા જઈશ તો તું તારા સ્વાધીન મોક્ષમાર્ગને સાધી શકશે નહિ. મોક્ષમાર્ગ પરાધીન નથી, મોક્ષમાર્ગ પરથી અત્યંત નિરપેક્ષ છે.

## ( ૧૩૬ ) સાધકની વ્યવસ્થિત મતિ ( માર્ગનો દ્રઢ નિર્ણય )

બધાય તીર્થંકર ભગવંતોએ અનુભવેલો ને દર્શાવેલો મોક્ષમાર્ગ કેવો છે તેનો દ્રઢ નિર્ણય કરીને, અને પોતે તેવા મોક્ષમાર્ગરૂપ પરિણમીને પ્રવચનસારમાં આચાર્યદેવ કહે છે કે મારી મતિ વ્યવસ્થિત થઈ છે. મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે, કૃત્ય કરાય છે. માર્ગના નિર્ણયમાં જેની ભૂલ છે, વસ્તુસ્વરૂપમાં જેની ભૂલ છે. જેણે માર્ગ અવધારિત કર્યો નથી તેની મતિ વ્યવસ્થિત નથી એટલે સમ્યક્ નથી, પણ તેની મતિ ડામાડોળ છે એટલે કે મિથ્યા છે. માર્ગનો નિર્ણય કરીને મતિને દ્રઢ વ્યવસ્થિત કર્યા વગર માર્ગ સાધી શકાય નહિ.

## ( ૧૩૭ ) મુંઝવણ ટાળવાનો માર્ગ

હું જ્ઞાન છું એમ જ્ઞાનનો વિશ્વાસ કરે તો બધી મુંઝવણ ટળે. કેમકે જ્ઞાનમાં મુંઝવણ નથી, જ્ઞાનમાં પ્રતિકૂળતા નથી. જ્ઞાન તો આનંદરૂપ ને સમાધાનરૂપ છે. સર્વ દુઃખોની પરમ ઔષધિ એટલે ‘જ્ઞાન તેથી કહ્યું છે કે–

જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારન,
યહ પરમામૃત જન્મ–જરા–મૃતુ રોગ મિટાવન.

ભવરોગને પણ મટાડવાની જેની તાકાત છે તે જ્ઞાન વળી બીજી કઈ મુંઝવણ રહેવા દેશે?

## ( ૧૩૮ ) આત્માનો સ્વભાવ

જુઓ, ભાઈ આત્માનો સ્વભાવ એવો અપૂર્વ છે કે જેની આરાધનાથી સંસારનો પાર પમાય ને મોક્ષસુખ પ્રાપ્ત થાય. જે સ્વભાવની સામે નજર કરતાં પણ આનંદ થાય,– એવો આનંદ થાય કે વિશ્વના બીજા કોઈ પદાર્થમાં ન હોય; જે સ્વભાવનો મહિમા યાદ કરતાં પણ જગતના દુઃખો દૂર થાય....આવા સ્વભાવનો ધારક આત્મા પોતે જ છે.

## ( ૧૩૯ ) સર્વોત્કૃષ્ટ

* જગતમાં સર્વોત્કૃષ્ટ શું ?–કે આત્માનો સ્વભાવ.
* જગતમાં સર્વોત્કૃષ્ટ કામ શું ?–કે સ્વભાવની આરાધના.
* સ્વભાવની આરાધના એ જ મુમુક્ષુ જીવનનું કામ.
* સર્વે શાસ્ત્રોનો સાર શું ?–સ્વભાવની આરાધના કરવી તે.

## ( ૧૪૦ ) ધર્મી જીવ

ધર્મી જીવ અંતરઅનુભવથી પોતાના સ્વભાવને દેખીને પરમ પ્રસન્ન થાય છે. ચૈતન્યના

# તેનો તું બોધ પામ... કે જેનાથી સમાધિમરણ ની પ્રાપ્તિ થાય

卐

( ચૈત્ર વદ પાંચમના પ્રવચનમાંથીઃ રાજકોટ )

જુઓ, શ્રીમદ્ રાજચંદ્રજીની સમાધિનો આજે દિવસ છે. તેમણે ૧૮–૧૯ વર્ષની ઉંમરમાં આ વચન કહ્યું છે કે અરે જીવ! તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય. અજ્ઞાનમાં અસમાધિભાવે અનંતવાર મરણ કર્યા, અનંત દેહ છોડયા, પણ ચૈતન્યના ભાનપૂર્વક એકવાર સમાધિભાવે દેહ છોડે....તો ફરીને દેહ જ ન રહે.

**લઘુવયથી અદ્‌ભુત થયો....તત્ત્વજ્ઞાનનો બોધ,**
**એ જ સૂચવે એમ કે ગતિ-આગતિ કા શોધ?**

નાનપણથી જ તત્ત્વના ઘણા સંસ્કાર હતા. પૂર્વ ભવે આત્માએ ક્યાંય સારો સત્સમાગમ સેવ્યો હતો ને ભવિષ્યમાં પણ આત્માના આનંદના વેદન સહિત જ જ્યાં જશું ત્યાં જશું, ચૈતન્યનું ભાન હવે ભૂલાશે નહિ. પરના લક્ષે તો જીવો દેહ છોડે જ છે, પણ સ્વના ધ્યાને જ્ઞાની સમાધિમરણે દેહ છોડે છે, તે અપૂર્વ છે. એકવાર એવા ભાવે દેહ છોડે તેને ફરી જન્મમરણ રહે નહિ.

શ્રીમદ્‌રાજચંદ્રજીનો દેહ આ ચૈત્ર વદ પાંચમે ( ૬૪ વર્ષ પહેલાં ) રાજકોટમાં સમાધિમરણપૂર્વક છૂટયો હતો; તેઓ કહે છે કે અરે જીવ! એકવાર નિજ સ્વરૂપનો બોધ તો કર...

**જગતને મરણ તણી બીક છે રે....**
**જ્ઞાનીને તો આનંદની લહેર જો....**

ભવ જેનામાં નથી, વિકાર જેનામાં નથી એવા ભગવાન આત્માના ભાનપૂર્વક સમાધિભાવે એકવાર દેહ છૂટયો તેને અનંતકાળના અસમાધિમરણનો અંત આવી જાય છે. પોતાને આત્માના અનુભવ સહિત ભવઅંતના ભણકાર આવી ગયા હતા. તેથી કહે છે કે–

**એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,**
**ગજા વગરને હાલ મનોરથ રૂપ જો.**
**તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,**
**પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો...અપૂર્વ૦**

જુઓ, આત્માનું ભાન તો થયું છે, પણ હજી પરમાત્મદશા આ દેહે પ્રાપ્ત થઈ નથી. છતાં સ્વાનુભવના જોરે અલ્પકાળમાં પરમાત્મપદની પ્રાપ્તિના કોલકરાર કરીને જાય છે. આ દેહ છોડયો, હવે ફરીને આવો દેહ નહિ મળે.

આત્માની તો જાત ફરી જશે, ને ફરીને આ પ્રકારનો દેહ પણ નહિ મળે. ફરીને એકાદ ભવ હશે ને શરીર મળશે તો તે આરાધકભાવ સહિત જુદી જાતનું હશે, આત્માની દશા તો અપૂર્વ થઈ ત્યાં દેહમાં પણ અપૂર્વતા થઈ જાય છે, કેમકે આરાધકભાવ સહિતના પુણ્યનું નિમિત્ત પૂર્વે કદી નહોતું; ચૈતન્યના ભાનપૂર્વક તેની આરાધનામાં રમતાં રમતાં જેણે દેહ છોડયો તેના અનંતકાળના અસમાધિમરણ છૂટી ગયા, ને અલ્પકાળમાં તે મુક્તિ પામશે.

અનુભવની ખુમારી એના ચિત્તને બીજે ક્યાંય લાગવા દેતી નથી. સ્વાનુભવના શાંતરસથી તે તૃપ્તતૃપ્ત છે. ચૈતન્યના આનંદની મસ્તીમાં એવા મસ્ત છે કે હવે બીજું કાંઈ કરવાનું રહ્યું નથી.

હું જ જ્ઞાન–દર્શન–ચારિત્ર છું, હું જ મોક્ષ છું, હું જ સુખ છું, મારો સ્વભાવ વૃદ્ધિગત જ છે, પરભાવનો મારામાં પ્રવેશ નથી. હું મારા ચૈતન્ય વિલાસ–સ્વરૂપ છું ચૈતન્યમાં બીજા કોઈની ચિન્તા નથી.–આમ ધર્મી જીવ પરથી ભિન્ન પોતાના એકત્વસ્વરૂપને ચિંતવે છે. એકત્વ ચૈતન્યના ચિંતનમાં પરમ સુખ છે.

**શ્રી ગુરુ ઢંઢોળે છે-**

# હવે તો જાગો......

जगवासी जीवनसों गुरु उपदेश कहे,
तुमैं यहां सोवत अनंतकाल बीते हैं।
जागो ह्वै सचेत समता समेत सुनो,
केवल-वचन जातें अक्ष-रस जीते हैं।।
आवो मेरे निकट बताउं मैं तुम्हारो गुन,
परम सुरस-भरे करमसों रीते हैं।
ऐसे बैन कहे गुरु तोउ ते न धरे उर,
मित्तकैसे पुत्त किधों चित्रकेसे चीते हैं।।१२।।

[ समयसारनाटक ]

શ્રી ગુરુ જગવાસી જીવોને ઉપદેશ કરે છે કે: તમને આ સંસારમાં મોહનિદ્રા લેતાં લેતાં અનંતકાળ ચાલ્યો ગયો; હવે તો જાગો ને સાવધાન તથા શાન્તચિત થઈને ભગવાનની વાણી સાંભળો....કે જેનાથી ઇન્દ્રિયવિષયોને જીતી શકાય છે.

(શ્રી ગુરુ ફરી ફરીને પ્રેમથી કહે છેઃ) આવો, મારી સમીપ આવો; હું તમને કર્મકલંકથી રહિત પરમ આનંદમય તમારા આત્માના ગુણો બતાવું. શ્રી ગુરુ આવા વચન કહે છે તોપણ સંસારી મોહીજીવ કાંઈ ધ્યાન દેતો નથી,–તે કેવો છે?–જાણે કે માટીનું ઢીંગલું હોય, અથવા ચિત્રમાં ચીતરેલો મનુષ્ય હોય! ચેતનવંતો હોય તે તો આવા ગુરુવચન સાંભળીને કેમ ન જાગે? જરૂર જાગે.

સર્વ સુખસમ્પત્તિનો નિધાન એવો હું,–મારા સ્વરૂપને દેખી દેખીને જોકે પરમ તૃપ્તિ અનુભવાય છે...તોપણ એ અનુભવની કદી તૃપ્તિ થતી નથી,–એમાંથી બહાર નીકળવાની વૃત્તિ થતી નથી.

# રાજકોટ સમાચાર

***

**ચૈત્ર** સુદ ૧૩, તા. ૧૩–૪–૬૫, મંગળવારઃ સવારમાં સીમંધરનાથના અને મહાવીર ભગવાનના મંગલ દર્શન–પૂજન કરીને સોનગઢથી પ્રસ્થાન કરી ગુરુદેવ રાજકોટ પધાર્યા.

ગુરુદેવ રાજકોટ શહેરમાં પધારતાં, મહાવીર ભગવાનની રથયાત્રા સહિત ભવ્ય સ્વાગત થયું. કેસરી સાડીથી સજ્જ ૭૬ બહેનો ૭૬ મંગલ કલશ સહિત સ્વાગતને શોભાવતા હતા. સ્વાગત ગીત અને સ્વાગત પ્રવચન બાદ મંગલાચરણમાં ભાવભીના રંગથી ગુરુદેવે કહ્યું કે હે જિનેશ્વરદેવ! આપના માર્ગનો મને રંગ લાગ્યો, આપના કહેલા માર્ગને એટલે આપના જેવા શુદ્ધઆત્માને સાધવા હું રંગથી જાગ્યો, તેમાં હવે ભંગ પડવાનો નથી; જેવા તીર્થંકરો છે તેવો જ હું છું–એમ પ્રતીત કરીને શુદ્ધઆત્મા સિવાય બીજાને મનમાં લાવું નહિ, શુદ્ધઆત્મા સિવાય બીજાનો પ્રેમ કરું નહિ–આવી અમારી ટેક છે. આમ ઓળખીને હે નાથ! હું આપનું મંગલ–સ્વાગત કરું છું, હે અનંતા સિદ્ધભગવંતો! મારા જ્ઞાનમાં મોટા સિદ્ધભગવંતોને પધરાવીને સ્વાગત કરું છું, એટલે કે જ્ઞાનને શુદ્ધઆત્મા તરફ વાળીને આપનું સ્વાગત કરું છું. જુઓ, આમ શુદ્ધઆત્માની ધગશ કરીને તેનો અનુભવ કરવો–એના જેવું મહાન કાર્ય જગતમાં બીજું કોઈ નથી.

ગુરુદેવનું ઉમંગભર્યું પ્રવચન, ને ભગવાનના સ્વાગતની ઉલ્લાસકારી વાત સાંભળતાં હજારો શ્રોતાજનો આનંદિત બન્યા હતા. આ પ્રસંગે ગુરુદેવના ૭૬મા જન્મોત્સવની તૈયારી તથા પંચકલ્યાણક મહોત્સવની તૈયારીથી ઉલ્લાસપૂર્ણ વાતાવરણ પ્રસરી રહ્યું હતું. જિનમંદિરની બાજુમાં ભવ્ય સમવસરણ મંદિર બંધાઈ રહ્યું છે ને સામે ૫૪ ફૂટ ઊંચો રળિયામણો માનસ્થંભ છે. બંનેમાં શ્રી જિનેન્દ્રભગવંતોની પ્રતિષ્ઠાના ભવ્યમહોત્સવ માટે જિનમંદિરની સામે વિશાળ સુસજ્જિત મંડપ ભવ્ય પ્રવેશદ્વાર સહિત શોભી રહ્યો છેઃ એનું નામ હતું સીમંધરનગર.

સવારે ને બપોરે કલશટીકા ઉપરના પ્રવચનમાં અધ્યાત્મરસની અમૃતધારા વહેવા લાગી; હજારો જિજ્ઞાસુઓ પ્રેમપૂર્વક તેનું શ્રવણ કરવા લાગ્યા. नमः समयसाराय કહીને શુદ્ધઆત્માનું જ સારભૂતપણું બતાવીને તેને નમસ્કાર કર્યા. શુદ્ધઆત્માને જાણતાં પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે, માટે તેને જ સારરૂપ જાણીને નમસ્કાર કર્યા છે.

પ્રવચન પછી જિનમંદિરમાં વીરપ્રભુની ભાવભીની ભક્તિ થઈ. ત્યારબાદ ૫૪ ફૂટ ઊંચા માનસ્તંભમાં ટોચનો સૌથી ઉપરનો પાષાણ, ગુરુદેવના સુહસ્તે સ્વસ્તિક કરાવીને આજે ચઢાવવામાં આવ્યો હતો.

રાજકોટમાં હંમેશા બે વખત પ્રવચનો તથા રાત્રે તત્ત્વચર્ચા ચાલે છે; તેમાંથી શરૂઆતનો થોડોક નમુનો અહીં આપ્યો છે–

૧ આત્માનો અનુભવ ન થાય ત્યાં સુધી શું કરવું?
વારંવાર તેની જિજ્ઞાસાપૂર્વક શ્રવણ–મનન કરીને નિર્ણય કરવો જોઈએ. સાચો નિર્ણય તે અનુભવનું સાધન છે. તે માટે વારંવાર તેનો રસ આવવો જોઈએ.

૨ જેવો સંસારમાં માતાપિતા કુટુંબ વગેરેનો પ્રેમ આવે છે તેવો પ્રેમ આત્મા ઉપર કેમ નથી આવતો?
પોતે નથી કરતો માટે.

૩ 'અનંત' પદાર્થના 'અંત' ને જ્ઞાન ન જાણે તો તે અધૂરું ન કહેવાય?
ના; અનંતના અંતને ન જાણે, ને તેને અનંતપણે જેમ છે તેમ જાણે તેમાં જ જ્ઞાનની યથાર્થતા ને પૂર્ણતા છે. જો અનંતને પણ અંતવાળું જાણે તો તો જ્ઞાન મિથ્યા થાય.

૪ જો અનંતને પણ જ્ઞાન જાણી લ્યે તો તે શાંત ન થઈ જાય?
ના; અનંત છે તે અનંતપણે રહીને જ્ઞાનમાં જણાય છે. અનંતતા જ્ઞાનમાં જણાય તેથી કાંઈ તે સાંત ન થઈ જાય. વીતરાગમાર્ગનું રહસ્ય અદ્ભુત છે, અંતર્મુખ જ્ઞાનસ્વભાવને પકડે ત્યારે જ વીતરાગમાર્ગનું રહસ્ય સમજાય.

*

૫ તારું ધ્યેય તારા જ્ઞાનસ્વભાવને જ બનાવ. જ્ઞાનસ્વભાવને ધ્યેય કરતાં પર્યાયની પૂરી તાકાત (સર્વજ્ઞતા) નો પણ નિર્ણય થાય છે. આવો નિર્ણય કરીને અંદરમાં ઊતરે ત્યાં અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય.

*

૬ ચંદ્રલોકમાં મનુષ્ય જઈ શકે?
ના; મનુષ્યનું ગમન ચંદ્રલોકમાં નથી. હા, કોઈ મિથ્યાદ્રષ્ટિ મનુષ્ય મરીને શુભભાવથી જ્યોતિષીદેવ થાય ને ચંદ્રલોકમાં જાય–એમ બની શકે. કોઈ લબ્ધિધારી મુનિ વગેરે ચંદ્રલોકથી પણ હજારો યોજન ઊંચે મેરુ ઉપર જઈ શકે; ચંદ્રલોક તો હજારયોજન કરતાં પણ નીચો છે, જ્યારે મેરુપર્વત લાખયોજન ઊંચો છે. છતાં, મનુષ્યનું ગમન મેરુ ઉપર થઈ શકે પણ ચંદ્રલોકમાં મનુષ્યનું ગમન નથી.

*

૭ ચંદ્રલોક, પૃથ્વીનું માપ વગેરે વર્ણન શાસ્ત્રમાં આવે છે તે સાચું કે અત્યારના વિજ્ઞાની લોકો કહે છે તે સાચું?
જેનો જાણનાર સાચો તેનું બધું સાચું છે. જાણનાર જ જેનો સાચો નથી, જ્ઞાન જ જેનું સાચું નથી તેને પદાર્થનું સાચું જ્ઞાન હોય નહિ. સર્વજ્ઞદેવે અતીન્દ્રિયજ્ઞાન વડે જાણીને જે વસ્તુસ્વરૂપ બતાવ્યું છે તે જ યથાર્થ છે.

*

૮ જ્ઞાનસ્વરૂપ આત્મા નિજસ્વરૂપ ભૂલીને પરની સાથે કર્તાકર્મપણાની જે મિથ્યાબુદ્ધિ કરે છે તેમાં આકુળતા છે; હું જ્ઞાનસ્વરૂપ છું, ક્રોધાદિભાવો પણ હું નથી–એમ પરભાવથી ભિન્નતા જાણીને જ્ઞાનભાવપણે જ રહે–તેમાં વીતરાગી શીતળતા ને શાન્તિ છે.

*

૯ જેમાં એકતાબુદ્ધિ હોય તેમાં જ કર્તાકર્મપણું માને; જેને અજ્ઞાનથી રાગાદિ પરભાવ સાથે એકત્વબુદ્ધિ છે તેને જ જ્ઞાન અને રાગનો કર્તાકર્મસંબંધ ભાસે છે. જ્ઞાનને અને રાગને તો અત્યંત ભિન્નતા છે, છતાં અજ્ઞાની તેમાં એકતા માનીને રાગ સાથે કર્તાકર્મભાવે પ્રવર્તે છે. જ્ઞાનજ્યોતિ તે કર્તાકર્મભાવને તોડતી ને અતીન્દ્રિય આનંદને અનુભવતી ખીલે છે. આ રીતે જ્ઞાનીનું જ્ઞાન સ્વભાવના અનુભવનશીલ છે.

*

૧૦ આત્મા શું, આત્માનું કાર્ય શું, આત્માનું અકર્તાપણું કેવું ને તેનો અતીન્દ્રિય આનંદ કેવો? તે વાત અમૃતચંદ્રસ્વામીએ આ સમયસાર ટીકામાં બતાવી છે. ચૈતન્યના અતીન્દ્રિય અમૃતમાં અમૃતચંદ્રાચાર્ય ઝૂલતા હતા, અંતરમાં તેમને સમ્યગ્જ્ઞાનની નિર્મળ જ્યોત જાગી હતી ને ચૈતન્યમાં ઘણી લીનતા પ્રગટી હતી. તેમણે અધ્યાત્મરસના અમૃત આ કળશમાં ભર્યા છે.

*

૧૧ સમ્યગ્દ્રષ્ટિ જીવ કઈ રીતે ઓળખાય?

પોતે તે પ્રકારની ઓળખાણ કરે તો ઓળખી શકાય છે. પોતાને જ સમ્યક્ત્વની ઓળખાણ ન હોય તો સામાને ક્યાંથી ઓળખશે.

*

૧૨ એક સમ્યગ્દ્રષ્ટિ બીજા સમ્યગ્દ્રષ્ટિને ઓળખી લ્યે? હા; કઈ રીતે? તે પ્રકારનો પરિચય થાય તો જરૂર ઓળખી લ્યે.

*

૧૩ શ્રુતજ્ઞાનમાં કેટલા કર્મ છે?

શ્રુતજ્ઞાનમાં આઠે કર્મનો અભાવ છે. જે ભાવશ્રુતે અબદ્ધસ્પૃષ્ટ શુદ્ધઆત્માની અનુભૂતિ કરી તે ભાવશ્રુત પોતે અબદ્ધસ્પૃષ્ટ થયું છે; પોતે અબદ્ધસ્પૃષ્ટ થઈને (કર્મથી ભિન્ન થઈને) અબદ્ધસ્પૃષ્ટ આત્માને અનુભવે છે.

*

૧૪ શ્રુતજ્ઞાન પરોક્ષ છે કે પ્રત્યક્ષ?

સ્વમાં ઉપયોગ વખતે શ્રુતજ્ઞાન અતીન્દ્રિય હોવાથી તેને પ્રત્યક્ષ પણ કહેવાય છે. પરને જાણવામાં તે પરોક્ષ છે.

*

૧૫ ૧૧ અને ૧૨ મા ગુણસ્થાને વીતરાગતામાં કાંઈ ફેર છે?

ના; બંનેની વીતરાગતા સરખી છે. ૧૧ થી ૧૪ મા ગુણસ્થાને યથાખ્યાત–વીતરાગચારિત્રનું એક જ સ્થાન છે, એટલે કે યથાખ્યાત–વીતરાગચારિત્ર તે ચારે ગુણસ્થાનમાં એકસરખું છે.

*

૧૬ મોક્ષમાર્ગ ક્યાં સુધી છે?

૧૨મા ગુણસ્થાન સુધી ભાવશ્રુત તે સાધકભાવ છે, કેવળજ્ઞાન તે સાધ્યભાવ છે. કોઈવાર ૧૪ માના છેલ્લા સમયસુધી મોક્ષમાર્ગ કહેવાય ને સિદ્ધદશા તે મોક્ષ છે. મોક્ષમાર્ગરૂપ સાધકભાવની શરૂઆત તો ચોથા ગુણસ્થાનથી જ થઈ જાય છે.

૧૭ જીવ સ્વલક્ષ કેમ નથી કરતો?

પોતે કર્તા થઈને પરલક્ષમાં ને પરની પ્રીતિમાં રોકાય છે; તે પોતે કર્તા થઈને સ્વની પ્રીતિથી વારંવાર સ્વલક્ષનો અભ્યાસ કરે તો સ્વલક્ષ જરૂર થાય. જેમ પોતે પરની પ્રીતિ કરે છે તેમ જો સ્વની પ્રીતિ કરે તો સ્વલક્ષ ને સ્વાનુભવ થાય.

卐

## જૈનદર્શન શિક્ષણ વર્ગ

રાજકોટમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવ ઊજવીને પૂ. ગુરુદેવ તા. ૧૩–૫–૬૫ વૈશાખ સુદ ૧૩ ને ગુરુવારના રોજ સોનગઢ પધારશે. તથા બીજા દિવસથી એટલે કે વૈશાખ સુદ ૧૪ ને શુક્રવાર તા. ૧૪–૫–૬૫ થી વિદ્યાર્થીઓ માટેનો શિક્ષણ વર્ગ શરૂ થશે. આ શિક્ષણ વર્ગ જેઠ સુદ ત્રીજને તા. ૨–૬–૬૫ સુધી ચાલશે. શિક્ષણ વર્ગમાં આવવા ઈચ્છતા વિદ્યાર્થીબંધુઓએ દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) એ સરનામે સૂચના મોકલી દેવી, તથા ટાઈમસર સોનગઢ આવી જવું. (પોતાનું બેંડીગ સાથે લાવવું.)




* ઉજ્જૈનના રાયબહાદુર શ્રી લાલચંદજી દોશી તા. ૧૭–૪–૬૫ ના રોજ સ્વર્ગવાસ પામી ગયા. તેઓ તા. ૧૬મીએ દસ વાગે તો મુંબઈથી ઉજ્જૈન ગયા, ત્યાં રાત્રે ૧૦ વાગ્યા સુધી કાર્યરત રહ્યા; તા. ૧૭ ની સવારે પણ કેટલાક ટ્રંકકોલ વગેરે કાર્ય કર્યા. ત્યારબાદ થોડીવારમાં શ્વાસ ઉપડતાં સ્વર્ગવાસ પામી ગયા. મૃત્યુ પહેલાં તેમણે કહ્યું કે મારો કોઈ ઉપચાર ન કરશો. હું બચીશ નહિ. ભગવાન મહાવીરનું નામ લેતાં લેતાં તેમનો આત્મા દેહ છોડીને ચાલ્યો ગયો. અનેક જૈન સંસ્થાઓના તેઓ આગેવાન હતા. હજી તો ગત પોષ માસમાં તેઓ ઉજ્જૈન માટે ગુરુદેવને વિનંતિ કરવા સોનગઢ આવ્યા હતા, ને ગુરુદેવના પરિચયથી તથા સોનગઢના વાતાવરણથી બહુ જ પ્રભાવિત થયા હતા; ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો. મહા માસમાં ગુરુદેવ ઉજ્જૈન પધાર્યા ને પ્રતિષ્ઠા મહોત્સવ થયો તેમાં તેમણે ઉલ્લાસપૂર્વક આગેવાનીભર્યો ભાગ લીધો હતો. જૈન પત્રોમાં પણ અવારનવાર લેખો આપીને તેઓ ગુરુદેવના પ્રભાવને પ્રસિદ્ધ કરતા હતા. તેઓ વીતરાગી દેવગુરુધર્મની ઉપાસના વડે ધર્મપ્રેમમાં આગળ વધીને આત્મહિત સાધે–એમ ઈચ્છીએ.

*બોટાદના ભાઈશ્રી વીરચંદ ભૂરાભાઈ શાહ ચૈત્ર સુદ ૯ ના રોજ સ્વર્ગવાસ પામી ગયા. વર્ષોથી તેઓ ગુરુદેવના પરિચયમાં હતા, ને ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો. દેવ–ગુરુ–ધર્મની ભક્તિના પ્રતાપે આગળ વધીને તેઓ આત્મહિત સાધે–એમ ઈચ્છીએ છીએ.

* મુંબઈમાં શેઠ શ્રી જગજીવન ઉજમશીના સુપુત્ર ડો. કાન્તિલાલ જગજીવન શેઠ (જેઓ શ્રી આનંદભાઈ જસાણીના બનેવી થાય છે તેઓ) તા. ૩–૪–૬૫ ના રોજ સ્વર્ગવાસ પામી ગયા. તેઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મનું શરણ પામીને આત્મહિત પામે એમ ઈચ્છીએ છીએ. આ વૈરાગ્યપ્રસંગે શ્રી અનુબહેન પણ ધૈર્ય રાખીને વૈરાગ્યમાર્ગ આત્મહિતના પંથે વળે–એમ ઈચ્છીએ છીએ.

* વાંકાનેરના ભાઈશ્રી છગનલાલ ભાઈચંદ શેઠના ધર્મપત્ની શ્રી હેમકુંવરબેન ગત માસમાં વાંકાનેર મુકામે સ્વર્ગવાસ પામી ગયા. તેઓ વાત્સલ્યવંત હતા ને ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. તેમના જવાથી વાંકાનેર મુમુક્ષુમંડળને ખોટ પડી છે. તેઓ દેવગુરુધર્મના પ્રતાપે આત્મહિત પામે એ જ ભાવના.




卐

## ( રાજકોટ તા. ૨૫-૪-૬૫ )

* રાજકોટ શહેરમાં પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. સવારે તથા બપોરે સમયસાર–કલશ ઉપર અધ્યાત્મરસભીનાં પ્રવચનો ચાલે છે; રાત્રે તત્ત્વચર્ચા ચાલે છે –જેમાં વિવિધ પ્રશ્નોની છણાવટ થાય છે. હજારો જિજ્ઞાસુઓ લાભ લઈ રહ્યા છે. પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવની ઉત્સાહભરી તૈયારીઓ ચાલી રહી છે.

* ચૈત્ર સુદ પૂનમના રોજ પૂ. ગુરુદેવ જામનગર શહેર મુરબ્બી શ્રી વીરજીભાઈને દર્શન દેવા પધાર્યા હતા. ગુરુદેવના પધારવાથી વીરજીભાઈને ઘણો પ્રમોદ થયો હતો. ( તેઓ હાલ પથારીવશ છે. ) જામનગર જિનમંદિરમાં શ્રી મહાવીરાદિ ભગવંતોના દર્શન કરીને તુરત પૂ. ગુરુદેવ રાજકોટ પધાર્યા હતા.

* ચૈત્ર વદ પાંચમ શ્રીમદ્રાજચંદ્રજીના સમાધિમરણનો દિવસ છે, રાજકોટમાં નદીકિનારે તેમનું સમાધિસ્થાન છે; તે દિવસે પૂ. ગુરુદેવ અને પાંચસો જેટલા મુમુક્ષુ ભાઈ–બહેનો સમાધિમંદિરે ગયા હતા, ને ત્યાં વૈરાગ્યભાવનાપૂર્વક શ્રીમદ્‌ના કાવ્યો ( ધન્ય રે દિવસ આ અહો ! ....તથા ઈચ્છે છે જે જોગીજન એ બે કાવ્યો ) પૂ. બેનશ્રીબેને ગવડાવ્યા હતા. સવારે પ્રવચનમાં શ્રીમદ્રાજચંદ્રજીના જીવન ઉપર પ્રકાશ પાડીને “તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય” એ શ્રીમદ્‌ના વચન ઉપર વિવેચન કર્યું હતું.

* ચૈત્ર વદ છઠ્ઠે પૂ. ગુરુદેવ ‘કાઠિયાવાડ–નિરાશ્રિત બાલાશ્રમ’ ની મુલાકાતે પધાર્યા હતા. ત્યાં બે–ચાર દિવસથી માંડીને પંદર વર્ષ સુધીના સેંકડો નિરાધાર બાળકોને જોતાં ગુરુદેવે લાગણીથી કહ્યું હતું કે અરે, સંસારની આ સ્થિતિ જોઈને તો વૈરાગ્ય આવી જાય એવું છે. જન્મ દેનારા માતાપિતા પણ જ્યાં શરણરૂપ નથી થતા એવો આ અશરણ સંસાર ! તેમાં જ્યાંસુધી આત્માની ઓળખાણ ન કરે ત્યાંસુધી જીવની આ

જ સ્થિતિ છે. આત્માની સમજણ કરવી તે જ આ સંસારથી છૂટવાનો ઉપાય છે. અહીં ગુરુદેવે ઘણી સુગમ શૈલીથી બાલોપયોગી બોધ આપ્યો હતો ને કહ્યું હતું કે "એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ; કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ" અહીંના બાળકો માટે 'જૈનબાળપોથી' આપવામાં આવી હતી.

* રાજકોટના સમવસરણમાં તથા માનસ્તંભમાં બિરાજમાન થનારા ભગવંતોના જિનબિંબો ચૈત્ર વદ આઠમે જયપુરથી આવી પહોચતાં ઉલ્લાસપૂર્વક તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

* તા. ૨૨–૪–૬૫ના રોજ શ્રી રાજકોટ દિ. જૈનસંઘ તેમજ બહારગામના અનેક દિ. જૈન ભાઈ–બહેનોની એક ખાસ સભામાં, શ્રી સમ્મેદશિખરજી–તીર્થધામ સંબંધમાં બિહાર સરકાર અને શ્વેતાંબર જૈનસમાજ વચ્ચે એકપક્ષી કરાર થયેલ છે અને જે દિ. જૈનસમાજમાં હક્કોને અન્યાયકર્તા છે–તેના વિરોધનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો, તથા માનનીય રાષ્ટ્રપતિ, વડાપ્રધાન વગેરેને તે ઠરાવ મોકલી આપવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્રભરમાં, તેમજ ગુજરાત મુંબઈ અને ભારતના ઘણા સ્થળોએથી આ પ્રકારના વિરોધના ઠરાવો કરવામાં આવ્યા છે. સમ્મેદશિખર તીર્થના પ્રતાપે આ પ્રશ્નનો તુરતમાં યોગ્ય નીવેડો આવી જાય–એવી આશા રાખીએ. ( પ્રસ્તાવ નીચે મુજબ છે– )

## राजकोट के दिगम्बर जैन समाज की जनरल सभा में पारित प्रस्ताव

सौराष्ट्र प्रान्तके पाटनगर राजकोट की समस्त दिगम्बर जैन समाजकी यह जनरल सभा यह प्रस्ताव पारित करती है कि बिहार सरकार तथा श्वेताम्बर जैन समाजके मध्य जो शाश्वत तीर्थधाम श्री सम्मेदशिखरजी [ पार्श्वनाथहिल ] के बारे में इकरार नामा हुआ है वह एकपक्षीय तथा–अन्यायपूर्ण है।

बिहार सरकारने दिगम्बर जैन समाजके प्रतिनिधि मंडलको यह विश्वास और आश्वासन दिया था की पार्श्वनाथ पर्वतके बारे में जो भी समझौता जैनों के साथ किया जाएगा उस में दिगम्बर जैन समाज के हको का ख्याल रखा जाएगा तथा समान प्रतिनिधित्व दिया जाएगा। लेकिन उसके विपरीत उस ईकरार नामे में दिगम्बर जैन समाज के अधिकारों व स्थापित हकोंका कोई भी उल्लेख नही किया गया है। और न दिगम्बर जैन समाज को पक्षकार ही बनाया गया है जैसे के दिगम्बर जैन समाज को ईस पर्वत से तथा उसकी पवित्रता से कोई संबंध ही न हो। यहां तक कि दिगम्बर समाज का ईकरार नामा में कही भी नामोल्लेख तक नहीं है बल्कि श्वेताम्बर समाज के जो एक नहीं थे उन्हे मान्य

किया गया है। यह बहुत ही शोचनीय व दुःख की बात है।

श्वेताम्बर समाजने जो आन्दोलन किया था परंतु ईकरार नामा करते समय सिर्फ अपने ही नाम का उल्लेख कराया है और अपने मतलब की ही सब बातें लिखवा ली है। यह श्वेताम्बर समाज का दिगम्बर जैन समाज के प्रति अन्याय है। उनका यह कार्य जैन समाज की एकता का घातक है। लोकशाही सरकारके जमाने में भी बिहार सरकारने यह अन्याय कोग्रेंस के कतिपय वरिष्ठ महानुभावों के दबाव में आकार किया है यह बात जाहिर है।

अतः यह सभा दिगम्बर जैन समाज के साथ जो अन्याय हुवा हे उस पर खेद प्रगट करती हुई बिहार सरकार तथा श्वेताम्बर समाज से आग्रहपूर्वक निवेदन करती है कि उक्त ईकरारनामा में शीघ्र ही उचित सुधार करदे जिस से दिगम्बर जैन समाज के प्रति अन्याय व असन्तोष दूर हो। साथ ही आज की यह सभा भारतीय दिगम्बर जैन तीर्थक्षेत्र कमेटी से अनुरोध करती है कि यदि बिहार सरकार तथा श्वेताम्बर समाज यह अन्याय दूर न करे तो अपने न्यायपूर्ण अधिकारों के लिए व ठोस प्रयत्न व उचित कानूनी कार्यवाही करे।

साथ ही साथ आज की यह सभा समस्त भारत की दिगम्बर जैन संस्थाओं एवं 'समाज से अपील करती है यह समाज के जीवन मरणका प्रश्न है अतएव इस एकपक्षीय ईकरार नामे का देशव्यापी विरोध करें।

दिनांक २२–४–१९६५ रामजी माणेकचंद दोशी


श्री जैन दिगम्बर मंदिर, राजकोट प्रमुख श्री दिगम्बर जैन संघ

## શુદ્ધિ

**આ અંકના પૃ. ૯ માં બીજા હેડીંગમાં "શું કેવું ?" ને બદલે "શું કરવું ?" વાંચવું ?**




# "મને હવે ગમે નહિ સંસાર.... મારે જાવું પેલે પાર"



સ્થા. દીક્ષાપ્રસંગે હાથી ઉપરના વરઘોડાનું એક દૃશ્ય (ઉમરાળા : સં. ૧૯૭૦ માગશર સુદ ૯)

હાથી ઉપર બેસવા જતાં ગુરુદેવનું વસ્ત્ર ફાટયું હતું; – તે દ્વારા કુદરત જાણે કે એમ સૂચવતી હતી કે આ વસ્ત્રસહિત મુનિદશાનો માર્ગ– તે તમારો માર્ગ નથી; તમારો ખરો માર્ગ તો જેમાં વસ્ત્રરહિત મુનિદશા છે એવી દિગંબરવૃત્તિનો છે. એ જ માર્ગે તમારે જવાનું છે.


આત્મધર્મ
૭૬ મી જયંતી અંક
મંગલ વધાઈ
આત્મ ધર્મ
રજીસ્ટર્ડ નં. G. 182
ગોહિલ